વર્ષઃ 6 અંકઃ 17

1-15 માર્ચ, 2026 (નિઃશુલ્ક)

ન્યૂ ઈન્ડિયા સમાચાર



રાષ્ટ્રની 'પ્રગતિ'

યોજનાઓમાં ગતિ

વિકસિત ભારત @ 2047, એક રાષ્ટ્રીય સંકલ્પ, એક સમયબદ્ધ લક્ષ્ય છે અને રાષ્ટ્રીય હિતમાં આ લક્ષ્યની પ્રાપ્તિ માટે 'પ્રગતિ' મંચ બન્યું એક મજબૂત આધારસ્તંભ...

ઈ-કોપી માટે QR સ્કેન કરો

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ : 10 માર્ચ સ્થાપના દિવસ

કર્તવ્ય પ્રત્યે અતૂટ સમર્પણ

વીતેલા 57 વર્ષોમાં કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) એ રાષ્ટ્રીય સુરક્ષામાં સ્વર્ણિમ માપદંડો સુનિશ્ચિત કર્યા છે. 'સુરક્ષા કવચ' કહેવાતા CISF ના જવાનો દેશના મહત્વપૂર્ણ પ્રતિષ્ઠાનો સહિત પોર્ટ, એરપોર્ટ, મેટ્રો સહિત અનેક સ્થળોએ દૈનિક એક કરોડથી વધુ લોકોની અવરજવરને દરેક જોખમથી સુરક્ષિત રાખે છે...

- દેશના ઔદ્યોગિક, શૈક્ષણિક વિકાસ અને સુચારૂ સંચાલનમાં CISF જવાનોનું યોગદાન મહત્વપૂર્ણ છે.
- દેશના નવા સંસદ ભવનની સુરક્ષાની જવાબદારી પણ CISF જવાનો સંભાળી રહ્યા છે.
- વિનય અને સંયમ સાથે કોઈપણ ભૂલ વગર CISF જવાનો દિલ્હી મેટ્રોમાં પ્રતિદિન 70 લાખથી વધુ મુસાફરોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરે છે.

250 પોર્ટની સુરક્ષા જવાબદારી પણ સંભાળે છે.

> કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળના તમામ કર્મીઓને સ્થાપના દિવસની હાર્દિક શુભેચ્છાઓ. આ દળ પોતાની વ્યાવસાયિકતા, સમર્પણ અને સાહસ માટે જાણીતું છે. આ દળ આવશ્યક પાયાની માળખાગત સુવિધાઓનું રક્ષણ કરતા અને દરરોજ અગણિત લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરીને આપણી સુરક્ષા પ્રણાલીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કર્તવ્ય પ્રત્યે તેમનું અતૂટ સમર્પણ ખરેખર પ્રશંસનીય છે.
>
> - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

ન્યૂ ઈન્ડિયા
સમાચાર

વર્ષ: 6 | અંક: 17 | 1-15 માર્ચ, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ

13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.

https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia

અંદરના પાનાં પર...

પ્રગતિ @50

સમયબદ્ધ વિકાસની અદભૂત યાત્રા...

કવર સ્ટોરી

માર્ચ 2015માં બનેલા 'પ્રગતિ' મંચે વીતેલા એક દાયકાની યાત્રામાં 50 બેઠકો કરીને 85 લાખ કરોડ રૂપિયાથી વધુની 382 પરિયોજનાઓને ગતિ આપી છે. આ અનોખી પહેલથી દેશના વિભિન્ન રાજ્યોમાં કરોડો રૂપિયાની અટકી ગયેલી - ભટકી ગયેલી અને લટકી ગયેલી પરિયોજનાઓ એક પછી એક ઝડપથી પૂરી થઈ રહી છે. આનાથી 140 કરોડ નાગરિકોનો વિકાસ... | 12-31

સેવા તીર્થ અને કર્તવ્ય ભવન

સેવા તીર્થ અને કર્તવ્ય ભવન ફક્ત ઈમારતો નથી, પરંતુ કાર્ય સંસ્કૃતિમાં પરિવર્તનના પ્રતીકો છે, જ્યાં ભાવના નિયમની નહીં, પરંતુ સેવાની છે.. | 7-9

રાષ્ટ્રગીતના બધા 6 શ્લોક ગાઓ...

સમય: 3 મિનિટ 10 સેકન્ડ

કેન્દ્ર સરકારે રાષ્ટ્રગીત વંદે માતરમના સન્માન અંગે નવી સૂચનાઓ જાહેર કરી... | 10-11

સમાચાર સાર | 4-5

વ્યક્તિત્વ : રાઈફલમેન સંજય કુમાર
દુશ્મનના હથિયારથી જ કર્યો તેમનો સફાયો | 6

કનેક્ટિવિટીને ગતિ અને શહેરી પડકાર કોષ શરૂ કરવાને મંજૂરી
કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો | 32-34

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો મંત્ર : અભ્યાસ અને કળા બંને ઉપયોગી
'પરીક્ષા પે ચર્ચા 2026' એપિસોડ-2 માં પીએમ મોદીએ બાળકો સાથે કરી વાતચીત | 35-37

હવે આગળ વધીને નેતૃત્વ કરશે ભારત
રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવમાં પીએમ મોદીનો જવાબ | 38-41

ઈટી નાઉ સમિટ 2026 : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સંબોધન
...તેથી આખી વ્યવસ્થા બદલવા માટે કામ કર્યું | 42-43

સુરક્ષા અને વિકાસનો નવો અધ્યાય
પીએમ મોદીએ આસામ પ્રવાસ પર આપી વિકાસની ભેટ | 44-45

ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ-એક્સપો 2026
નવા વિચાર, નવસર્જન અને ઈરાદાઓનો સશક્ત સંગમ | 46-47

...જેથી વિકાસની પ્રેરક શક્તિ બને નેતૃત્વ કરે અડધી આબાદી
આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર વિશેષ | 48-51

મૈત્રીથી બ્રૂહાત્મક ભાગીદારી સુધી
પીએમ મોદીની બે દિવસીય મલેશિયા યાત્રા પર થયેલી મહત્વપૂર્ણ સમજૂતી | 52-53

ભારત-અમેરિકા વ્યાપાર સમજૂતીથી ખુલી નવી તકો
વિશ્વની બે સૌથી મોટી લોકશાહી અને આર્થિક શક્તિઓ વચ્ચે થયેલી સમજૂતી | 54-56

પ્રકાશક અને મુદ્રક: કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર- 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

સંપાદકની કલમે...

‘પ્રગતિ’

વિકાસની ગતિનું પરિવર્તનકારી મંચ

સાદર નમસ્કાર.

જન શક્તિ કોઈપણ સરકારની શક્તિ કરતાં વધુ મહત્વની હોય છે. પરંતુ એવામાં નાગરિકોની સુવિધા માટે શરૂ કરવામાં આવેલી કલ્યાણકારી યોજનાઓ જો સમયસર સાકાર ન થાય તો તેની સીધી અસર રાષ્ટ્રની પ્રગતિ પર પડે છે. એક સમય હતો જ્યારે પરિયોજનાઓ શરૂ તો થતી હતી પરંતુ પૂરી થઈ શકતી નહોતી. સંબંધિત વિભાગો અને અન્ય હિતધારકો વચ્ચે સંકલનના અભાવે ન તો સમસ્યાઓનું નિરાકરણ આવતું હતું અને ન તો યોગ્ય મોનિટરિંગ થતું હતું. આ કારણે વિકાસની ગતિ થંભી જતી હતી અને પરિયોજનાઓનો ખર્ચ સતત વધતો રહેતો હતો. આવા સંજોગોમાં વર્તમાન કેન્દ્ર સરકારે માર્ચ 2015માં ટેકનોલોજી પર આધારિત એક એવા બહુઆયામી મંચ- પ્રગતિ (પ્રો-એક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઈમલી ઈમ્પ્લીમેન્ટેશન) ની પહેલ કરી જે વિતેલા એક દાયકાની યાત્રામાં ગેમચેન્જર બની ગઈ છે. પ્રગતિ મંચ પર આવતી તમામ પરિયોજનાઓની સમીક્ષા સ્વયં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરે છે, જેમાં સંબંધિત વિભાગ, મંત્રાલય, રાજ્યના અધિકારીઓ અને તમામ હિતધારકો સામેલ થાય છે. અહીં સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ લાવીને પરિયોજનાઓને ગતિ આપવામાં આવે છે.

અંતિમ દસ વર્ષોમાં આ મંચે નિરંતર સમીક્ષા, સમયબદ્ધ અમલીકરણ અને સ્પષ્ટ દિશાથી દેશના વિકાસને ગતિ આપી છે. હાલમાં જ પ્રગતિની 50મી બેઠક સંપન્ન થઈ. અત્યાર સુધી આ મંચે 85 લાખ કરોડ રૂપિયાથી વધુની લાગત વાળી 382 રાષ્ટ્રીય સ્તરની પરિયોજનાઓને નવી સ્પીડ અને સ્કેલ આપ્યો છે. પ્રગતિ મંચ આજે સમયસર પૂર્ણ થતાં કાર્યોનો પર્યાય બની ગયું છે. ઓક્સફોર્ડની સેદ બિઝનેસ સ્કૂલે પણ પોતાના અભ્યાસમાં આ પહેલને પરિવર્તનકારી ગણાવી છે. વિકસિત ભારતના સંકલ્પની સિદ્ધિની દિશામાં ‘પ્રગતિ’ની પ્રાસંગિકતા ઘણી વધી ગઈ છે. આ જ વિષય આ વખતના અમારા અંકની આવરણ કથા બની છે.

આ ઉપરાંત વ્યક્તિત્વની કડીમાં પરમવીર ચક્રથી સન્માનિત રાઈફલ મેન સંજય કુમાર, ભારત-અમેરિકા વચગાળાના વેપાર કરાર પર વિશેષ સામગ્રી, રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જવાબનો સંપાદિત અંશ, તેમની મલેશિયા મુલાકાત, પરીક્ષા પે ચર્ચા સહિત પખવાડિયા દરમિયાનના કાર્યક્રમોને સામેલ કરવામાં આવ્યા છે.

સાથે જ, પત્રિકાના ઈનસાઈડ પેજ પર 10 માર્ચે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળના સ્થાપના દિવસ અને બેક કવર પર 15 માર્ચે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ પર વિશેષ સામગ્રી સમાવિષ્ટ છે.

આપ આપના સૂચનો અમને મોકલતા રહો.

(ધીરેન્દ્ર ઓઝા)

હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.

https://newindiasamachar.pib.gov.in/news.aspx

આપની વાત...

પત્રિકામાં આપેલ સામગ્રી ખૂબ જ પ્રેરક, વાંચીને આનંદ થયો

ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા વાંચીને ખૂબ આનંદ થયો. આ પત્રિકામાં સામેલ માહિતી ખૂબ જ સારી છે. સાથે જ ભારતના લોકોને વધુ નજીક લાવવા માટે આપનો આભાર. આમાં સામેલ સામગ્રી પણ ખૂબ જ પ્રેરણાદાયી લાગી. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાના સમાચાર ઉપયોગી છે. આ પત્રિકા ખૂબ જ સારી રીતે ડિઝાઈન કરવામાં આવી છે.

શ્રીકૃષ્ણ મંડળ

દેશના વિકાસ માટે કરવામાં આવી રહેલી પહેલોની સાચી જાણકારી

વિશેષ અને મહત્વપૂર્ણ જાણકારી આપતી પત્રિકા પ્રકાશિત કરવા બદલ ન્યૂ ઈન્ડિયા સમાચારની આખી ટીમને ધન્યવાદ આપું છું. હું ઈચ્છું છું કે નાગરિકોને સારી રીતે માહિતગાર કરવાના તમારા પ્રયત્નોમાં તમને સતત સફળતા મળે. આ પત્રિકા વાંચવાથી યુવાનોને સરકારી પોલિસી અને દેશના વિકાસ માટે કરવામાં આવી રહેલી પહેલોની સ્પષ્ટ અને સાચી સમજ મળે છે.

thirubjp2020@gmail.com

ભારત સરકારની યોજનાઓ વિશે વિગતવાર અને ભરોસાપાત્ર જાણકારી

ન્યૂ ઈન્ડિયા સમાચાર એક ઉત્કૃષ્ટ પત્રિકા છે જે ભારત સરકારની વિવિધ પહેલો અને યોજનાઓ વિશે વિગતવાર અને ભરોસાપાત્ર જાણકારી આપે છે. મને આની સામગ્રી (કન્ટેન્ટ) ખૂબ જ માહિતીપ્રદ અને ઉપયોગી લાગી. ભારત ભાગ્યશાળી રહ્યું છે કે તેને આટલા મજબૂત અને જવાબદાર પ્રધાનમંત્રી મળ્યા છે જે તમામ જવાબદારીઓ સારી રીતે નિભાવી રહ્યા છે. ન્યૂ ઈન્ડિયા સમાચાર આ બાબતોને નાગરિકો સામે સ્પષ્ટ રીતે રજૂ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, જે ખરેખર પ્રશંસાને પાત્ર છે.

ચૌહાણ મોહિત

mohit.cm1326@gmail.com

લેખ અને રિપોર્ટ ખૂબ જ પ્રેરક

હમણાં જ ન્યૂ ઈન્ડિયા સમાચારનો અંક વાંચી રહ્યો હતો. આમાં જે લેખ અને રિપોર્ટ વાંચ્યા તે ખૂબ જ પ્રેરક લાગ્યા. સાથે જ, એ પણ કહેવું છે કે ન્યૂ ઈન્ડિયા સમાચાર દર વખતે ખૂબ જ માહિતીપ્રદ અને રસપ્રદ લાગે છે.

એચ. શર્મા

hsonai@hotmail.com

પરીક્ષાની તૈયારીમાં ખૂબ જ મદદરૂપ

હું સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી કરી રહ્યો છું. હું ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાનો નિયમિત વાચક છું. આ પત્રિકા મારી પરીક્ષાની તૈયારીમાં ખૂબ જ મદદરૂપ સાબિત થઈ રહી છે. તે વિદ્યાર્થીઓને શીખવા માટે પ્રેરિત કરે છે. આ પત્રિકાના માધ્યમથી અભ્યર્થિઓને ભારતના વિકાસ અને પ્રગતિ વિશે જાણકારી મેળવવામાં ઘણી મદદ મળે છે. આમાં પ્રકાશિત લેખો સરળ ભાષામાં હોય છે.

મોહિત મૌર્ય

studentindia72@gmail.com

પત્રવ્યવહાર અને ઈમેઈલ માટેનું એડ્રેસઃ રૂમ નં - 1077,
સુચના ભવન, સીજીઓ કોમ્પ્લેક્ષ, નવી દિલ્હી- 110003
ઈમેઈલ - response-nis@pib.gov.in

Akashvani

ન્યૂ ઈન્ડિયા સમાચારને આકાશવાણીના એફએમ ગોલ્ડ પર દર શનિવાર-રવિવાર બપોરે 3.10થી 3.25 સુધી સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

સમાચાર સાર

અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાન, નવી દિલ્હીમાં

મળી શકશે કેશલેસ સારવાર

નવી દિલ્હી સ્થિત અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાન (AIIA) માં હવે જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલ હેઠળ આવતી તમામ 32 જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓના મેડિક્લેમ હેઠળ દર્દીઓને કેશલેસ સારવારની સુવિધા મળી શકશે. સંસ્થાએ ફેબ્રુઆરીના પ્રથમ પખવાડિયામાં આ માટે જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલ સાથે એક કરાર કર્યો છે.

AIIA ના ડાયરેક્ટર પ્રો. (વૈદ્ય) પી. કે. પ્રજાપતિએ જણાવ્યું હતું કે આ પહેલથી આયુર્વેદિક આરોગ્ય સેવાઓ લોકો સુધી વધુ સરળતાથી અને ઓછા ખર્ચે પહોંચશે. તેનાથી દર્દીઓનો વિશ્વાસ વધશે અને તેમને વધુ સારો લાભ મળશે. આયુષ મંત્રાલયે પ્રથમ વખત, લાભાર્થીઓને વીમાને લગતા પ્રશ્નોના જવાબ આપવા અને આયુષ વીમા કવરેજ વિશે જાગૃતિ વધારવા માટે આયુષ હેલ્થ ઈન્શ્યોરન્સ હેલ્પલાઈન 1800-11-0008 શરૂ કરી છે.

સાયબર ગુનેગારોથી

8,000 કરોડ રૂપિયાથી વધુ બચાવ્યા

દેશમાં ડિજિટલ સેવાઓ વધવાની સાથે સાથે ઓનલાઈન છેતરપિંડીની પણ નવી નવી રીતો શોધવામાં આવી રહી છે. આ જ કારણ છે કે વધતી જતી સાયબર છેતરપિંડીથી નાગરિકોને બચાવવા માટે સરકારે અનેક સ્તરે પ્રયાસો કર્યા છે. આ દિશામાં ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) શરૂ કરવામાં આવ્યું છે. I4C હેઠળ તમામ પ્રકારના સાયબર ગુનાઓની જાણ કરવા માટે રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (https://cybercrime.gov.in) ની સાથે સિવિલ ફાઈનાન્સિયલ સાયબર ફ્રોડ રિપોર્ટિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ (CFCFRMS) 2021 માં શરૂ કરવામાં આવી હતી. આ મુજબ, 31 ડિસેમ્બર, 2025 સુધીમાં દેશમાં 23.61 લાખથી વધુ ફરિયાદોમાં 8,189 કરોડ રૂપિયાથી વધુની રકમ બચાવવામાં આવી છે. ઓનલાઈન સાયબર ફરિયાદો નોંધાવવામાં મદદ કરવા માટે ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર '1930' પણ ચલાવવામાં આવી રહ્યો છે.

ભારત કરશે 6-જી માં વિશ્વનું નેતૃત્વ

ભારત હવે ટેકનોલોજીની બાબતમાં અનુસરણકર્તા નહીં પણ વૈશ્વિક સ્તર પર નેતૃત્વકર્તા તરીકે ઉભરી રહ્યું છે. ભારતની સંચાર ક્રાંતિ હવે માત્ર મહાનગરો પૂરતી મર્યાદિત નથી પરંતુ ગામડાઓ સુધી પહોંચી રહી છે, જેનાથી નાગરિકોના જીવન, શિક્ષણ, આરોગ્ય અને આજીવિકાના સ્તરોમાં પરિવર્તન આવ્યું છે. સંચાર અને પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ સંસદમાં જણાવ્યું હતું કે ભારતે 4-જી માં વિશ્વનું અનુસરણ કર્યું, 5-જી માં વિશ્વની સાથે કદમ મિલાવ્યા અને 6-જી માં વિશ્વનું નેતૃત્વ કરશે.

ભારતે વિશ્વમાં સૌથી ઝડપી ગતિએ 5-જી સેવા શરૂ કરી છે. માત્ર 22 મહિનામાં દેશના 99.9 ટકા જિલ્લાઓમાં 5-જી સેવાઓ શરૂ થઈ ચૂકી છે. દેશમાં અત્યારે 40 કરોડ નાગરિકો 5-જી થી લાભાન્વિત છે, વર્ષ 2030 સુધીમાં 1 અબજ નાગરિકોને 5-જી કનેક્ટિવિટીની સુવિધા મળશે.

ભારતની ઝળકતી ક્રિકેટ પ્રતિભાઓ

ભારતનું સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ વિતેલા દાયકામાં ઘણું મજબૂત થયું છે. ભલે તે આઈસીસી મહિલા વિશ્વ કપ 2025 હોય, દ્રષ્ટિબાધિત મહિલા ટી-20 વિશ્વ કપ હોય, આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી હોય કે એશિયા કપ 2025 જીતવાની વાત હોય, આપણા ખેલાડીઓ વૈશ્વિક સ્તરે પોતાનું નામ રોશન કરી રહ્યા છે. નવું ગૌરવ અંડર-19 ક્રિકેટ ટીમે અપાવ્યું છે, જેણે રેકોર્ડબ્રેક છઠ્ઠી વખત વન-ડે વિશ્વ કપ જીત્યો છે. આ જીત ઝિમ્બાબ્વેના હરારેમાં હાંસલ કરી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટીમને જીત બદલ અભિનંદન પાઠવ્યા અને કહ્યું, "વિશ્વ કપ ઘરે લાવવા માટે અમારી U-19 ટીમ પર ગર્વ છે. ટીમે આખી ટૂર્નામેન્ટમાં ખૂબ જ સારું પ્રદર્શન કર્યું છે અને અસાધારણ કૌશલ્ય બતાવ્યું છે. આ જીત અનેક યુવા ખેલાડીઓને પણ પ્રેરિત કરશે. ખેલાડીઓને ભવિષ્યના પ્રયાસો માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ." ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને પણ યુવા ચેમ્પિયનોને અભિનંદન પાઠવ્યા હતા.

ભારતીય અંતરિક્ષ સ્ટેશન તરફ વધતા કદમ...

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઈસરો) એ ભારતીય અંતરિક્ષ સ્ટેશનના પાંચ મોડ્યુલ ધરાવતી સમગ્ર સંરચના તૈયાર કરી લીધી છે. સમીક્ષા બાદ તેના પ્રથમ મોડ્યુલને મંજૂરી આપવામાં આવી છે. વર્ષ 2028 સુધીમાં ભારતીય અંતરિક્ષ સ્ટેશન (BAS-01) ના પ્રથમ મોડ્યુલના વિકાસ અને પ્રક્ષેપણની તૈયારીઓ ચાલુ છે. ઈસરોના વિવિધ કેન્દ્રોમાં BAS-01 ની સંપૂર્ણ સિસ્ટમ એન્જિનિયરિંગ અને તેની અલગ-અલગ સબ-સિસ્ટમ્સના ટેકનિકલ વિકાસનું કાર્ય પ્રગતિમાં છે. ભારતીય અંતરિક્ષ સ્ટેશન અદ્યતન જીવન-રક્ષક પ્રણાલીઓ અને આધુનિક તકનીકોથી સજ્જ હશે. તે પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં લાંબા સમય સુધી માનવ વસવાટને શક્ય બનાવશે. આના માધ્યમથી અદ્યતન વૈજ્ઞાનિક સંશોધન અને નવી ટેકનોલોજીનું પરીક્ષણ કરી શકાશે, જેની સમાજ અને અર્થતંત્ર પર સકારાત્મક અસર પડી શકે છે. સાથે જ તે પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષાથી આગળના ભારતીય માનવ અંતરિક્ષ અભિયાનોને પણ સહયોગ આપશે. સરકારે અગાઉના મિશન, BAS-1 ના વિકાસ અને પ્રક્ષેપણને ગગનયાન કાર્યક્રમના સંશોધિત દાયરામાં સામેલ કરીને તેનું બજેટ વધારીને 20,193 કરોડ રૂપિયા કરી દીધું છે.

260 વંદે ભારત સ્લીપર ટ્રેન સેટ બનશે, તબક્કાવાર રીતે સેવામાં આવશે

ભારતીય રેલ્વે સતત આધુનિક થઈ રહી છે. તે વાર્ષિક 720 કરોડથી વધુ મુસાફરોની અવરજવરનું સંચાલન કરે છે. વંદે ભારત, નમો ભારત અને અમૃત ભારત ટ્રેનના રૂપમાં સેવાઓ સતત ઉમેરવામાં આવી રહી છે. આ જ શ્રેણીમાં, તાજેતરમાં વંદે ભારત સ્લીપર ટ્રેનની શરૂઆત કરવામાં આવી છે. સરકાર તેના વિસ્તરણની યોજના પર કામ કરી રહી છે. કેન્દ્રીય રેલ્વે, માહિતી અને પ્રસારણ તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે સરકાર સુરક્ષિત, ભરોસાપાત્ર અને આરામદાયક વંદે ભારત સ્લીપર ટ્રેન સેટ તૈયાર કરી રહી છે. વંદે ભારત સ્લીપર ટ્રેન નિર્માણ કાર્યક્રમને BEML અને ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી તથા ટેકનિકલ ભાગીદારો દ્વારા પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ, પરીક્ષણ અને શ્રેણીબદ્ધ ઉત્પાદન દ્વારા તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવી રહ્યો છે. કુલ 260 રેક નિર્માણની યોજના છે, જેને માંગ અને કામગીરીની તૈયારીના આધારે તબક્કાવાર રીતે સેવામાં ઉતારવામાં આવશે.

દુશ્મનના હથિયારથી જ તેમનો સફાયો કર્યો

(જન્મ: 3 માર્ચ 1976)

અસાધારણ વીરતા માટે પરમવીર ચક્રથી સન્માનિત રાઈફલમેન સંજય કુમારે કારગિલ યુદ્ધ દરમિયાન અદમ્ય શૌર્યનું પ્રદર્શન કરતા દુશ્મનને તેના જ હથિયારથી ધૂળ ચટાડી હતી. લોહીલુહાણ થવા છતાં આ વીર જવાને રણભૂમિ પરથી પાછા આવવાનો ઈનકાર કરી દીધો હતો. તેઓ ત્યાં સુધી દુશ્મનો સામે લડતા રહ્યા, જ્યાં સુધી 'પોઈન્ટ ફ્લેટ ટોપ' ને દુશ્મનોથી સંપૂર્ણપણે ખાલી ન કરાવી દીધો...

હિમાચલ પ્રદેશના બિલાસપુર જિલ્લાના કલોલ બકૈંણ ગામમાં 3 માર્ચ 1976ના રોજ જન્મેલા સંજય કુમાર ત્રણ બહેનો અને બે ભાઈઓમાં સૌથી નાના હતા. તેઓ બાળપણથી જ સેનામાં જવાનું સપનું સેવતા હતા. 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં સામેલ રહેલા તેમના કાકા અને સેનામાં ભરતી થયેલા અન્ય ગામવાસીઓ દ્વારા સાંભળવા મળેલી યુદ્ધની વીરતાપૂર્ણ ગાથાઓએ તેમને સેનામાં જોડાવવા માટે પ્રેરિત કર્યા. દૃઢ નિશ્ચયી સંજય કુમાર આખરે 1996માં સફળ થયા અને જમ્મુ કાશ્મીર રાઈફલ્સની 13મી બટાલિયનમાં એક સિપાહી તરીકે જોડાઈ ગયા.

4 જુલાઈ 1999 ના રોજ 13 જમ્મુ કાશ્મીર રાઈફલ્સની એક કંપનીના લીડિંગ સ્કાઉટમાં સામેલ રાઈફલમેન સંજય કુમારને જમ્મુ-કાશ્મીરની મુશ્કોહ ખીણને દુશ્મનોના ચુંગાલમાંથી છોડાવવા માટે મોકલવામાં આવ્યા. શીર્ષ પર પહોંચ્યા પછી, તેઓ દુશ્મન સેનાના એક બંકર દ્વારા કરવામાં આવી રહેલા ભયાનક ગોળીબારની લપેટમાં આવી ગયા. આમને-સામનેની લડાઈમાં તેમણે ત્રણ ઘૂસણખોરોને ઠાર માર્યા અને પોતે પણ ગંભીર રીતે ઘાયલ થયા. આ કાર્યવાહીથી દુશ્મન સૈનિકો એકદમ સ્તબ્ધ થઈ ગયા અને એક યુનિવર્સલ મશીન ગન છોડીને ભાગવા લાગ્યા. રાઈફલમેન સંજય કુમારે તે યુનિવર્સલ મશીન ગન ઉઠાવી અને ભાગતા સૈનિકો પર ફાયરિંગ શરૂ કરી દીધું, જેનાથી વધુ કેટલાક દુશ્મન સૈનિકો માર્યા ગયા. ખૂબ જ લોહી વહી ગયું હોવા છતાં, તેમણે ત્યાંથી હટવાનો ઈનકાર કરી દીધો. તેમની આ સાહસપૂર્ણ કાર્યવાહીથી તેમના સાથીઓને પ્રેરણા મળી અને તેમણે દુશ્મનો પર હુમલો કરીને અંતે 'ફ્લેટ ટોપ' વિસ્તાર પર કબજો જમાવી લીધો.

ઉચ્ચ કોટિની વીરતા અને અદમ્ય સાહસનું પ્રદર્શન કરવા બદલ રાઈફલમેન સંજય કુમારને યુદ્ધ પછી પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. નાયબ સુબેદાર સંજય કુમારને 2 જુલાઈ 2014 ના રોજ ભારતીય સેનામાં જુનિયર કમિશન્ડ ઓફિસર બનાવવામાં આવ્યા. એટલું જ નહીં, નેશનલ ડિફેન્સ એકેડમીના પ્રશિક્ષક સંજય કુમારને સેના પ્રત્યેના સમર્પણ અને નિષ્ઠા માટે ફેબ્રુઆરી 2022 માં સુબેદાર મેજરના પદ પર બઢતી આપવામાં આવી. તો વર્ષ 2026 માં ભારતીય સેનાએ પ્રજાસત્તાક પર્વ પર તેમને માનદ કેપ્ટન પદથી નવાજ્યા. ■

સેવા અને કર્તવ્યનું 'નવ તીર્થ'

નવી વહીવટી સંસ્કૃતિ અને સુશાસનની દિશામાં ભારત સરકાર દ્વારા વિકસિત 'સેવા તીર્થ' અને 'કર્તવ્ય ભવન' માત્ર ઈમારતો નથી, પરંતુ કાર્ય સંસ્કૃતિમાં આવેલા પરિવર્તનના પ્રતીક છે. આ પરિવર્તન માત્ર સંરચનાનું નથી પણ વિચાર અને કાર્યશૈલીમાં આવેલા બદલાવનું પણ છે, જ્યાં ભાવ 'રાજ'નો નહીં પણ 'સેવા'નો છે. વિજયા એકાદશીના પાવન અવસર પર 13 ફેબ્રુઆરીના રોજ પ્રધાનમંત્રી કાર્યાલયનું નવું સરનામું બન્યું - સેવા તીર્થ. આ જ અવસરે કોમન સેન્ટ્રલ સેક્રેટરિએટના રૂપમાં કર્તવ્ય ભવન-1 અને 2 નું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જે વિકસિત ભારતના સંકલ્પની યાત્રાના નવા પ્રારંભનું સાક્ષી બની ગયું છે...

નવો ભારત યુગ પ્રવર્તક પથ પર અગ્રેસર છે. વિક્રમ સંવત 2082, ફાગણ વદ અગિયારસ (વિજયા એકાદશી), 24 મહા, શક સંવત 1947 જે વર્તમાન કેલેન્ડર મુજબ 13 ફેબ્રુઆરી 2026 છે, આ તારીખ ભારતની વિકાસ યાત્રામાં એક નવી શરૂઆતની સાક્ષી બની. વાસ્તવમાં, વિકસિત ભારતના સંકલ્પ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ જ દિવસે સેવા તીર્થ અને કર્તવ્ય ભવનનું ઉદ્ઘાટન કર્યું. ઉપનિવેશિક શાસનની જરૂરિયાતો અને માનસિકતાને ધ્યાનમાં રાખીને નોર્થ બ્લોક અને સાઉથ બ્લોકનું નિર્માણ થયું હતું. તે સમયે તત્કાલીન વાયસરોયે કહ્યું હતું કે આ સંરચનાઓ બ્રિટિશ સમ્રાટની ઈચ્છાઓને અનુરૂપ બનાવવામાં આવી છે. રાયસીના હિલ્સની પસંદગી એટલા માટે કરવામાં આવી હતી જેથી આ ઈમારતો અન્ય તમામથી ઉપર રહે અને કોઈ તેમની બરાબરીમાં ઊભું ન રહી શકે. રાયસીના હિલ્સની સરખામણીમાં સેવા તીર્થ પરિસર સીધું ધરાતલ સાથે જોડાયેલું છે. જ્યાં સાઉથ અને નોર્થ બ્લોકનું નિર્માણ ઉપનિવેશિક માનસિકતાને લાગુ કરવા માટે કરવામાં આવ્યું હતું, ત્યાં આજે સેવા તીર્થ અને કર્તવ્ય ભવન ભારતના લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે બનાવવામાં આવ્યા છે. આ ભવનોમાંથી લેવામાં આવતા નિર્ણયો 140 કરોડ નાગરિકોની અપેક્ષાઓને આગળ વધારવાનો પાયો બનશે.

સેવા તીર્થ અને કર્તવ્ય ભવનના ઉદ્ઘાટન સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે 21મી સદીનું પ્રથમ ક્વાર્ટર હવે પૂર્ણ થઈ ગયું છે. એ જરૂરી છે કે વિકસિત ભારતનું વિઝન માત્ર નીતિઓ અને યોજનાઓમાં જ નહીં, પરંતુ કાર્યસ્થળો અને ભવનોમાં પણ પ્રતિબિંબિત થાય.

સેવા તીર્થ: અહીં હવે પ્રધાનમંત્રી કાર્યાલય, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને કેબિનેટ સચિવાલય સ્થિત છે. પહેલા આ તમામ અલગ-અલગ સ્થળોએથી સંચાલિત થતા હતા.

કર્તવ્ય ભવન-1 અને 2: આમાં નાણાં, સંરક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, કોર્પોરેટ બાબતો, શિક્ષણ, સંસ્કૃતિ, કાયદો અને ન્યાય, માહિતી અને પ્રસારણ, કૃષિ અને ખેડૂત કલ્યાણ, રસાયણ અને ખાતર તેમજ આદિજાતિ બાબતોના મંત્રાલયોનો સમાવેશ થાય છે.

આ ભવનોમાં છે આધુનિક સુવિધાઓ

બંને ભવન પરિસરોમાં ડિજિટલ રીતે સંકલિત કાર્યાલયો, વ્યવસ્થિત પબ્લિક ઈન્ટરફેસ ઝોન અને સેન્ટ્રલાઈઝ્ડ રિસેપ્શન સુવિધાઓ ઉપલબ્ધ છે. આ પરિસરોમાં રિન્યુએબલ એનર્જી સિસ્ટમ, જળ સંરક્ષણના ઉપાયો અને કચરા વ્યવસ્થાપન ઉકેલોની વ્યવસ્થા છે. આ ભવન પરિસરોમાં એક વ્યાપક સુરક્ષા માળખું પણ સામેલ છે, જેમ કે સ્માર્ટ એક્સેસ કંટ્રોલ સિસ્ટમ, સર્વેલન્સ નેટવર્ક અને એડવાન્સ્ડ ઈમરજન્સી રિસ્પોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર.

> ***સેવા તીર્થ અને કર્તવ્ય ભવન... ભારતના લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે બન્યા છે. અહીંથી જે નિર્ણયો લેવાશે, તે કોઈ મહારાજાની વિચારસરણીને નહીં, પરંતુ 140 કરોડ દેશવાસીઓની અપેક્ષાઓને આગળ વધારવાનો આધાર બનશે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

કર્તવ્યના પાયા પર થશે વિકસિત ભારતનું નિર્માણ

કોટિ-કોટિ દેશવાસીઓના સપનાઓને સાકાર કરવાનો આધાર છે- કર્તવ્ય!
કર્તવ્ય આરંભ છે, કર્તવ્ય આ જીવંત રાષ્ટ્રનો પ્રાણવાયુ છે.
કરુણા અને કર્મઠતાના સ્નેહ-સૂત્રમાં બંધાયેલું કર્મ છે- કર્તવ્ય!
સંકલ્પોની આશા છે- કર્તવ્ય!
પરિશ્રમની પરાકાષ્ઠા છે- કર્તવ્ય!
દરેક સમસ્યાનું સમાધાન છે- કર્તવ્ય, વિકસિત ભારતનો વિશ્વાસ છે- કર્તવ્ય!
કર્તવ્ય સમતા છે, કર્તવ્ય મમતા છે, કર્તવ્ય સાર્વભૌમિક છે, કર્તવ્ય સર્વસ્પર્શી છે.
સૌનો સાથ-સૌનો વિકાસના ભાવમાં પરોવાયેલો મંત્ર છે- કર્તવ્ય!
રાષ્ટ્ર પ્રત્યે સમર્પણનો ભાવ છે- કર્તવ્ય!
દરેક જીવનમાં જ્યોત જગાવી દે, તે ઈચ્છાશક્તિ છે- કર્તવ્ય!
આત્મનિર્ભર ભારતનો ઉલ્લાસ છે- કર્તવ્ય!
ભાવી પેઢીના ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી છે- કર્તવ્ય!
મા ભારતીની પ્રાણ-ઊર્જાનો ધ્વજવાહક છે- કર્તવ્ય!
રાષ્ટ્ર પ્રત્યે ભક્તિ-ભાવથી કરેલું દરેક કાર્ય છે- કર્તવ્ય!
'નાગરિક દેવો ભવ:' ની સાધનાનો જાગૃત પથ છે- કર્તવ્ય!

જે સ્થાનો પરથી દેશનું શાસન ચલાવવામાં આવે છે, તે પ્રભાવશાળી, પ્રેરણાદાયી અને પ્રેરક હોવા જોઈએ. પીએમ મોદીએ જણાવ્યું કે સાઉથ બ્લોક અને નોર્થ બ્લોકમાં જગ્યાની અછત હતી અને સુવિધાઓ મર્યાદિત હતી, લગભગ સો વર્ષ જૂના હોવાને કારણે આ ભવનો અંદરથી જર્જરિત થઈ રહ્યા હતા. સ્વતંત્રતાના દાયકાઓ પછી પણ, ભારત સરકારના અનેક મંત્રાલયો દિલ્હીમાં 50 થી વધુ અલગ-અલગ સ્થળોએથી કાર્યરત હતા.

દર વર્ષે આ મંત્રાલયોના ભવનોના ભાડા પાછળ 1,500 કરોડ રૂપિયા ખર્ચવામાં આવતા હતા, જ્યારે ઓફિસો વચ્ચે અવરજવર કરતા 8,000 થી 10,000 કર્મચારીઓ માટે દૈનિક લોજિસ્ટિક ખર્ચ પણ વહન કરવો પડતો હતો. સેવા તીર્થ અને કર્તવ્ય ભવનના નિર્માણથી આ ખર્ચમાં ઘટાડો થશે અને કર્મચારીઓના સમયની બચત થશે.



નવા પ્રધાનમંત્રી કાર્યાલયનું નામ છે- સેવા તીર્થ.

સેવાની ભાવના જ ભારતનો આત્મા છે, સેવાની ભાવના જ ભારતની ઓળખ છે.
શાસનનો અર્થ સેવા છે, દાયિત્વનો અર્થ સમર્પણ છે.

સેવા તીર્થ, આ માત્ર એક નામ નથી, આ એક સંકલ્પ છે.

સેવા તીર્થ એટલે- નાગરિકની સેવાથી પવિત્ર થયેલું સ્થળ!

સેવાના સંકલ્પને સિદ્ધિ સુધી લઈ જવાનું સ્થળ!

આજે ભારતની સામે પણ વિકસિત ભારતનું લક્ષ્ય છે, આત્મનિર્ભર ભારતનું લક્ષ્ય છે.

આપણે કરોડો દેશવાસીઓને ગરીબીમાંથી મુક્તિ અપાવવાની છે, આપણે દેશને ગુલામીની માનસિકતામાંથી મુક્તિ અપાવવાની છે અને આ કામ સેવાના સામર્થ્યથી જ સિદ્ધ થશે.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

રાષ્ટ્ર સેવા તીર્થ અને કર્તવ્ય ભવન

પીએમ મોદીએ જૂના ભવનને રાષ્ટ્ર માટે એક સંગ્રહાલય તરીકે સમર્પિત કરવાના નિર્ણયની જાહેરાત કરી, જેનાથી તેને યુગે યુગીન ભારત સંગ્રહાલયનો ભાગ બનાવવામાં આવશે. આ ભવન આવનારી પેઢીઓ માટે પ્રેરણાનું કેન્દ્ર બનશે. વર્ષ 2014માં દેશે એ સંકલ્પ લીધો કે હવે સંસ્થાનવાદી માનસિકતા નહીં ચાલે. આ વિચારને બદલવા માટે એક અભિયાન શરૂ કરવામાં આવ્યું, જેના પરિણામે શહીદોના સન્માનમાં રાષ્ટ્રીય સમર સ્મારક અને પોલીસના શૌર્યને માન્યતા આપવા માટે પોલીસ સ્મારકનું નિર્માણ થયું. રેસ કોર્સ રોડનું નામ બદલીને લોક કલ્યાણ માર્ગ કરવામાં આવ્યું.

પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું કે સેવા તીર્થ માત્ર એક નામ નથી પરંતુ એક સંકલ્પ છે- નાગરિકોની સેવાના માધ્યમથી એક પવિત્ર સ્થાન અને સેવાના પ્રણને સિદ્ધિ સુધી લઈ જવાનું એક કેન્દ્ર. તીર્થ શબ્દની વ્યાખ્યા કરતા જણાવ્યું કે તીર્થ તે છે જેમાં તારવાની અને લક્ષ્યોને પ્રાપ્ત કરવાની ક્ષમતા હોય. પાછલાં અગિયાર વર્ષોમાં શાસનનું એક નવું મોડેલ ઉભરીને સામે આવ્યું છે, જ્યાં નિર્ણય પ્રક્રિયાના કેન્દ્રમાં નાગરિકો છે. "નાગરિક દેવો ભવઃ" માત્ર એક શબ્દસમૂહ નથી, પરંતુ તે આપણી કાર્ય-સંસ્કૃતિ છે, જેને આ નવા ભવનોમાં પ્રવેશતી વખતે તમામ અધિકારીઓએ આત્મસાત કરવી જોઈએ.

કરોડો નાગરિકોના જીવનને બનાવશે સરળ

સેવા તીર્થમાં લેવામાં આવતો દરેક નિર્ણય, આગળ વધતી દરેક ફાઈલ અને અહીં વિતાવેલી દરેક ક્ષણ 140 કરોડ નાગરિકોના જીવનને બહેતર બનાવવા માટે સમર્પિત હોવી જોઈએ. પીએમ મોદીએ દરેક અધિકારી, કર્મચારી અને કર્મયોગીને આગ્રહ કર્યો કે જ્યારે પણ તેઓ આ ભવનમાં પગ મુકે, ત્યારે એક ક્ષણ માટે રોકાય અને સ્વયંને પૂછે- શું આજે તેમનું કાર્ય કરોડો નાગરિકોના જીવનને સરળ બનાવશે. તેમણે ભાર દઈને કહ્યું કે આ જ આત્મ-ચિંતન આ સ્થાનની સૌથી મોટી શક્તિ બનશે.

નવા ભવન નક્કી કરશે વિકસિત ભારત-2047ની દિશા

સેવા તીર્થ અને કર્તવ્ય ભવનમાં લેવામાં આવેલો દરેક નિર્ણય માત્ર એક ફાઈલની મંજૂરી નહીં હોય, પરંતુ તે વિકસિત ભારત 2047ની દિશા નિર્ધારિત કરશે. દરેક સંસ્થા, દરેક અધિકારી, દરેક કર્મચારી અને દરેક કર્મયોગીની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. પ્રધાનમંત્રી મોદીએ પોતાનું વિઝન શેર કરતા કહ્યું કે સેવા તીર્થને સંવેદનશીલ શાસનનું પ્રતીક અને નાગરિક કેન્દ્રિત વહીવટનું રોલ મોડેલ બનવું જોઈએ.

સત્તાવાર વંદે માતરમ્ અને વિસ્તૃત પ્રોટોકોલ

રાષ્ટ્રગીતના તમામ છ અંતરા ગાઓ...

સમયગાળો- 3 મિનિટ 10 સેકન્ડ

દેશ રાષ્ટ્રગીત વંદે માતરમ્‌ના 150 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરી રહ્યો છે. આ જ ઉત્સવની કડીમાં કેન્દ્ર સરકારે હવે રાષ્ટ્રગીત પ્રત્યે સન્માન અને ઉચિત શિષ્ટાચારનું પાલન કરવા અંગે એક આદેશ જાહેર કર્યો છે જેમાં સામાન્ય જાણકારી અને માર્ગદર્શન માટેના નિર્દેશો સામેલ છે. જ્યારે પણ રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન બંને ગાવામાં કે વગાડવામાં આવે ત્યારે રાષ્ટ્રગીત પહેલા ગાઓ. રાષ્ટ્રપતિના આગમન, રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવા અને રાજ્યપાલના સંબોધન જેવા મુખ્ય રાજકીય પ્રસંગો પર સત્તાવાર રાષ્ટ્રગીત અનિવાર્ય...

બંકિમ ચંદ્ર ચટર્જી દ્વારા રચિત રાષ્ટ્રગીત 'વંદે માતરમ્' ના ગાયન અંગે સત્તાવાર પ્રોટોકોલ સ્થાપિત કરનારી ભારત સરકાર તરફથી જાહેર કરાયેલ માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે કે સરકારી સમારોહમાં તેને કેવી રીતે અને ક્યારે પ્રસ્તુત કરવું જોઈએ. નાગરિકો પાસેથી અપેક્ષિત આચરણ, રાષ્ટ્રગીત ગાવા કે વગાડવાની રીતની સાથે તેની સમયમર્યાદા અંગેની માહિતી પણ આપવામાં આવી છે.

અવધિ: રાષ્ટ્રગીત ગાવા અથવા વગાડવાનો સમય લગભગ 3 મિનિટ 10 સેકન્ડ છે.

રાષ્ટ્રગીત પ્રથમ: એક જરૂરી બાબત એ છે કે જો કોઈ કાર્યક્રમમાં રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન બંને ગાવામાં કે વગાડવામાં આવે, તો રાષ્ટ્રગીત પહેલા ગાવામાં કે વગાડવામાં આવશે, ત્યારબાદ 'રાષ્ટ્રગાન'.

સિનેમા હોલ અને ફિલ્મ સ્ક્રીનિંગ માટે વિશિષ્ટ છૂટ

જ્યારે ક્યારેય રાષ્ટ્રગીતનું ગાયન કે વાદન થાય ત્યારે શ્રોતાગણે સાવધાનની મુદ્રામાં ઊભા રહેવું જોઈએ. પરંતુ સમાચાર કે કોઈ ડોક્યુમેન્ટ્રી દરમિયાન રાષ્ટ્રગીત ફિલ્મના અંશ તરીકે વગાડવામાં આવે છે, તો દર્શકોનું ઊભા રહેવું અનિવાર્ય નથી. દર્શકોના ઊભા રહેવાથી રાષ્ટ્રગીતના ગૌરવમાં વધારો થવાને બદલે ફિલ્મના પ્રદર્શનમાં અવરોધ ઊભો થશે અને અશાંતિ કે અવ્યવસ્થા ઉભી થાય છે.

દિશાનિર્દેશોમાં આ ભલામણ કરવામાં આવી છે:

જ્યારે વંદે માતરમ્ કોઈ બેન્ડ દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે, ત્યારે તે પહેલાં ઢોલના તાલે કે બિગલના અવાજથી ઔપચારિક રીતે ગાયનની શરૂઆતનો સંકેત આપવો જોઈએ.

રાષ્ટ્રગીત ગાવાની (ગીત વગાડવાથી અલગ) પરવાનગી

જે પ્રસંગોએ રાષ્ટ્રગીત ગાવાની (ગીત વગાડવાથી અલગ) પરવાનગી આપી શકાય છે, તેમની સંપૂર્ણ યાદી આપવી શક્ય નથી. પરંતુ રાષ્ટ્રગીતને સામૂહિક રીતે ગાવાની સાથે-સાથે ગાવામાં ત્યાં સુધી કોઈ વાંધો નથી જ્યાં સુધી તેને માતૃભૂમિની વંદના તરીકે શ્રદ્ધાપૂર્વક ગાવામાં આવે. ગાયન સમયે ઉચિત શિષ્ટાચારનું પાલન કરવામાં આવે.

રાષ્ટ્રગીત 'વંદે માતરમ્' ના શબ્દો આ પ્રમાણે છે...

वंदे मातरम्।
सुजलाम् सुफलाम् मलयजशीतलाम्,
शस्यश्यामलाम् मातरम्। वंदे मातरम्।

शुभ्ज्योत्स्ना पुलकितयामिनीम्,
फुल्लकुसुमित द्रुमदलशोभिनीम्,
सुहासिनीम् सुमधुरभाषिणीम्,
सुखदाम् वरदाम् मातरम्। वंदे मातरम्।

कोटि-कोटि कण्ठ कल-कल निनाद कराले,
कोटि-कोटि भुजैर्धृत खरकरवाले,
के बॉले मां तुमि अबले,
बहुबलधारिणीं नमामि तारिणीम्,
रिपुदलवारिणीं मातरम्। वंदे मातरम्।

तुमि विद्या तुमि धर्म, तुमि हृदि तुमि मर्म,
त्वम् हि प्राणाः शरीरे, बाहुते तुमि मां शक्ति,
हृदये तुमि मां भक्ति, तोमारेई प्रतिमा गडि मंदिरे-मंदिरे।
वंदे मातरम्।

त्वम् हि दुर्गा दशप्रहरणधारिणी,
कमला कमलदलविहारिणी,
वाणी विद्यादायिनी, नमामि त्वाम्,
नमामि कमलाम् अमलाम् अतुलाम्,
सुजलां सुफलां मातरम्। वन्दे मातरम्।

श्यामलाम् सरलाम् सुस्मिताम् भूषिताम्,
धरणीम् भरणीम् मातरम्। वंदे मातरम्।

શાળાઓમાં સમૂહગાન: તમામ શાળાઓમાં દિવસનું કાર્ય રાષ્ટ્રગીતના સમૂહગાનથી શરૂ થવું જોઈએ. શાળાઓના વહીવટીતંત્રે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનને લોકપ્રિય બનાવવા તેમજ રાષ્ટ્રીય ધ્વજ પ્રત્યે શ્રદ્ધા વધારવા માટે પોતાના કાર્યક્રમમાં યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

રાષ્ટ્રગીતનું વાદન

રાષ્ટ્રગીતનું સત્તાવાર સંસ્કરણ, નીચેના પ્રસંગોએ વગાડવામાં આવશે:

- સિવિલ સન્માન સમારોહના અવસર પર.
- ઔપચારિક રાજકીય સમારોહ તથા સરકાર દ્વારા આયોજિત અન્ય સમારોહમાં રાષ્ટ્રપતિના આગમન પર અને આવા સમારોહમાંથી તેમના પ્રસ્થાન સમયે.
- આકાશવાણી અને દૂરદર્શન પરથી રાષ્ટ્રપતિના રાષ્ટ્ર જોગ સંદેશ પ્રસારિત કરવામાં આવે તે પહેલાં અને પછી.
- રાજ્યપાલ / ઉપરાજ્યપાલના પોતાના રાજ્ય સંઘ શાસિત ક્ષેત્રમાં ઔપચારિક રાજકીય સમારોહમાં આગમન પર અને આવા સમારોહમાંથી તેમના પ્રસ્થાન સમયે.
- જ્યારે રાષ્ટ્રીય ધ્વજને પરેડમાં લાવવામાં આવે.
- કોઈપણ અન્ય પ્રસંગે રાષ્ટ્રગીત વગાડવામાં આવશે જેના માટે ભારત સરકારે વિશેષ આદેશ જાહેર કર્યા હોય.

પ્રગતિ @ 50

સમયબદ્ધ વિકાસની અદભૂત યાત્રા...

ભારત જ્યારે 2014માં વિકાસની નવી દિશામાં આગળ વધી રહ્યું હતું, ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એ અનુભવ્યું કે મોટી પરિયોજનાઓ અને યોજનાઓની સફળતા માત્ર મંજૂરી આપવાથી નહીં, પરંતુ સમયસર, પરસ્પર સમન્વય અને જવાબદારીયુક્ત અમલીકરણથી સુનિશ્ચિત થાય છે. આ જ વિચારધારા સાથે માર્ચ 2015માં બનેલા 'પ્રગતિ' મંચે વિતેલા એક દાયકાની યાત્રામાં 50 બેઠકો કરીને 85 લાખ કરોડ રૂપિયાથી વધુની 382 પરિયોજનાઓને ગતિ આપી છે. આ અનોખી પહેલથી દેશના વિવિધ રાજ્યોમાં કરોડો રૂપિયાની અટકી ગયેલી - અને વિલંબિત પરિયોજનાઓ એક પછી એક ઝડપથી પૂર્ણ થઈ રહી છે. આનાથી સુનિશ્ચિત થઈ રહ્યો છે 140 કરોડ નાગરિકોનો વિકાસ...

- ઉત્તર પ્રદેશની સરયૂ નહેર પરિયોજનાને સ્વીકૃતિ મળી 1978માં અને ચાર દાયકાના વિલંબ બાદ વર્ષ 2021માં પૂર્ણ થઈ.
- કેરળમાં કોલ્લમ બાયપાસ પરિયોજનાને સ્વીકૃતિ મળી 1972માં અને પાંચ દાયકાના વિલંબ બાદ વર્ષ 2019માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેનું લોકાર્પણ કર્યું.
- બિહારમાં કોસી રેલ મહાસેતુને સ્વીકૃતિ મળી 2003-04માં અને બે દાયકાના વિલંબ બાદ વર્ષ 2020માં પૂર્ણ થઈ.
- અસમમાં બોગીબીલ સેતુ પરિયોજનાને સ્વીકૃતિ મળી 1997માં અને 2 દાયકાના વિલંબ બાદ વર્ષ 2018માં પૂર્ણ થઈ.
- અટલ ટનલ પરિયોજનાને મંજૂરી મળી વર્ષ 2000માં અને બે દાયકાના વિલંબ બાદ વર્ષ 2020માં પૂર્ણ થઈ.
- ઈસ્ટર્ન-વેસ્ટર્ન પેરિફેરલ પરિયોજનાને સ્વીકૃતિ મળી 2006માં અને એક દાયકાના વિલંબ બાદ 2016 અને 2018માં પૂર્ણ થઈ.
- નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરિયોજનાને સ્વીકૃતિ મળી 2007માં અને આશરે બે દાયકાના વિલંબથી ડિસેમ્બર 2025માં પૂર્ણ થઈ.
- જમ્મુ-ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક પરિયોજનાને સ્વીકૃતિ મળી 1994માં અને લગભગ ત્રણ દાયકાના વિલંબ બાદ જૂન 2025માં પૂર્ણ થઈ.

જુવે જરા વિચારો, શું કોઈ પરિયોજનામાં આટલો લાંબો વિલંબ ક્યારેય રાષ્ટ્રહિતમાં હોઈ શકે? આખરે પહેલાની કાર્યશૈલી એવી કેમ હતી કે કામ એકવાર અટકી જાય તો વર્ષો સુધી ત્યાં જ અટકી જ રહેતું હતું- ન તો કોઈ જવાબદારી હતી, ન તો કોઈ પૂછનાર હતું. ફાઈલોમાં યોજનાઓ બનતી રહી, રાજકીય હિતો માટે ઘોષણાઓ થતી રહી, દીપ પ્રાગટ્ય અને શિલાન્યાસ પણ થતા રહ્યા, પરંતુ પરિણામ એ જ રહ્યું કે ઘણી પરિયોજનાઓ દાયકાઓ સુધી કાગળો પર જ લટકી ગયેલી રહેતી હતી.

આવા સમયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માર્ચ 2015માં એક ટેકનોલોજી આધારિત પ્લેટફોર્મ બનાવ્યું- 'પ્રગતિ' એટલે કે પ્રો-એક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઈમલી ઈમ્પ્લીમેન્ટેશન. આ એક એવું ટેકનોલોજી આધારિત પ્લેટફોર્મ બની ચૂક્યું છે, જેની તાજેતરમાં સંપન્ન થયેલી 50મી બેઠક વિકાસની યાત્રામાં સીમાચિહ્નરૂપ બની છે. અત્યાર સુધી 'પ્રગતિ' પ્લેટફોર્મ પર 85 લાખ કરોડ રૂપિયાથી વધુની 382

'પ્રગતિ': એક નજર

- 'પ્રગતિ' વિકાસની નવી રાહઃ એક સમય હતો, જ્યારે વિકાસ પરિયોજનાઓ ઘોષણાઓ પછી અમલીકરણની જમીની હકીકત પર આવીને અટકી જતી હતી. કેરળના કોલ્લમમાં સાડા તેર કિમીનો બાયપાસ બનવામાં 5 દાયકાથી વધુનો સમય લાગ્યો હોય કે ઓડિશામાં ખુર્દા-બલાંગીરની રેલ લાઈન બનવામાં 25 વર્ષથી વધુનો સમય.
- 'પ્રગતિ' એ માહિતી, સંચાર અને ટેકનોલોજી (ICT) પર આધારિત એક મલ્ટી-મોડલ મંચ છે, જેનો ઉદ્દેશ્ય પરિયોજનાઓની સમીક્ષા કરવી અને તેમાં આવતા અવરોધોને દૂર કરવાનો છે.
- 'પ્રગતિ'ની બેઠકોના 50મા સંસ્કરણ સુધી (31 ડિસેમ્બર 2025 સુધી), 85 લાખ કરોડ રૂપિયાથી વધુની કુલ કિંમત ધરાવતી 382 પરિયોજનાઓની સમીક્ષા કરવામાં આવી છે.

શિયાળામાં બરફવર્ષાને કારણે રોહતાંગ પાસ નજીક મનાલી-લેહ હાઈવે પાંચ-છ મહિના માટે બંધ થઈ જતો હતો અને આ વિસ્તાર દેશના અન્ય ભાગોથી સંપૂર્ણપણે કપાયેલો રહેતો હતો. પરંતુ હવે આ રસ્તો આખા વર્ષ માટે ખુલી ગયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 3 ઓક્ટોબર 2020ના રોજ અટલ ટનલ રાષ્ટ્રને સમર્પિત કરી.

"ઉત્તરથી દક્ષિણ સુધી, પૂર્વથી પશ્ચિમ સુધી લોકોએ દાયકાઓથી અટકી ગયેલી અને વિલંબિત પરિયોજનાઓને સમયબદ્ધ રીતે પૂર્ણ થતી જોઈ છે."

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

પરિયોજનાઓને ગતિ આપવામાં આવી છે. બેઠકોમાં પરિયોજનાઓની સમીક્ષા કરવામાં આવે છે, જેમાં એ જોવામાં આવે છે કે કયા મંત્રાલય અથવા કયા રાજ્યને શું મુશ્કેલી પડી રહી છે. કયા કાયદાને કારણે અડચણ આવી રહી છે. તમામ પાસાઓને બારીકાઈથી તપાસ્યા પછી તેનો ઉકેલ લાવવામાં આવે છે. આ 'પ્રગતિ'ના અમલીકરણને કારણે રેલવે, રોડ, સિંચાઈ કે ગ્રામીણ વ્યવસ્થાના કામો, તમામ બાબતોને ત્યાં લાવીને તેનું નિરાકરણ કરવામાં આવ્યું છે. તાજેતરમાં જ જમ્મુ ઉધમપુર-શ્રીનગર બારામુલ્લા રેલ લાઈન પ્રોજેક્ટ પૂર્ણ થયો છે અને બરફવર્ષાના દિવસોનો એક વીડિયો ખૂબ જ લોકપ્રિય થયો છે. ચારે બાજુ છવાયેલી બરફની ચાદર વચ્ચેથી વંદે ભારત ટ્રેન પસાર થઈ રહી છે અને લોકો કહે છે, "ભૂલ ન કરતા, આ વિદેશ નથી, આ ભારત છે." પરંતુ વાસ્તવિકતા એ પણ જાણવી પડશે કે આ પરિયોજના ત્રણ દાયકાથી અટકી ગયેલી હતી. જેને વર્તમાન કેન્દ્ર સરકારે સાકાર કરી બતાવી. એવી જ રીતે અસમનો બોગીબીલ બ્રિજ, આ બોગીબીલ બ્રિજ અરુણાચલ અને અસમને જોડતો ખૂબ જ મહત્વપૂર્ણ બ્રિજ છે. કેટલાય વર્ષો સુધી આ પ્રોજેક્ટ અટકેલો રહ્યો, તેની 'પ્રગતિ' દ્વારા સમીક્ષા થઈ અને અસમ સહિત સમગ્ર પૂર્વોત્તરને સારી સુવિધા આપતું આ કામ હવે પૂર્ણ થઈ ચૂક્યું છે.

હકીકતમાં, કોઈપણ યોજનાનું કાર્યરૂપમાં પરિણામ એટલે કે અમલીકરણ શું હોય છે, આજે દેશ સમક્ષ તેના હજારો ઉદાહરણો હાજર છે. પરંતુ સવાલ એ છે કે દાયકાઓથી વિલંબિત પરિયોજનાઓને પૂર્ણ કરવાની જવાબદારી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જ કેમ ઉપાડી? સાચા અર્થમાં આ જ નીતિ, નિયત અને નિર્ણયની ત્રિવેણી છે જે કોઈ પણ યોજનાનો આધાર હોય છે અને

આજે 'પ્રગતિ' તેનો પર્યાય બની ગયું છે. આ માત્ર જૂની પરિયોજનાઓ પૂરતું મર્યાદિત નથી, પ્રધાનમંત્રી મોદીએ જે પરિયોજનાઓની શરૂઆત કરી છે, તેના પર પણ 'પ્રગતિ'ની નિરંતર નજર રહેલી હોય છે.

'સ્વાગત' થી 'પ્રગતિ' વિકાસની નવી યાત્રા

'પ્રગતિ' પ્લેટફોર્મનું ઉદાહરણ જુઓ. હિમાચલમાં એક ટ્રેન દાયકાઓ પહેલા ઉના માટે સંસદમાં જાહેર કરવામાં આવી હતી. પરંતુ પીએમ મોદીના શાસનમાં આવ્યા ત્યાં સુધી કાગળ પર તેનું ચિત્ર પણ બન્યું નહોતું. જ્યારે આ વિષય પીએમ મોદીની અધ્યક્ષતાવાળા 'પ્રગતિ' મંચ પર આવ્યો ત્યારે તેનો ઉકેલ આવ્યો અને આજે તે ટ્રેન પહાડના સપનાઓને સાકાર કરી રહી છે. આવા અનેક વિષયો 'પ્રગતિ' મંચ પર આવ્યા જેમાં જોવામાં આવ્યું કે પરિયોજનાઓ કેમ અટકી છે, ખર્ચમાં શું તફાવત આવ્યો છે, કયા વિભાગને કારણે વિલંબ થઈ રહ્યો છે, કોણે ખોટી રીતે તેમાં વિલંબ કર્યો છે. જે યોજના 900 કરોડ રૂપિયામાં થવાની હતી, તે 90 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ હતી. એવી જ રીતે વર્ષ 2015માં 'પ્રગતિ'ની બેઠકમાં નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટનો વિષય આવ્યો હતો, તો પ્રધાનમંત્રી મોદી હેરાન રહી ગયા હતા. વાણિજ્યિક રાજધાની મુંબઈમાં બીજા એરપોર્ટને લઈને નવેમ્બર 1997માં પહેલીવાર કમિટી બની હતી. ત્યારથી લઈને લગભગ 20 વર્ષ સુધી માત્ર ફાઈલો જ આમથી તેમ દોડતી રહી. આ દરમિયાન કેટલીય સરકારો આવી અને ગઈ પરંતુ નવી મુંબઈ એરપોર્ટની ફાઈલ આગળ વધી શકી નહીં. 'પ્રગતિ'ની બેઠકમાં પ્રધાનમંત્રી મોદીએ તમામ અધિકારીઓ અને તમામ વિભાગોને એકસાથે આમને-સામને લાવીને આ પ્રોજેક્ટ વચ્ચે આવી રહેલા તમામ અવરોધો દૂર કર્યા અને હવે નવી મુંબઈ એરપોર્ટનું સપનું પણ સાકાર થઈ ચૂક્યું છે. આવી જ રીતે 2017માં દિલ્હી સ્થિત ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરનું સપનું સાકાર થયું. જેને બનાવવાનો નિર્ણય 1992માં લેવામાં આવ્યો

'પ્રગતિ'ની ગતિ અને મહત્વને આ રીતે સમજો

'પ્રગતિ' મંચની શરૂઆત 25 માર્ચ 2015 ના રોજ થઈ હતી.

અત્યાર સુધી પ્રગતિની **50** બેઠકો યોજાઈ ચૂકી છે.

382 મુખ્ય રાષ્ટ્રીય પરિયોજનાઓની સમીક્ષા કરવામાં આવી છે.

85 લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સને ગતિ આપવામાં આવી.

જેમાં 61 કલ્યાણકારી યોજનાઓ મુખ્યત્વે સામેલ છે, જેમ કે: વન નેશન વન રેશન કાર્ડ, પીએમ જન આરોગ્ય યોજના, પીએમ આવાસ યોજના, પીએમ સ્વનિધિ અને સ્વચ્છ ભારત મિશન.

36 મુખ્ય સેક્ટરની ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો જેમાં કોરોના, રેરા, બેંકિંગ, ઈન્શ્યોરન્સ, માતૃ વંદના અને જન ધન યોજના સામેલ છે.

7,735 735 મુદ્દાઓ અહીં ઉઠાવવામાં આવ્યા હતા, જેમાંથી → **7,156** મુદ્દાઓનું સમાધાન કરી લેવામાં આવ્યું છે.

મૂડીગત ખર્ચ

નાણાકીય વર્ષ 2014-15માં 4.26 લાખ કરોડ રૂપિયાથી વધીને નાણાકીય વર્ષ 2025-26માં સાડા ત્રણ ગણાથી વધુના ઉછાળા સાથે અંદાજિત 15.53 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો છે.

સમસ્યા નિવારણ તંત્ર



હતો પરંતુ 23 વર્ષ સુધી કંઈ જ થયું નહીં. 2014માં પીએમ મોદીના શાસનકાળમાં જ તેનો શિલાન્યાસ અને લોકાર્પણ થયું.

આ માત્ર એક પ્રોજેક્ટની વાર્તા છે, આવી 382 પરિયોજનાઓ આજે કાં તો સાકાર થઈ ચૂકી છે અથવા કેટલીક પૂર્ણ થવાના આરે છે. આ કાર્ય-સંસ્કૃતિમાં આવેલા પરિવર્તનનું જીવંત ઉદાહરણ છે. આવી પરિયોજનાઓની યાદી અત્યંત લાંબી છે. પ્રધાનમંત્રી બન્યા પછી નરેન્દ્ર મોદીની અનોખી પહેલથી દેશના વિવિધ રાજ્યોમાં હજારો કરોડ રૂપિયાની અટકી ગયેલી અને વિલંબિત પરિયોજનાઓ એક પછી એક ઝડપથી પૂર્ણ થઈ રહી છે. પરિયોજનાઓને ફાઈલોમાંથી બહાર કાઢીને જમીન પર નિર્ધારિત સમયમાં ઉતારવામાં આવી છે. આ ક્રાંતિકારી પરિવર્તન 'પ્રગતિ' પ્લેટફોર્મની મદદથી શક્ય બન્યું છે. આનાથી માત્ર ભ્રષ્ટાચાર જ નાબૂદ થયો નથી, પરંતુ ખર્ચ અને સમયમાં પણ ઘટાડો થયો છે. આ સર્વાંગી વિકાસનો લાભ છેવાડાના ખેડૂતો, આદિવાસીઓ, ગરીબો અને મહિલાઓ સુધી સીધો પહોંચી રહ્યો છે. પ્રધાનમંત્રી મોદીના દિશાનિર્દેશથી ભારત સરકારના વિવિધ વિભાગો અને રાજ્ય સરકારો વચ્ચે સંકલન સ્થપાયું છે અને અનેક વિલંબિત પરિયોજનાઓ પૂર્ણ થઈ શકી છે. આ પ્લેટફોર્મ પર વિકાસ પરિયોજનાઓની દેખરેખ પ્રધાનમંત્રી મોદી સ્વયં કરે છે. તેઓ 25 માર્ચ 2015 થી દર મહિને આ પ્રકારે બેઠક કરી રહ્યા છે. આ મંચ દ્વારા ઓળખવામાં આવેલી લગભગ 96% સમસ્યાઓનો ઉકેલ લાવવામાં આવ્યો છે, જેનાથી વિલંબ, ખર્ચમાં વધારો અને પરસ્પર સંકલનની ખામીઓમાં ભારે ઘટાડો થયો છે. આ મંચ પર દરેક વિભાગ સાથે માત્ર ચર્ચા જ નથી થતી પરંતુ સ્થળ પર જ તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે છે. આ પ્લેટફોર્મનો પાયો પ્રધાનમંત્રી મોદીનો ગુજરાતનો અનુભવ છે. ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પીએમ મોદીએ 'સ્વાગત' પ્લેટફોર્મ શરૂ કર્યું હતું. એક એવું ટેકનિકલ સાધન, જેનાથી જનતાની ફરિયાદો સીધી મુખ્યમંત્રી સુધી પહોંચતી અને તેનું સમયબદ્ધ નિરાકરણ થતું હતું. સ્વાગતે (SWAGAT) પારદર્શિતા અને જવાબદેહીતાનો પાયો નાખ્યો. આ જ અનુભવને લઈને પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રીય સ્તરે વિસ્તરણ કર્યું અને 'પ્રગતિ' ના રૂપમાં એક એકીકૃત, બહુ-એજન્સી મંચ તૈયાર કર્યું જે સંઘવાદનું ઉત્તમ ઉદાહરણ બન્યું. ત્યારબાદ મોટી અને મુખ્ય પરિયોજનાઓ સાથે જોડાયેલી ફરિયાદો દૂર કરવાની સાથે તેમાં વિલંબ ન થાય તે માટે સૌને એક જ છત નીચે લાવવામાં આવ્યા. અહીં મંત્રાલયો અને વિભાગો અલગ-અલગ કામ કરવાને બદલે સાથે મળીને સમસ્યાઓનો ઉકેલ શોધે છે.

પ્રધાનમંત્રી મોદી સ્વયં કહે છે કે 2014થી સરકારે કાર્ય-પૂર્ણતા અને જવાબદેહીને સંસ્થાગત બનાવવા માટે કામ કર્યું છે. એક એવી પ્રણાલી તૈયાર કરવામાં આવી છે જેમાં કામને સતત ફોલોઅપ સાથે આગળ વધારવામાં આવે છે. તેને નિર્ધારિત સમય અને નિર્ધારિત બજેટમાં પૂર્ણ કરવામાં આવે છે.

'પ્રગતિ' ઈકોસિસ્ટમમાં મુદ્દાઓનું સમાધાન

7,735 મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા | **7,156 મુદ્દાઓનું સમાધાન કરવામાં આવ્યું**





તેમનું કહેવું છે કે અગાઉ શરૂ કરવામાં આવેલી પરિયોજનાઓ જે અધૂરી રહી ગઈ હતી અથવા જેમને ભુલાવી દેવામાં આવી હતી, તેમને રાષ્ટ્રીય હિતમાં પુનર્જીવિત કરીને પૂર્ણ કરવામાં આવી છે. દાયકાઓથી અટકી ગયેલી ઘણી પરિયોજનાઓ 'પ્રગતિ' પ્લેટફોર્મ હેઠળ લાવ્યા બાદ પૂર્ણ કરવામાં આવી છે.

ટીમ ભારતનું ભવ્ય ઉદાહરણ

પ્રધાનમંત્રી મોદીનું માનવું છે કે પરિયોજનાઓ માત્ર ઈરાદાના અભાવે જ નિષ્ફળ નથી જતી. ઘણી પરિયોજનાઓ સંકલનનો અભાવ અને અલગ-અલગ રહીને કામ કરવાની કાર્યપદ્ધતિને કારણે નિષ્ફળ જાય છે. 'પ્રગતિ' મંચ આના ઉકેલ માટે તમામ હિતધારકોને એક જ મંચ પર લાવ્યું છે, જે સહિયારું પરિણામ હાંસલ કરવાને અનુરૂપ છે. 'પ્રગતિ' આજે સહયોગી સંઘવાદનું એક અસરકારક મોડેલ છે, જ્યાં કેન્દ્ર અને રાજ્યો એક ટીમ તરીકે કામ કરે છે. પ્રધાનમંત્રી મોદીએ 50મી બેઠકમાં જણાવ્યું હતું કે, આની શરૂઆતથી અત્યાર સુધીમાં ભારત સરકારના લગભગ 500 સચિવો અને રાજ્યોના મુખ્ય સચિવો 'પ્રગતિ' બેઠકમાં ભાગ લઈ ચૂક્યા છે. 'પ્રગતિ' મંચે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ માટે પર્યાપ્ત સંસાધનો સુનિશ્ચિત કર્યા છે અને વિવિધ ક્ષેત્રોમાં સતત રોકાણ પણ થયું છે. રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મના મંત્રને આગળ વધારતા પ્રધાનમંત્રી મોદીએ હવે 'પ્રગતિ' દ્વારા આગામી તબક્કા માટે આ મંત્ર આપ્યો છે - "સરળીકરણ માટે સુધાર કરો, કાર્ય-પૂર્ણતા માટે કામ કરો, પ્રભાવ પાડવા માટે પરિવર્તન કરો."

તકનીકથી 'પ્રગતિ'નો નવો માર્ગ

"જ્યારે યોજનાઓમાં ગતિ આવે છે, ત્યારે જ દેશમાં પ્રગતિ આવે છે." સાહસિક સુધારવાદના પ્રણેતા બની ચૂકેલા પીએમ મોદીનો આ જ વિચાર નવા વિશ્વાસ સાથે નવી શરૂઆતનું પ્રતીક બની ચૂક્યો છે. ક્યારેક અશક્ય અથવા નાની માનીને નસીબના ભરોસે છોડી દેવામાં આવેલી આશાઓ હવે સાકાર થઈ રહી છે. પરંપરાથી હટીને શરૂ કરવામાં આવેલી 'પ્રગતિ' પહેલ નવા ભારતમાં પરિવર્તનની પટકથા તૈયાર કરી રહી છે, જેથી 2047માં દેશ જ્યારે પોતાની આઝાદીની શતાબ્દી વર્ષગાંઠ ઉજવે, ત્યારે આ જ સંકલ્પોની સિદ્ધિ તેને દુનિયાના શક્તિશાળી દેશોમાં સામેલ કરી શકે. નવા ભારતનું લક્ષ્ય, લોકોની જરૂરિયાતો અને આકાંક્ષાઓને સમજીને ઝડપી ગતિએ કામ કરવાથી જ પ્રાપ્ત કરી શકાય છે. આ દિશામાં એક મહત્વપૂર્ણ પ્રયાસ છે- કેન્દ્રીય સ્તરે 'પ્રગતિ' નામે બનાવવામાં આવેલી વ્યવસ્થા. દેશની અલગ-અલગ યોજનાઓમાં, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટ્સમાં તેજી લાવવામાં આ 'પ્રગતિ' પ્લેટફોર્મની ખૂબ મોટી ભૂમિકા છે. 'પ્રગતિ'ની બેઠકોમાં એ નક્કી કરવામાં આવે છે કે તમામ હિતધારકો સાથે સીધો સંવાદ કરીને દાયકાઓથી અટકી ગયેલી પરિયોજનાઓનો ઉકેલ લાવી શકાય. વર્ષોથી અટકી ગયેલી અને વિલંબિત યોજનાઓને ગતિ મળવાથી રાષ્ટ્રના વિકાસને ગતિ મળે છે. આજે

ઓક્સફોર્ડની સૈદ બિઝનેસ સ્કૂલનો અભ્યાસ

શીર્ષ નેતૃત્વ તરફથી દિશાઃ (PRAGATI આજે જે સ્વરૂપમાં છે, તે નિર્ણાયક અને સક્રિય નેતૃત્વનું પરિણામ છે–ખાસ કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું નેતૃત્વ. ઉચ્ચ સ્તરે નિયમિત માસિક સમીક્ષા અને સીધી ભાગીદારીએ માત્ર સ્પષ્ટ દિશા જ નક્કી નથી કરી, પરંતુ સમસ્યાઓના ઝડપી ઉકેલને પણ ગતિ આપી છે. તમામ હિતધારકોમાં ટીમવર્કની સામૂહિક ભાવનાને મજબૂત બનાવી છે.

PRAGATI ના પ્રભાવો માત્ર આર્થિક વિકાસ પૂરતા મર્યાદિત રહ્યા નથી, પરંતુ તેણે સામાજિક પ્રગતિ અને પર્યાવરણીય સ્થિરતાને પણ પ્રોત્સાહન આપ્યું છે. રસ્તાઓ, રેલ્વે, પાણી અને વીજળી જેવી આવશ્યક સેવાઓ પૂરી પાડતી પરિયોજનાઓને ઝડપથી આગળ વધારીને PRAGATI એ કરોડો ભારતીયોના જીવનધોરણમાં સુધારો કર્યો છે. આ મંચે પોતાની કાર્યપ્રણાલીમાં સ્થિરતાને પણ મૂળ તત્વ તરીકે સામેલ કરી છે. પર્યાવરણીય મંજૂરીઓને ઝડપી બનાવવામાં મદદ કરી છે અને હરિત ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહિત કર્યો છે. આ સર્વાંગી અભિગમ એ બાબત સુનિશ્ચિત કરે છે કે ભારતનો વિકાસ સર્વસમાવેશક હોવાની સાથે સાથે ટકાઉ પણ હોય.

ભારતીય રિઝર્વ બેંક અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક ફાઈનાન્સ એન્ડ પોલિસી (NIP-FP) ના અભ્યાસોને ટાંકીને આ કેસ સ્ટડીમાં જણાવવામાં આવ્યું છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચવામાં આવેલા દરેક 1 રૂપિયાના બદલામાં દેશને કુલ ઘરેલું ઉત્પાદન (GDP) માં લગભગ 2.5 થી 3.5 રૂપિયાનો લાભ મળે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સંચાલિત આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્રાંતિ 'વિકસિત ભારત 2047' પહેલનો એક મહત્વપૂર્ણ સ્તંભ છે. એક મહત્વાકાંક્ષી રોડમેપ, જેનો ઉદ્દેશ્ય ભારતને તેની સ્વતંત્રતાની 100મી વર્ષગાંઠ સુધી એક 'વિકસિત રાષ્ટ્ર' બનાવવાનો છે. આ પહેલમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, આર્થિક વૃદ્ધિ, સામાજિક પ્રગતિ, તકનીકી ઉન્નતિ અને ટકાઉ વિકાસ સહિત રાષ્ટ્રીય વિકાસના વ્યાપક લક્ષ્યો સામેલ છે. આ અંતર્ગત 2047 સુધી 30 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાનું લક્ષ્ય છે. 100 ટકા સાક્ષરતા અને આરોગ્ય સેવાઓની સાર્વભૌમિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા તથા ભારતને સંશોધન અને નવાચારનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા જેવા મુખ્ય ઉદ્દેશ્યો નિર્ધારિત કરવામાં આવ્યા છે.

નાના ઉદ્યોગોને, ખાસ કરીને MSME ને એક આત્મવિશ્વાસ મળ્યો છે કે તેઓ વિશ્વના મોટા બજારો સાથે સ્પર્ધા કરી શકે. આજે તેમની પાસે મોટા દેશો જેવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે.

તેમાં કોઈ શંકા નથી કે ટેકનોલોજી સાથેનો લગાવ અને તેને સુશાસનનું મહત્વનું માધ્યમ બનાવવાની કળા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ખૂબ જ સારી રીતે આવડે છે. પાયાના સ્તરે લોકો સાથે તેમનું મજબૂત વ્યક્તિગત જોડાણ તો છે જ, સાથે જ સોશિયલ મીડિયા પર પણ તેમની મજબૂત હાજરી છે. તેમને ભારતના સૌથી વધુ 'ટેક-સેવી' નેતા તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ લોકો સુધી પહોંચવા અને તેમના જીવનમાં પરિવર્તન લાવવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે. ટેકનોલોજીના સંયોજનથી તેમણે 'પ્રગતિ'નું એવું ફોરમ બનાવ્યું છે જેનાથી લાંબા સમયથી અટકી ગયેલી પરિયોજનાઓને નવી દિશા મળી રહી છે.

ઓક્સફોર્ડના અભ્યાસે માન્યું- ગેમચેન્જર

ડિસેમ્બર 2024માં ઓક્સફોર્ડના એક અભ્યાસે ભારતની મુખ્ય પરિયોજનાઓને ગતિ આપવામાં 'પ્રગતિ'ની ભૂમિકાને રેખાંકિત કરી છે. ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા સમર્થિત ઓક્સફોર્ડની સૈદ બિઝનેસ સ્કૂલ દ્વારા એક અભૂતપૂર્વ કેસ સ્ટડી કરવામાં આવી. તેનું શીર્ષક 'From Gridlock to Growth: How Leadership Enables India's PRAGATI Ecosystem to Power Progress' છે. 'પ્રગતિ'ને ભારતના ડિજિટલ ગવર્નન્સ લેન્ડસ્કેપમાં એક ગેમ-ચેન્જર તરીકે રજૂ કરવામાં આવી છે. આજે 'પ્રગતિ' પ્લેટફોર્મ ટેકનોલોજી અને શાસનનું એક અદ્ભુત સંયોજન છે. તે સુનિશ્ચિત કરે છે કે અવરોધો દૂર થાય અને પરિયોજનાઓ સમયસર પૂર્ણ થાય.

નવી પરંપરાઓના ઉદયથી મળી ગતિ

અમૃત મહોત્સવ, વર્ષ 2047 સુધી ભારતને વિકસિત બનાવવાનો સંકલ્પ એક નવા ભારતના પાયાનો આરંભ હતો. 25 વર્ષની અમૃત કાળની યાત્રાની શરૂઆત હોય કે લાલ કિલ્લા પરથી સ્વચ્છતા અને સેનિટરી પેડનો ઉલ્લેખ કરીને જાગૃતિ આંદોલન બનાવવું. સામાન્ય બજેટને નવી દિશા આપવાની હોય કે 'પ્રગતિ' જેવા ફોરમ દ્વારા દાયકાઓથી વિલંબિત પરિયોજનાઓને ગતિ આપવી. યુવા-વિદ્યાર્થી-ખેલાડી અને લાભાર્થીઓ સાથે સીધો સંવાદ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસથી ઈઝ ઓફ લિવિંગની વાત હોય કે ઉપેક્ષિત મહાપુરુષોને ઉચિત સન્માન અપાવવું. વહીવટી તંત્રને સુસજ્જ કરી અંતિમ છેડા

પ્રધાનમંત્રીએ 'પ્રગતિ' પ્લેટફોર્મ પર આ સેક્ટરની પરિયોજનાઓની સમીક્ષા કરી



> *21મી સદીનું ભારત... મોટા નિર્ણયો લે છે. ઝડપથી નિર્ણય લે છે. મોટા લક્ષ્ય સાથે આગળ વધે છે. એક નક્કી કરેલી ટાઈમલાઈન પર પરિણામ લાવીને જ જપે છે.*
>
> *– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

સુધી સમયબદ્ધ ડિલિવરી સુનિશ્ચિત કરવાની હોય કે વહીવટી સુધારા માટે મિશન કર્મયોગી અને મંત્રાલયો-વિભાગો વચ્ચે વધુ સારા તાલમેલની પહેલ. દાયકાઓના અંતરને ખતમ કરતા એક દેશ-એક ટેક્સ (GST) ના રૂપમાં અર્થ ક્રાંતિ કે જમ્મુ-કાશ્મીરમાંથી અનુચ્છેદ 370 ને નિષ્પ્રભાવી બનાવવી. ક્યારેક અશક્ય કે નાનું માનીને નસીબના ભરોસે છોડી દેવાયેલી આશાઓ હવે સાકાર થઈ રહી છે. લૉકડાઉન કે પરંપરાગત ચીલાથી હટીને શરૂ કરવામાં આવેલી પહેલ નવા ભારતમાં બદલાવની પટકથા તૈયાર કરી રહી છે, જેથી 2047માં દેશ જ્યારે પોતાની આઝાદીની શતાબ્દી વર્ષગાંઠ ઉજવે, ત્યારે આ જ સંકલ્પોની સિદ્ધિ તેને દુનિયાના શક્તિશાળી દેશોમાં સામેલ કરી શકે.

ચોક્કસપણે વિકસિત ભારત @ 2047 માત્ર એક રાષ્ટ્રીય સંકલ્પ જ નથી પરંતુ એક સમયબદ્ધ લક્ષ્ય પણ છે અને રાષ્ટ્રીય હિતમાં 'પ્રગતિ' તેને હાંસલ કરવા માટે એક મજબૂત આધાર સ્તંભ તરીકે કામ કરી રહ્યું છે. 'પ્રગતિ'ની બેઠક આજે દેશના લોકોને એક અધિકાર આપવાનું માધ્યમ બની છે. આ અધિકાર કાયદામાં લખાયેલો નથી પરંતુ સરકારી યોજનાઓ સમયસર પૂર્ણ થાય તે નાગરિકોનો અધિકાર છે. પહેલા ત્રણ-ત્રણ, ચાર-ચાર દાયકાઓથી અનેક યોજનાઓ અટકી ગયેલી હતી. આ યોજનાઓને પૂર્ણ કરવાનું બીડું વર્તમાન કેન્દ્ર સરકારે ઝડપ્યું છે. 'પ્રગતિ' મંચના કારણે પારદર્શિતા વધી છે અને કાર્ય સંસ્કૃતિમાં પરિવર્તન આવ્યું છે. નક્કી કરેલા સમયે અને નક્કી કરેલા લક્ષ્ય પર પૂર્ણ થઈ રહેલી યોજનાઓ, નેક્સ્ટ જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવેલી ગતિ અને તેમનો વ્યાપ, આ ત્યારે જ શક્ય બન્યું છે જ્યારે જમીની સ્તર પર જઈને પ્રક્રિયાઓમાં સુધારો કરવામાં આવ્યો છે અને પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં આવી છે. આ વિરાટ પ્રયાસો પાછળ 21મી સદીના યુવા ભારતની અસંખ્ય આકાંક્ષાઓ છે. એવી આકાંક્ષાઓ જે પાયાની સુવિધા અને સુરક્ષાના અભાવમાં પૂર્ણ થવી મુશ્કેલ છે. 'પ્રગતિ' જેવા પ્રભાવશાળી મંચથી નવું ભારત તે મુશ્કેલીઓને દૂર કરી રહ્યું છે, યુવા સપનાઓને સામર્થ્ય આપી રહ્યું છે અને સંકલ્પને સિદ્ધ કરવાની દ્રઢ ઈચ્છાશક્તિથી સજ્જ છે જે 2047 સુધીમાં ભારતને વિકસિત બનાવવાના સપનાને સાકાર કરશે અને 140 કરોડ નાગરિકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓને પૂર્ણ કરશે.

ચાલો આગળ જાણીએ 'પ્રગતિ'ની કસોટી પર ખરી ઉતરેલી કેટલીક પરિયોજનાઓ વિશે જેણે વિકસિત ભારતનો પાયો નાખ્યો છે

પરિયોજના

બ્રહ્મપુત્રા નદી પર બોગીબીલ રેલ કમ રોડ પુલ

પરિયોજનાની મંજૂરી
માર્ચ 1997

'પ્રગતિ' પ્લેટફોર્મ સમીક્ષા
27 મે 2015

ખર્ચ
5,920
કરોડ રૂપિયા

ઉદ્ઘાટન
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી
25 ડિસેમ્બર 2018

લાભ
અસમના દિબ્રુગઢ અને ધેમાજી જિલ્લાઓ વચ્ચે બ્રહ્મપુત્રા નદી પર બનેલો આ પુલ રાષ્ટ્ર માટે આર્થિક અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે.

> *"આ માત્ર એક બ્રિજ નથી, પરંતુ આ ક્ષેત્રના લાખો લોકોના જીવનને જોડતી લાઈફલાઈન છે. આનાથી અસમ અને અરુણાચલ વચ્ચેનું અંતર ઘટી ગયું છે અને લોકોને અનેક મુશ્કેલીઓમાંથી પણ મુક્તિ મળી છે."*
>
> *- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

બોગીબીલ બ્રીજ અસમ-અરુણાચલની નવી જીવાદોરી

અસમમાં બોગીબીલ સેતુ પરિયોજનાને 1997માં માન્યતા મળી અને બે દાયકાઓના વિરામ બાદ વર્ષ 2018 માં પૂરી થઈ.

- ★ આ દેશનો પહેલો સંપૂર્ણપણે સ્ટીલથી બનેલો બ્રિજ છે. પાણીથી 30 મીટરથી પણ વધુની ઊંચાઈ પર બનેલો આ પુલ એન્જિનિયરિંગ અને ટેકનિકલ સામર્થ્યનું પણ ઉદાહરણ છે.
- ★ 4.94 કિલોમીટર લાંબા બોગીબીલ બ્રિજના રસ્તે ધેમાજીથી દિબ્રુગઢનું અંતર માત્ર 100 કિલોમીટર રહી ગયું છે. પહેલા આ અંતર 500 કિલોમીટર હતું જેને પૂર્ણ કરવામાં 24 કલાક લાગતા હતા.
- ★ આ દેશનો સૌથી લાંબો રેલ સહ સડક પુલ છે જેમાં ઉપર સડક અને નીચે રેલ માર્ગ છે. બોગીબીલ બ્રિજ બનાવવાની માંગ 1965 થી કરવામાં આવી રહી હતી. 30 લાખ બોરી સિમેન્ટની સાથે આમાં 125 મીટરના 39 ગર્ડર લાગેલા છે.



પરિયોજના

સરયુ નહેર રાષ્ટ્રીય પરિયોજના 4 દાયકા પછી થઈ તૈયાર

પરિયોજનાની મંજૂરી
વર્ષ 1978

પરિયોજનાની લંબાઈ
318 કિમી અને લિંકેજ 6,590 કિલોમીટર

સિંચાઈ લક્ષ્ય
14 લાખ હેક્ટર ભૂમિ

ઉદ્ઘાટન
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી
11 ડિસેમ્બર 2021

બાધા
આંતર-વિભાગીય સંકલનનો અભાવ અને યોગ્ય દેખરેખ ન હોવાને કારણે પરિયોજના અટકી ગઈ.

> *જો આ સરકારી પૈસા છે, તો મને શું ચિંતા? આ જ વિચાર દેશના સંતુલિત અને સર્વાંગી વિકાસમાં સૌથી મોટી બાધા બની ગયો હતો. આ જ વિચારના કારણે સરયુ નહેર પરિયોજના પણ અધ્ધર લટકી ગયેલી રહી. અમે સરયુ નહેર પરિયોજનામાં 5 દાયકામાં જેટલું કામ થયું હતું, તેનાથી વધુ કામ 5 વર્ષમાં કર્યું છે. અમારી પ્રાથમિકતા પરિયોજનાને સમયસર પૂર્ણ કરવાની છે.*
>
> *- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

- પરિયોજનાની શરૂઆત પછી 6 વખત ખર્ચમાં સુધારો કરવામાં આવ્યો. કાર્યમાં વિલંબને કારણે નિર્માણ સામગ્રી, શ્રમ અને જમીન સંપાદન ખર્ચમાં વધારો થયો.
- પરિયોજના પૂર્ણ કરવાનું લક્ષ્ય 1982માં વર્ષ 1988-89 રાખવામાં આવ્યું હતું.
- 2014માં જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે કામ શરૂ કર્યું, ત્યારે તેમની સમીક્ષામાં એ વાત સામે આવી કે દેશની 99 મોટી સિંચાઈ પરિયોજનાઓ દાયકાઓથી અધૂરી પડી હતી. તેમાં સરયુ નહેર રાષ્ટ્રીય પરિયોજના પણ સામેલ હતી.
- પ્રગતિ પ્લેટફોર્મ પર દાયકાઓથી વિલંબિત પરિયોજનાઓની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સમીક્ષા બાદ સરયુ નહેર પરિયોજનામાં આવી રહેલા અવરોધોનું સમયબદ્ધ નિરાકરણ કરવામાં આવ્યું.
- સરયુ નહેર રાષ્ટ્રીય પરિયોજનાનું 11 ડિસેમ્બર, 2021 ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના બલરામપુરથી લોકાર્પણ કર્યું.
- પરિયોજનાનો લાભ પૂર્વી ઉત્તર પ્રદેશના નવ જિલ્લાઓ- બહરાઈચ, શ્રાવસ્તી, બલરામપુર, ગોંડા, સિદ્ધાર્થનગર, બસ્તી, સંત કબીર નગર, ગોરખપુર અને મહારાજગંજના 29 લાખથી વધુ ખેડૂતોને મળી રહ્યો છે.
- પરિયોજનાની શરૂઆત 100 કરોડ રૂ. થી પણ ઓછી કિંમત સાથે કરવામાં આવી હતી. પરિયોજના પૂર્ણ થઈ ત્યાં સુધીમાં તેનો ખર્ચ વધીને 10 હજાર કરોડ રૂપિયાથી પણ વધુ થઈ ગયો.

પરિયોજના

પટના : ગંગા રેલ-સહ-રોડ બ્રિજ

પ્રોજેક્ટ મંજૂરી
5 નવેમ્બર 2001

પ્રગતિની તારીખ
25 માર્ચ 2015

પ્રોજેક્ટનો ખર્ચ
₹ 3,774 કરોડ

પ્રોજેક્ટ પૂર્ણ
3 માર્ચ, 2022

બાધા **જમીન સંપાદન, વળતર અને પુનર્વસન તેમજ પરિયોજનાને પૂર્ણ રીતે લાગુ કરવી**

પ્રધાનમંત્રીના નિર્દેશ

- પરિયોજનામાં વિલંબને કારણે ખર્ચ 5 ગણો વધી ગયો. રેલવે લાઈનની બંને બાજુ એપ્રોચ માટે જરૂરી જમીન રેલવેને સોંપવામાં આવે. અસરગ્રસ્ત લોકોને વળતર વહેલી તકે આપવામાં આવે. તેમના પુનર્વસનની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવામાં આવે.
- નિર્દેશ આપ્યા બાદ મે 2015 સુધીમાં ઉત્તર અને દક્ષિણ બંને રેલ એપ્રોચ સાથે જોડાયેલી રાઈટ ઓફ વે ની તમામ સમસ્યાઓ દૂર થઈ ગઈ.

પરિયોજનાના લાભ

- પટના-ગંગા રેલ-સહ-સડક પુલ (નવી લાઈન) ને જેપી સેતુ પણ કહેવામાં આવે છે. આ પરિયોજનાથી દક્ષિણ બિહાર અને ઉત્તર બિહાર વચ્ચે રેલ અને સડકનો એક સતત અને વધુ ક્ષમતા ધરાવતો સંપર્ક માર્ગ બની ગયો છે.
- આશરે 4.55 કિલોમીટર લાંબા આ સંયુક્ત રેલ-સડક પુલના બનવાથી જૂના પુલો પર વર્ષોથી રહેલું દબાણ ઓછું થયું છે. સડક મુસાફરો માટે મુસાફરીનું અંતર લગભગ 20-25 કિલોમીટર જેટલું ઘટી ગયું છે.
- પટના શહેરની અંદર ટ્રાફિક જામમાં પણ ઘટાડો થયો છે. રેલ ક્ષેત્રમાં પણ આ નવા પુલથી જૂના પુલો પરનો બોજ ઓછો થયો છે. આનાથી વધુ પેસેન્જર અને માલગાડીઓનું સંચાલન શક્ય બન્યું છે. દર વર્ષે અંદાજે 2.78 કરોડ ટન માલના પરિવહનમાં મદદ મળી છે.
- પૂર્વી, ઉત્તરી તથા પૂર્વોત્તર ભારતને જોડતા મુખ્ય રેલ માર્ગો પર ટ્રેનોની સમયપાલન વ્યવસ્થા વધુ સારી થઈ છે. સાથે જ, ગંગાના બંને કિનારાઓને સીધા જોડવાથી લોકોની પહોંચ રોજગાર કેન્દ્રો, શિક્ષણ સંસ્થાનો, હોસ્પિટલો અને બજારો સુધી વધી છે.
- નવા પુલથી આશરે 149 કરોડ કિલો કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થયો છે, જે લગભગ 6 કરોડ વૃક્ષો વાવવા બરાબર પર્યાવરણીય લાભ છે.

"વિકસિત ભારત... એટલે કે જ્યાં ગતિ પણ હોય, પ્રગતિ પણ હોય, જ્યાં લોકહિત સર્વોપરી હોય... જ્યાં સરકારની યોજનાઓ દેશવાસીઓનું જીવન સરળ બનાવે."

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

પરિયોજના

કોસી મહાસેતુ

પ્રોજેક્ટને મંજૂરી
વર્ષ 2003-04

પ્રોજેક્ટની લંબાઈ
1.9 કિલોમીટર

ખર્ચ
516 કરોડ રૂપિયા

શુભારંભ
18 સપ્ટેમ્બર 2020

લાભ

- ક્ષેત્રના લોકોનું 86 વર્ષ જૂનું સ્વપ્ન સાકાર થયું. લાંબી પ્રતીક્ષા પૂર્ણ થઈ કારણ કે વર્ષ 1887માં નિર્મલી અને ભાપતિયાહી (સરાયગઢ) વચ્ચે એક મીટર ગેજ લાઈન શરૂ કરવામાં આવી હતી. પરંતુ વર્ષ 1934માં આવેલા ભયાનક પૂર અને ભારત-નેપાળમાં આવેલા ભૂકંપના કારણે આ લાઈન નષ્ટ થઈ ગઈ હતી.
- વર્ષ 2003માં જ્યારે નીતીશ કુમાર કેન્દ્રીય રેલ મંત્રી હતા અને અટલ બિહારી વાજપેયી પ્રધાનમંત્રી હતા ત્યારે આ પરિયોજનાની પરિકલ્પના કરવામાં આવી હતી. ત્યારબાદ વ્યવસ્થા બદલાઈ અને કામની ગતિ ધીમી પડી ગઈ.
- નિર્માણ પૂર્ણ થવાથી અંતર માત્ર 22 કિમીમાં સમેટાઈ ગયું છે. મુસાફરી 8 કલાકને બદલે અડધા કલાકમાં પૂર્ણ થઈ રહી છે.
- ઉત્તર બિહારના અનેક જિલ્લાના લોકો માટે આ માર્ગ ખૂબ જ લાભદાયી સાબિત થયો. આનાથી ક્ષેત્રના લોકોને કોલકાતા, દિલ્હી અને મુંબઈ જેવા લાંબા અંતરના સ્થળો સુધી આવવા-જવાનું સરળ બન્યું છે.

પરિયોજના

ઈસ્ટર્ન-વેસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે પરિયોજના

ઈસ્ટર્ન-વેસ્ટર્ન પેરિફેરલ પરિયોજનાને 2006માં સ્વીકૃતિ મળી. પરિયોજના એક દાયકાના વિલંબ બાદ 2016 અને 2018માં પૂર્ણ થઈ.

ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે

શિલાન્યાસ
5 નવેમ્બર 2015

ઉદ્ઘાટન
27 મે 2018

ખર્ચ : 11,000 કરોડ રૂપિયા

પ્રગતિ પ્લેટફોર્મ

પ્રોજેક્ટની સમીક્ષામાં ઘણી બધી અડચણો સામે આવી. સતત ફોલો-અપ પછી કાર્યમાં તેજી આવી અને વર્ષોની પ્રતીક્ષાનો અંત આવ્યો.

પ્રોજેક્ટની કુલ લંબાઈ : 270 કિલોમીટર

- કુંડલી-માનેસર-પલવલ (KMP) વેસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવેના કુંડલી-માનેસર સેક્શનનું 19 નવેમ્બર, 2018 ના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- શિલાન્યાસ બાદ આ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનું લક્ષ્ય 910 દિવસનું હતું જે માત્ર 500 દિવસમાં પૂર્ણ કરવામાં આવ્યું.
- ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે માટે અંદાજે 5,900 કરોડ રૂપિયાના ખર્ચે કુલ 1,700 હેક્ટર જમીનનું સંપાદન કરવામાં આવ્યું.
- ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે, ભારતનો પ્રથમ એવો એક્સપ્રેસવે છે જેના સમગ્ર 135 કિમીના કોરિડોરમાં સૌર ઊર્જાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- દિલ્હીની આસપાસની પેરિફેરલ એક્સપ્રેસવે પરિયોજનાનો ઉદ્દેશ્ય દિલ્હીને બાયપાસ કરી અહીંની ભીડભાડ ઘટાડવાનો અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં પ્રદૂષણના સ્તરને ઓછું કરવાનો છે.

પરિયોજના

અટલ ટનલ - વ્યૂહાત્મક અને આર્થિક મજબૂતીનું પ્રતીક

રોહતાંગમાં મનાલી-લેહ રાજમાર્ગ પર ટનલનું નિર્માણ એક દાયકાથી વધુ સમયથી અટકી ગયેલું હતું, જે વર્તમાન કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતાઓને કારણે માત્ર છ વર્ષમાં સાકાર થયું. આ ટનલ ભારતના આત્મનિર્ભર બનવાના સંકલ્પનું ઝળહળતું ઉદાહરણ બની છે...

પરિયોજનાનો શિલાન્યાસ

26 મે 2002

ના રોજ એપ્રોચ રોડ તરીકે પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી દ્વારા કરવામાં આવ્યો હતો.

2002માં શિલાન્યાસ બાદ 2013-14 સુધી માત્ર 1,300 મીટર ટનલનું કામ થઈ શક્યું હતું. જો તે જ ગતિએ કામ ચાલ્યું હોત, તો તે 2040 માં પૂર્ણ થયું હોત.

ખર્ચ - 950 કરોડ રૂપિયા હતો, વિલંબને કારણે વધીને 3,200 કરોડ રૂપિયા પહોંચ્યો.

ઉદ્ઘાટન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

3 ઓક્ટોબર 2020

બાધા

અટલ ટનલનું નિર્માણ સરળ પણ નહોતું. ટનલના નિર્માણમાં 587 મીટર લાંબા નાળાના રૂપમાં કઠિન સમસ્યા આવી હતી. આમાં પ્રતિ મિનિટ 8,000 લિટર પાણીના પ્રવાહે નિર્માણમાં અવરોધ પેદા કર્યો હતો. આ સમસ્યા પોતે જ એક પડકાર હતી. સમયસર કાર્ય પૂર્ણ કરવા માટે 3 હજાર શ્રમિકો અને બીઆરઓના 650 કર્મીઓએ એકજૂથ થઈને ત્રણ શિફ્ટમાં કામ કર્યું.

કેમ ખાસ છે અટલ ટનલ

- અટલ ટનલ બનવાથી લદ્દાખમાં તૈનાત ભારતીય સેનાને ઘણી મદદ મળે છે. હવે શિયાળામાં પણ હથિયાર અને રસદનો પુરવઠો સરળતાથી પહોંચાડી શકાય છે.
- અટલ સુરંગ 10,171 ફૂટની ઊંચાઈ પર બનેલી છે. રોહતાંગ પાસે તેને જોડીને બનાવવામાં આવી છે. આ દુનિયાની સૌથી ઊંચી અને સૌથી લાંબી રાજમાર્ગ ટનલ રોડ છે.
- ઘોડાની નાળના આકારમાં સિંગલ ટ્યુબ અને ડબલ લેન ધરાવતી ટનલની ઓવરહેડ નિકાસી 5.525 મીટરની છે.
- આ ટનલ સેમી ટ્રાન્સવર્સ સિસ્ટમ, સ્કાડા નિયંત્રિત અગ્નિશમન, પ્રકાશ અને દેખરેખ પ્રણાલી સહિત અત્યાધુનિક ઈલેક્ટ્રો-મિકેનિકલ પ્રણાલીથી સજ્જ છે.

પરિયોજના

મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક અટલ સેતુ

શિલાન્યાસ	24 ડિસેમ્બર 2016
પરિયોજના પૂર્ણ થવાની તારીખ →	31 ડિસેમ્બર 2023
ખર્ચ ₹ 20,550 કરોડ	ઉદ્ઘાટન 12 જાન્યુઆરી 2024

- આ ભારતની સૌથી લાંબી સમુદ્રી પુલ પરિયોજના 'પ્રગતિ' તંત્રમાં દેખરેખને કારણે શિસ્તબદ્ધ અને સમયબદ્ધ રીતે આગળ વધી.
- આ પુલ 21.8 કિમી લાંબો અને 6-લેન વાળો છે, જે 16.5 કિમી લાંબો સમુદ્ર પર અને લગભગ 5.5 કિમી જમીન પર બનેલો છે.
- તે મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને ઝડપી કનેક્ટિવિટી પૂરી પાડી રહ્યો છે. સાથે જ મુંબઈથી પુણે, ગોવા અને દક્ષિણ ભારતની મુસાફરીમાં લાગતા સમયને પણ ઘટાડી રહ્યો છે.
- તે મુંબઈ બંદર અને જવાહરલાલ નેહરુ બંદર વચ્ચેની કનેક્ટિવિટીને બહેતર બનાવી રહ્યો છે.
- અટલ સેતુના નિર્માણ દરમિયાન આશરે 17 હજાર મજૂર ભાઈ-બહેનો અને 1500 એન્જિનિયરોને સીધી રોજગારી મળી.
- અટલ સેતુમાં જેટલા વાયરનો ઉપયોગ થયો છે તેનાથી આખી પૃથ્વીના બે વાર ચક્કર લગાવી શકાય છે. આ પ્રોજેક્ટમાં જેટલું લોખંડ-સ્ટીલ વાપરવામાં આવ્યું છે તેનાથી 4 હાવડા બ્રિજ અને 6 સ્ટેચ્યુ ઓફ લિબર્ટીનું નિર્માણ થઈ શકે છે.



"2014 પછી એક બીજો બહુ મોટો બદલાવ આવ્યો છે કે વર્ષોથી અટકી ગયેલી પરિયોજનાઓને શોધી-શોધીને મિશન મોડ પર પૂર્ણ કરવામાં આવી રહી છે. અડધી-અધૂરી પરિયોજનાઓ આપણા દેશના જે પ્રામાણિક ટેક્સ પેયર છે, તેમના પૈસા તો બરબાદ કરે જ છે, ખર્ચ પણ વધી જાય છે અને જે તેનો લાભ મળવો જોઈએ, તે પણ મળતો નથી. આ આપણા ટેક્સ પેયર્સ સાથે પણ બહુ મોટો અન્યાય છે."

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

પરિયોજના

કોલ્લમ બાયપાસ

મંજૂરી
1972

કેન્દ્ર સરકારની અંતિમ પરવાનગી
જાન્યુઆરી, 2015

પરિયોજનાની લંબાઈ:
NH-66 પર 13 કિમી

ઉદ્ઘાટન
15 જાન્યુઆરી 2019

ખર્ચ
352 કરોડ રૂપિયા

પ્રગતિ પ્લેટફોર્મ

આશરે ચાર દાયકાથી વિલંબિત આ પરિયોજનાની પરવાનગી અને આર્થિક મુશ્કેલીઓ સહિત જે અવરોધો હતા, તે તમામ પ્રગતિ પ્લેટફોર્મે સમયબદ્ધ રીતે દૂર કર્યા.

લાભ

2 લેનવાળી આ બાયપાસ પરિયોજનાથી અલાપ્પુઝા અને તિરુવનંતપુરમ વચ્ચે મુસાફરીનો સમય ઘટ્યો છે. કોલ્લમ શહેરમાં ટ્રાફિક જામની સમસ્યા પણ ઓછી થઈ છે.

પરિયોજના

નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ

પ્રોજેક્ટને મંજૂરી
6 જુલાઈ 2007

ખર્ચ
₹19,646 કરોડ

પ્રગતિ પર સમીક્ષા
25 માર્ચ 2015,
29 સપ્ટેમ્બર 2021

કામ પૂર્ણ
25 ડિસેમ્બર 2025

લાભ

મહારાષ્ટ્રના ખેડૂતો મધ્ય પૂર્વના સુપર માર્કેટ સાથે જોડાયા.

પરિયોજના

જમ્મુ-ઉધમપુર-શ્રીનગર બારામુલ્લા રેલ લિંક

ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક (US-BRL) સ્વતંત્ર ભારતમાં શરૂ કરવામાં આવેલી સૌથી મહત્વાકાંક્ષી રેલ પરિયોજનાઓ પૈકીની એક છે. હિમાલયની ઉબડ-ખાબડ ટેકરીઓમાં 272 કિલોમીટર સુધી ફેલાયેલી આ પરિયોજનામાં 119 કિલોમીટર સુરંગ છે. આમાં 38 સુરંગો ઉપરાંત ખીણ અને પહાડી માર્ગોને જોડતા 943 પુલ સામેલ છે. આ રેલ નેટવર્ક જમ્મુ-કાશ્મીર માટે ગતિશીલતા, વ્યાપાર અને પ્રવાસન ક્ષેત્રે એક નવો અધ્યાય ઉમેરે છે.

પ્રોજેક્ટને મંજૂરી
31 માર્ચ 1994

ખર્ચ
₹ 43,780 કરોડ

રેલ લાઈનની લંબાઈ
272 કિ.મી.

શુભારંભ
6 જૂન 2025

વિશેષતા

38 સુરંગ (લંબાઈ 119 કિમી), 943 પુલ

પ્રગતિ પર સમીક્ષા
24 જૂન 2015, 6 નવેમ્બર-2019 અને 30 ડિસેમ્બર-2020

- ☆ વિશ્વના સૌથી ઊંચા 359 મીટર રેલવે આર્ચ બ્રિજનું નિર્માણ થયું, જે ચિનાબ બ્રિજ પર બનાવવામાં આવ્યો છે.
- ☆ કાશ્મીરથી કન્યાકુમારી સુધી રેલ કનેક્ટિવિટી.

પરિયોજના

ખુર્દા-બલાંગીર ન્યૂ બ્રોડ ગેજ રેલ લિંક

મંજૂરી
31 માર્ચ 1994

કામની શરૂઆત
8 માર્ચ 2001

લંબાઈ
301 કિ.મી.

પ્રગતિ મંચ પર સમીક્ષા
30 સપ્ટેમ્બર 2015, 22 જાન્યુઆરી 2020

પૂર્ણ કરવાનું લક્ષ્ય
31 ડિસેમ્બર 2026

ખર્ચ
₹ 5,089 કરોડ

લાભ
પ્રાદેશિક વેપાર અને ભુવનેશ્વર-બલાંગીર વચ્ચેનું અંતર ઓછું થશે.

બાધા : વન મંજૂરી / જમીન સંપાદન

☆ આ રેલ લાઈન પરની તમામ 7 સુરંગોનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે.

પરિયોજના

અગરતલા-સબરૂમ નવી રેલ લાઈન

શિલાન્યાસ
ઓક્ટોબર 2008

પ્રગતિ મંચ પર સમીક્ષા
24 જૂન 2015

ખર્ચ: ₹5,138.51 કરોડ

બાધા: વન, વન્યજીવ, પર્યાવરણ

કામ શરૂ થયું
29 જુલાઈ 2009

ઉદ્ઘાટન
ઓક્ટોબર 2019

લાભ
અનાજ અને બળતણ જેવી આવશ્યક ચીજવસ્તુઓની હેરફેરનો ખર્ચ ઘટ્યો. આનાથી ત્રિપુરાના બજારોમાં કોઈપણ અવરોધ વિના સપ્લાય જળવાઈ રહ્યો અને કિંમતોમાં સ્થિરતા આવી.

પરિયોજના

સીવુડ-બેલાપુર-ઉરણ લાઈન

મંજૂરી
11 જુલાઈ 1997

પ્રગતિ મંચ પર સમીક્ષા
22 ફેબ્રુઆરી 2017

ખર્ચ
₹ 2,980.41 કરોડ

પૂર્ણ થવાની તારીખ
11 માર્ચ 2023

લાભ
બેલાપુર-ઉરણ રેલવે લાઈન વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સબ-અર્બન રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે, જેને નવી મુંબઈના આયોજનબદ્ધ વિકાસને વેગ આપવા માટે બનાવવામાં આવ્યો છે.

બાધા: વન, વન્યજીવ, પર્યાવરણ

પરિયોજના

હરિદાસપુર-પારાદીપ ન્યૂ રેલ લાઈન

મંજૂરી
1 જાન્યુઆરી 1997

પ્રગતિ મંચ પર સમીક્ષા
29 ઓગસ્ટ 2018

બાધા: જમીન સંપાદન અને અન્ય કેટલીક અડચણો

ખર્ચ
₹ 11,186 કરોડ

પૂર્ણ થવાની તારીખ
31 જુલાઈ 2020

લાભ
પારાદીપ પોર્ટથી રેલનું અંતર 40 કિમી ઓછું થયું. માલસામાનની હેરફેરની ક્ષમતામાં 25 થી 30% નો વધારો થયો. પ્રતિ દિવસ 20 થી 25 વધારાની માલગાડીઓની સંખ્યા વધી.

પરિયોજના

હૈદરાબાદ મેટ્રો રેલ (72 કિમી)

મંજૂરી
2012

પ્રગતિ મંચ પર સમીક્ષા
31 ડિસેમ્બર 2015

ખર્ચ
₹ 18,975 કરોડ

પૂર્ણ થવાની તારીખ
07 ફેબ્રુઆરી 2020

બાધા
વીજળી ટેરિફ સહિતની નાણાકીય અડચણો.

લાભ
આ PPP મોડલ હેઠળ વિકસિત વિશ્વની સૌથી મોટી મેટ્રો પરિયોજના છે. આમાં મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટનું એકીકરણ અને મોટા પાયે ટ્રાન્ઝિટ-ઓરિએન્ટેડ ડેવલપમેન્ટ સામેલ છે, જેનાથી શહેરી વાહનવ્યવહાર અને આર્થિક વિકાસ પર મોટી અસર પડી છે.

પરિયોજના

અમદાવાદ મેટ્રો રેલ (ફેઝ-1)

મંજૂરી
17 નવેમ્બર 2014

ખર્ચ
₹ 12,924.5 કરોડ

પ્રગતિ મંચ પર સમીક્ષા
25 એપ્રિલ 2018, 30 ડિસેમ્બર 2020

પૂર્ણ થવાની તારીખ
જાન્યુઆરી 2026

બાધા: નાણાકીય સમસ્યાઓ, જમીન સંપાદન.

લાભ
મુસાફરીના સમયમાં બચતની સાથે ઇંધણનો વપરાશ ઘટ્યો છે. હવાની ગુણવત્તામાં પણ સુધારો થયો છે અને વાહનવ્યવહારની સુરક્ષાની સાથે ભીડભાડમાં ઘટાડો થયો છે.

પરિયોજના

દિલ્હી MRTS ફેઝ-3

મંજૂરી
26 ડિસેમ્બર 2011

પ્રગતિ મંચ પર સમીક્ષા
27 મે 2015

ખર્ચ
₹ 38,585 કરોડ

પૂર્ણ થવાની તારીખ
6 ઓગસ્ટ 2022

લાભ
મેટ્રો કનેક્ટિવિટી મજબૂત થઈ, દિલ્હી-NCRમાં અવરજવર સરળ બની.

બાધા: જમીન સંપાદન, ખર્ચની વહેંચણી અને નિર્માણ સંબંધિત મુદ્દાઓ.

પરિયોજના

ગાડરવારા સુપર થર્મલ પાવર

મંજૂરી
2008

આધારશિલા
2014

આમાં 800 મેગાવોટના 2 યુનિટ છે.

રાષ્ટ્રને સમર્પિત
ઓક્ટોબર 2025

વિલંબનું કારણ
જમીન, ઇંધણ લિંકેજ અને અમલીકરણ સંબંધિત સમસ્યા.

લાભ
મધ્ય પ્રદેશ સહિત પશ્ચિમી રાજ્યોમાં અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત થયો.

- ☆ પ્રગતિ પ્લેટફોર્મ પર સમીક્ષા બાદ પ્રોજેક્ટે ગતિ પકડી.
- ☆ મધ્ય પ્રદેશના નરસિંહપુર જિલ્લામાં સ્થિત છે એનટીપીસીનો આ પ્રોજેક્ટ.

પરિયોજના

કુડગી-1 સુપર થર્મલ પાવર પ્લાન્ટ, 3X800 મેગાવોટ, એનટીપીસી

મંજૂરી
1 માર્ચ 2012

પ્રગતિ મંચ પર સમીક્ષા
24 જૂન 2015

ખર્ચ
₹ 18,382 કરોડ

પૂર્ણ થવાની તારીખ
3 ડિસેમ્બર 2018

લાભ
દક્ષિણ ભારતના ઔદ્યોગિક વિસ્તારોમાં વીજ પુરવઠો અને દક્ષિણ ભારતમાં ગ્રીડ સ્થિરતા.

બાધા: જમીન સંપાદન, વપરાશનો અધિકાર.

પરિયોજના

સોલાપુર સુપર થર્મલ પાવર સ્ટેશન

મંજૂરી
1 માર્ચ 2012

પ્રગતિ મંચ પર સમીક્ષા
30 ડિસેમ્બર 2015

ખર્ચ
₹ 11,406 કરોડ

પૂર્ણ થવાની તારીખ
29 માર્ચ 2019

લાભ
સોલાપુર સુપર થર્મલ પાવર સ્ટેશને વિશ્વસનીય વીજ પુરવઠો સુનિશ્ચિત કરીને, ઊર્જા સુરક્ષાને સુદ્રઢ બનાવીને તથા ક્ષેત્રીય આર્થિક વિકાસને સમર્થન આપીને મહત્વપૂર્ણ સામાજિક-આર્થિક મૂલ્યનું સર્જન કર્યું છે.

બાધા: વપરાશનો અધિકાર / રસ્તાનો અધિકાર, વીજળી, ઇંધણ અને જમીન સંપાદન.

પરિયોજના

કામેંગ હાઈડ્રો પાવર

મંજૂરી
નવેમ્બર 2004

પ્રગતિ મંચ પર સમીક્ષા
24 જૂન 2015

મુશ્કેલી: જમીન સંપાદન, વન, વન્યજીવ અને પર્યાવરણ.

ખર્ચ
₹ 8,458.95 કરોડ

પૂર્ણ થવાની તારીખ
10 ફેબ્રુઆરી 2021

લાભ
કામેંગ હાઈડ્રો પાવર પ્રોજેક્ટને કારણે અરુણાચલ પ્રદેશ દેશનું પાવર-સરપ્લસ રાજ્ય બની ગયું. એટલું જ નહીં, તે રીજનલ અને નેશનલ ગ્રીડને સરપ્લસ વીજળી સપ્લાય કરવા લાગ્યું.

પરિયોજના

પારે જલ વિદ્યુત (110 મેગાવોટ) - નીપકો લિમિટેડ

મંજૂરી
26 નવેમ્બર 2008

પ્રગતિ મંચ પર સમીક્ષા
27 ડિસેમ્બર 2015

મુશ્કેલીઓ: વન, વન્યજીવ, પર્યાવરણ અને રાઈટ ઓફ વેથી જોડાયેલી સમસ્યાઓ.

ખર્ચ
₹ 1,656.74 કરોડ

પૂર્ણ થવાની તારીખ
24 મે 2018

લાભ
પૂર્વોત્તરના સેવન સિસ્ટર્સ રાજ્યોની જલ વિદ્યુત ક્ષમતામાં મોટો ફેરફાર. સ્વચ્છ ઊર્જા દ્વારા ભારતના મોટા લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ.

પરિયોજના

જયપુર-સીકર-ચૂરૂ ગેજ કન્વર્જન

મંજૂરી
2008-09

પ્રગતિ મંચ પર સમીક્ષા
28 સપ્ટેમ્બર 2016

મુશ્કેલીઓ: વન, વન્યજીવ, પર્યાવરણ.

ખર્ચ
₹ 1,222 કરોડ

પૂર્ણ થવાની તારીખ
25 એપ્રિલ 2019

લાભ
1,500 મીટર સુધીની લંબાઈ ધરાવતી ટ્રેનોના સંચાલનને સક્ષમ બનાવ્યું. પ્રતિ ટ્રેન માલ વહન ક્ષમતા અંદાજે 5,000 મેટ્રિક ટનથી વધીને આશરે 13,000 મેટ્રિક ટન થઈ ગઈ.

જબલપુર-ગોંદિયા 285 કિમી ગેજ પરિવર્તન

મંજૂરી
17 જાન્યુઆરી 2003

પ્રગતિ મંચ પર સમીક્ષા
23 માર્ચ 2016

મુશ્કેલી: જમીન સંપાદન, વન, વન્યજીવ અને પર્યાવરણ ક્લિયરન્સ સાથે જોડાયેલી સમસ્યાઓ.

ખર્ચ
₹ 1,990.98 કરોડ

પૂર્ણ થવાની તારીખ
21 માર્ચ 2021

લાભ
આ પરિયોજના જબલપુરથી મોટા મેટ્રો શહેરો સુધી કોઈપણ ટ્રાન્સશિપમેન્ટ વગર પેસેન્જર અને માલસામાનની હેરફેર માટે સરળ કનેક્ટિવિટી આપે છે, જેનાથી મુસાફરીનો સમય અને લોજિસ્ટિક્સનો ખર્ચ ઓછો થાય છે. તે પૂર્વ મધ્ય પ્રદેશના આદિવાસી અને જંગલ વિસ્તારો માટે બજારો, હેલ્થકેર, શિક્ષણ અને જિલ્લા હબ સુધી પહોંચ વધારે છે.

પરિયોજના

2.5 MMT પાદુર વ્યૂહાત્મક ક્રૂડ ઓઈલ સ્ટોરેજ

મંજૂરી
7 જાન્યુઆરી 2004

પ્રગતિ મંચ પર સમીક્ષા
22 એપ્રિલ 2015 અને 23 માર્ચ 2016

મુશ્કેલીઓ: રાઈટ ટુ યુઝ અને રાઈટ ઓફ વે સંબંધિત સમસ્યાઓ

ખર્ચ
₹ 7,581 કરોડ

પૂર્ણ થવાની તારીખ
31 ડિસેમ્બર 2018

લાભ
પાદુર SPR શરૂ થવાથી માત્ર સામાજિક-આર્થિક ફાયદા જ નથી થયા, પરંતુ તેનું વ્યૂહાત્મક મહત્વ પણ છે. આનાથી ક્રૂડ ઓઈલના પુરવઠામાં અવરોધ અને ઈમરજન્સીનો સામનો કરવાની ભારતની ક્ષમતા મજબૂત થઈ છે.

પરિયોજના

કુડનકુલમ-APP ટ્રાન્સમિશન સિસ્ટમ

મંજૂરી
12 મે 2005

પ્રગતિ મંચ પર સમીક્ષા
04 નવેમ્બર 2015

મુશ્કેલીઓ: રાઈટ ઓફ વે અને રાઈટ ઓફ યુઝ સહિત અન્ય સમસ્યાઓ

ખર્ચ
₹ 2,577.23 કરોડ

પૂર્ણ થવાની તારીખ
31 ડિસેમ્બર 2019

લાભ
સ્વચ્છ પરમાણુ ઊર્જાને પ્રોત્સાહન આપીને વીજળી ગ્રીડની વિશ્વસનીયતા અને ઊર્જા સુરક્ષામાં સુધારો કર્યો અને મોંઘી વીજળીની ખરીદીમાં ઘટાડો કર્યો. ભારતના કાર્બન ઉત્સર્જન ઘટાડવાના લક્ષ્યોને સમર્થન આપ્યું અને પ્રાદેશિક આર્થિક વિકાસને વેગ આપી સમુદાયનો ભરોસો વધાર્યો.

પરિયોજના

બેમ્બલા સિંચાઈ

મંજૂરી
2 એપ્રિલ 2007

પ્રગતિ મંચ પર સમીક્ષા
25 ઓક્ટોબર 2023

મુશ્કેલીઓ: જમીન સંપાદન, નાણાકીય સમસ્યા

ખર્ચ
₹ 2,685.41 કરોડ

પૂર્ણ થવાની તારીખ
30 જૂન 2025

લાભ
આ પરિયોજનાને કારણે દુષ્કાળની સંભાવના ધરાવતા વિસ્તારોમાં ખેતીની અનિશ્ચિતતા દૂર થઈ. પાકની સઘનતા વધી અને વરસાદ પરની નિર્ભરતા ઓછી થઈ.

શહેરી કનેક્ટિવિટીને નવી ગતિ અને શહેરી પડકાર કોષ શરૂ કરવાની મંજૂરી

કેન્દ્ર સરકાર રેલ, રોડ, મેટ્રો, દરેક ક્ષેત્રમાં કનેક્ટિવિટીને નવી ગતિ આપીને 'વિકસિત ભારત'નો મજબૂત પાયો નાખી રહી છે. આ શ્રૃખંલામાં દિલ્હી, હરિયાણા, મહારાષ્ટ્ર, કર્ણાટકમાં રેલવે લાઈનોના વિસ્તરણ, ગુજરાતના NH-56, મહારાષ્ટ્રના NH-160A અને તેલંગાણામાં NH-167 ના પહોળો કરવા સાથે નોઈડા સેક્ટર-142 થી બોટનિકલ ગાર્ડન સુધી મેટ્રો એક્સટેન્શનના પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે. સાથે જ, સ્ટાર્ટઅપ ફંડ, 1 લાખ કરોડ રૂપિયાના અર્બન ચેલેન્જ ફંડ અને બ્રહ્મપુત્ર અંડરવોટર ટનલ સહિત અનેક મહત્વપૂર્ણ પ્રસ્તાવોને પણ મંજૂરી અપાઈ...

નિર્ણય: અસમમાં બ્રહ્મપુત્ર નદીની નીચે બે લેનવાળી ટ્વિન ટ્યુબ TBM રોડ અને એક ટ્યુબમાં રેલવેના માળખાગત ઢાંચાની જોગવાઈ સાથે નદીની નીચે એક સુરંગ નિર્માણને મંજૂરી. તેની કુલ લંબાઈ 33.7 કિલોમીટર હશે.

પ્રભાવ: આ ભારતની પ્રથમ અને વિશ્વની બીજી જલમગ્ન રોડ-કમ-રેલ ટનલ હશે. આ પરિયોજનાથી આસામ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ અને અન્ય ઉત્તર-પૂર્વીય રાજ્યોને મહત્વપૂર્ણ લાભ મળશે. આનાથી માલસામાનની હેરફેરની કાર્યક્ષમતા વધશે અને લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે. વિસ્તારમાં સામાજિક-આર્થિક વિકાસને વેગ મળશે. પરિયોજના પૂર્ણ થવા પર, તે વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. સાથે જ, આનાથી પ્રાદેશિક આર્થિક વિકાસ, મુખ્ય આર્થિક કેન્દ્રો વચ્ચે સંપર્ક અને વ્યાપાર તેમજ ઔદ્યોગિક વિકાસના નવા દ્વાર ખુલશે. આ પરિયોજના અંદાજે 80 લાખ માનવ-દિવસ જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન કરશે.

નિર્ણય: દિલ્હી, હરિયાણા, મહારાષ્ટ્ર અને કર્ણાટકના 12 જિલ્લાઓમાં વધારાના પાટા બિછાવવાની ત્રણ પરિયોજનાઓને મંજૂરી.

પ્રભાવ: ભારતીય રેલવેના વર્તમાન નેટવર્કમાં અંદાજે 389 કિલોમીટરનો વધારો થશે. પરિયોજનાની અંદાજિત કિંમત 18,509 કરોડ છે. આ 2030-31 સુધીમાં પૂર્ણ થશે. આ દરમિયાન આશરે 2.65 કરોડ માનવ-દિવસ રોજગારી ઊભી થશે. આ પહેલથી મુસાફરી સરળ બનશે, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટશે. તેલની આયાત અને કાર્બન ઉત્સર્જન ઘટશે. સાથે જ ટકાઉ અને કાર્યક્ષમ રેલ કામગીરીમાં સહયોગ મળશે.

નિર્ણય: ભારતના વધતા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મોટું પ્રોત્સાહન આપતા સ્ટાર્ટઅપ ઈન્ડિયા ફંડ ઓફ ફંડ્સ 2.0 (સ્ટાર્ટઅપ ઈન્ડિયા FOF 2.0) ની સ્થાપનાને મંજૂરી.

પ્રભાવ: આ માટે કુલ 10,000 કરોડ રૂપિયાનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે. આનો હેતુ દેશના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે વેન્ચર કેપિટલ એકત્ર કરવાનો છે. યોજના બનાવવાનો ઉદ્દેશ્ય લાંબા ગાળાની સ્થાનિક મૂડી એકત્ર કરીને, વેન્ચર કેપિટલ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાનો છે. સાથે જ દેશભરમાં નવાચાર-આધારિત ઉદ્યોગસાહસિકતાને સમર્થન આપીને ભારતના સ્ટાર્ટઅપ પ્રવાસના આગામી તબક્કાને વેગ આપવાનો છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ હેઠળ શરૂ કરવામાં આવેલ સ્ટાર્ટઅપ ઈન્ડિયા FOF 2.0, ભારતને વિશ્વના અગ્રણી સ્ટાર્ટઅપ દેશોમાંનો એક બનાવવા માટે લગભગ એક દાયકાથી કરવામાં આવી રહેલા સતત પ્રયાસોનું પરિણામ છે.

નિર્ણય: બજાર આધારિત શહેરી પરિવર્તનને ગતિ આપવા માટે એક લાખ કરોડ રૂપિયાના શહેરી પડકાર કોષને મંજૂરી.

પ્રભાવ: શહેરી પડકાર કોષ ઉચ્ચ ગુણવત્તાવાળા શહેરી માળખાગત ઢાંચાના નિર્માણ માટે બજાર નાણા, ખાનગી ભાગીદારી અને

"મંત્રીમંડળે ગોહપુર અને નુમાલીગઢ વચ્ચે એક 4-લેન એક્સેસ-કંટ્રોલ્ડ ગ્રીન ફિલ્ડ કોરિડોર ને પણ મંજૂરી આપી છે. આમાં બ્રહ્મપુત્રા નદીની નીચે ભારતની પહેલી અંડરવોટર રોડ-કમ-રેલ ટનલ સામેલ છે. આ પરિવર્તનકારી પરિયોજના આસામ અને સમગ્ર પૂર્વોત્તરમાં કનેક્ટિવિટી વધારશે, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડશે અને વિકાસને ગતિ આપશે."

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

નાગરિક-કેન્દ્રીત સુધારાઓનો લાભ ઉઠાવશે. આ કોષનો ઉદ્દેશ્ય સ્થિતિસ્થાપક, ઉત્પાદક, સર્વસમાવેશક અને આબોહવા-અનુકૂળ શહેરોનું નિર્માણ કરવાનો છે જેથી આ શહેરો દેશના આર્થિક વિકાસના આગામી તબક્કાના મુખ્ય પ્રેરક બની શકે. આ કોષ નાણાકીય વર્ષ 2025-26 થી નાણાકીય વર્ષ 2030-31 સુધી કાર્યરત રહેશે, જેનો અમલીકરણ સમયગાળો નાણાકીય વર્ષ 2033-34 સુધી વધારી શકાય છે.

નિર્ણય: નોર્થ બ્લોક અને સાઉથ બ્લોકમાંથી 'સેવા તીર્થ' અને 'કર્તવ્ય ભવનો' માં સ્થળાંતર કરવાના પ્રસ્તાવને સ્વીકૃતિ. 'યુગે યુગીન ભારત' રાષ્ટ્રીય સંગ્રહાલય માટે માર્ગ પ્રશસ્ત.

પ્રભાવ: 13 ફેબ્રુઆરી, 2026 ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવું પ્રધાનમંત્રી કાર્યાલય જેને હવે 'સેવા તીર્થ' ના નામથી ઓળખવામાં આવશે, તે રાષ્ટ્રને સમર્પિત કર્યું. સાઉથ બ્લોકના તે રૂમમાં 13 ફેબ્રુઆરીએ છેલ્લી વખત કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક મળી હતી. તે માત્ર સ્થળ પરિવર્તનની ક્ષણ નહોતી પરંતુ તે ઈતિહાસ અને ભવિષ્યના સંગમની પળ પણ બની. સાથે જ કેન્દ્રીય મંત્રીમંડળે એવો સંકલ્પ પણ લીધો કે નોર્થ અને સાઉથ બ્લોકને 'યુગે યુગીન ભારત રાષ્ટ્રીય સંગ્રહાલય' નો ભાગ બનાવવામાં આવે, જે આપણી હજારો વર્ષ જૂની સભ્યતાથી પેઢીઓને પ્રેરિત કરતું રહેશે. આ સંગ્રહાલય, આપણી કાલાતીત અને શાશ્વત સાંસ્કૃતિક વિરાસતના ઉત્સવનું પ્રતીક હશે અને આપણા ગૌરવશાળી ભૂતકાળને સમૃદ્ધ ભવિષ્ય સાથે જોડશે.

નિર્ણય: મહારાષ્ટ્રમાં એનએચ-160એ ના ઘોટી-ત્ર્યંબક (મોખાદા)-જવ્હાર-મનોર-પાલઘર ખંડના પુનઃવિકાસ અને ઉન્નતીકરણને મંજૂરી. તેને પાકી પેટા-સડક સાથે 2 લેન/4 લેન તરીકે નિર્મિત કરવામાં આવશે.

પ્રભાવ: તેની કુલ લંબાઈ 154.635 કિમી અને કુલ મૂડીગત ખર્ચ 3,320.38 કરોડ રૂપિયા છે. આ નિર્માણ કાર્ય-એન્જિનિયરિંગ, ખરીદી અને નિર્માણ મોડમાં પૂર્ણ કરવામાં આવશે. પરિયોજના પૂર્ણ થવા પર તે સુચારૂ અને સુરક્ષિત વાહનવ્યવહાર સુનિશ્ચિત કરશે. સાથે જ, મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ ઉપરાંત, પરિયોજનાના અમલીકરણથી આદિવાસી વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો થશે. એવો અંદાજ છે કે આ પરિયોજનાથી લગભગ 19.98 લાખ માનવ-દિવસોની પ્રત્યક્ષ રોજગારી અને 24.86 લાખ માનવ-દિવસોની પરોક્ષ રોજગારી પેદા થશે.

કેબિનેટના નિર્ણયો પર પ્રેસ બ્રિફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો.

નિર્ણય: નોઈડા સેક્ટર 142 થી બોટનિકલ ગાર્ડન (નોઈડા) સુધીના 11.56 કિલોમીટર લાંબા અને 8 સ્ટેશનોવાળા વિસ્તરણ કોરિડોરને સ્વીકૃતિ.

પ્રભાવ: આમાં 8 એલિવેટેડ સ્ટેશનો હશે. આ કોરિડોર કાર્યરત થવા પર નોઈડા અને ગ્રેટર નોઈડામાં 61.62 કિલોમીટરનું સક્રિય મેટ્રો રેલ નેટવર્ક થઈ જશે. આ ઉપરાંત, આ કોરિડોર બોટનિકલ ગાર્ડન (બ્લુ લાઈન) અને મેજેન્ટા લાઈન પર ઈન્ટરચેન્જ સહિત મહત્તમ માંગ ધરાવતા કોરિડોર સાથે સીધી કનેક્ટિવિટી સુવિધા પણ પૂરી પાડશે.

નિર્ણય: ગુજરાતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-56 ના ધમાસિયા-બિટાદા/મોવી અને નાસરપુર-માલોથા ખંડોને 4 લેનમાં પરિવર્તિત કરવાની મંજૂરી.

પ્રભાવ: આ પરિયોજનાની કુલ લંબાઈ 107.67 કિમી અને કુલ મૂડી ખર્ચ 4583.64 કરોડ રૂપિયા છે. આ પરિયોજના રાષ્ટ્રીય ધોરીમાર્ગ (એનએચ)-56 નો એક ભાગ છે. તે 100 કિમી/કલાકની ઝડપ માટે ડિઝાઈન કરવામાં આવી છે, જેમાં સરેરાશ ઝડપ 70 કિમી/કલાક રહેશે. આનાથી મુસાફરીનો સમય 40 ટકા સુધી ઘટી જશે. સમય 2.5 કલાકથી ઘટીને 1.5 કલાક થઈ જશે. આનાથી લગભગ 19.38 લાખ માનવ-દિવસની પ્રત્યક્ષ રોજગારી અને 22.82 લાખ માનવ દિવસની પરોક્ષ રોજગારીનું સર્જન થશે.

નિર્ણય: તેલંગાણામાં હૈદરાબાદ-પણજી આર્થિક કોરિડોર પર ગુડેબેલૂરથી મહેબૂબનગર સુધી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-167 ને ચાર-લેન સુધી પહોળો કરવાની મંજૂરી.

પ્રભાવ: આ પરિયોજનાની કુલ લંબાઈ 80.01 કિલોમીટર છે. તેનો કુલ મૂડીગત ખર્ચ 3,175.08 કરોડ રૂપિયા છે. આ પરિયોજના રાષ્ટ્રીય ધોરીમાર્ગ (અન્ય) યોજના હેઠળ હાઈબ્રિડ એન્યુટી મોડ પર અમલમાં મૂકવામાં આવશે. પરિયોજના પૂર્ણ થવા પર રાષ્ટ્રીય ધોરીમાર્ગ-167 પ્રાદેશિક આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે. મુખ્ય ધાર્મિક અને આર્થિક કેન્દ્રો વચ્ચે સંપર્ક મજબૂત થશે. વેપાર અને ઔદ્યોગિક વિકાસ માટે નવી તકો ઉભી થશે.

'પરીક્ષા પે ચર્ચા 2026' કાર્યક્રમનો એપિસોડ-2

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો મંત્ર

અભ્યાસ અને કળા બંને ઉપયોગી

પરીક્ષા પે ચર્ચા 2026 નો કાર્યક્રમ આ વખતે કંઈક અલગ, કંઈક ખાસ રહ્યો. ઘણા બધા વિદ્યાર્થીઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સલાહ આપી હતી કે દેશના અલગ-અલગ ભાગોમાં પણ પરીક્ષા પે ચર્ચા થવી જોઈએ. આ જ કારણ છે કે આ વખતે તેમણે દેશના અલગ-અલગ ભાગોમાં પણ વિદ્યાર્થીઓ સાથે બેસીને પરીક્ષા પે ચર્ચા કરી. 9 ફેબ્રુઆરીએ પરીક્ષા પે ચર્ચાના બીજા સ્પેશિયલ એપિસોડમાં તેમણે કોઈમ્બતુર, રાયપુર, દેવમોગરા અને ગુવાહાટીના વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી અને સફળતાના અનેક મંત્રો આપ્યા...

ગમે ત્યારે શરૂ કરી શકો છો સ્ટાર્ટઅપ

જરૂરી નથી કે સ્ટાર્ટઅપ માટે 25 વર્ષની ઉંમર હોય, તમે ગમે ત્યારે શરૂ કરી શકો છો. નાના-નાના સ્ટાર્ટઅપથી પણ કામ શરૂ થઈ શકે છે.

પ્રધાનમંત્રી મોદીનો અભ્યાસ મંત્ર

અભ્યાસ અને શોખ બંને ઉપયોગી છે. આ એકબીજાના પૂરક છે. કળા સર્જનાત્મકતા શીખવામાં મદદ કરી શકે છે અને થાક ઓછો કરી શકે છે. શિક્ષણને પ્રાથમિકતા આપવાની સાથે પોતાની વ્યક્તિગત રુચિઓ માટે પણ સમય કાઢવો જરૂરી છે.

વિકસિત ભારતમાં યુવાનોનું યોગદાન

ગમે ત્યાં કચરો ફેંકી દીધો, તે નહીં ચાલે. અત્યારે અહીં રેડ લાઈટ છે, મારે સ્કૂટર ઊભું રાખી દેવું જોઈએ. અમે પરિવારમાં નક્કી કરીશું કે જમ્યા પછી કંઈપણ એઠું નહીં છોડીએ. 'વોકલ ફોર લોકલ' હેઠળ હું મારા દેશની વસ્તુઓ ખરીદીશ. જો આપણે દેશના તમામ નાગરિકો નાની-નાની બાબતોનું ધ્યાન રાખીએ, તો આપણે ચોક્કસપણે વિકસિત ભારત બનાવવામાં આપણી જવાબદારી નિભાવી શકીએ છીએ.

પ્રેરણા અને શિસ્ત

જીવનમાં પ્રેરણા અને શિસ્ત બંને બાબતો મહત્વની છે. જો શિસ્ત હશે જ નહીં, તો ગમે તેટલી પ્રેરણા હશે તો પણ તે શું કામ આવશે? જીવનમાં શિસ્ત ખૂબ જ અનિવાર્ય છે, તે પ્રેરણામાં સોનામાં સુગંધ ભળવા જેવું કામ કરે છે.

ટેકનોલોજીને સમજો

પ્રયત્ન એવો હોવો જોઈએ કે આપણે ટેકનોલોજીના ગુલામ ન બનીએ. આપણે દરેક ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી શકીએ છીએ. આપણે પોતે વિસ્તાર કરવો પડશે, તેમાં ટેકનોલોજીની શક્તિને જોડવી પડશે. કાર્યોમાં 'વેલ્યૂ એડિશન' કરો. જો આવું થશે તો ગમે તેવી ઉત્તમ ટેકનોલોજી કેમ ન આવે, આપણે ડરવાની જરૂર નથી.

યાત્રામાં ભારતની વિવિધતામાંથી શીખ

આપણે ગમે ત્યાં જઈએ, એક વિદ્યાર્થી તરીકે જવું જોઈએ. ત્યારે જ પ્રવાસની મજા આવે છે. રેલવેના ડબ્બામાં જાઓ અને ખાસ કરીને સાથે જમવાનું પણ લઈ જવું. જોજો કેવો અનુભવ થાય છે. ભીડ હોય છે, શું થાય છે, લોકો વાતો કરે છે, શું કરે છે, તેનો એક આનંદ હોય છે. જીવનમાં ઘણું શીખવા મળે છે. ભારત એટલી વિવિધતાઓથી ભરેલું છે કે તેને જોવા માટે એક જિંદગી પણ ઓછી પડી જાય.

જે વાંચ્યું છે તે નકામું નથી ગયું

તમે જે સાંભળ્યું છે, જે વાંચ્યું છે, તે નકામું નથી ગયું. ક્યાંક ને ક્યાંક તો તે સંગ્રહાયેલું જ છે. તમે શાંત મને બેસો, ચિંતા ન કરો. જેવું પેપર આવે તે જોઈ લો. બીજી વસ્તુ, તમને વિષય પર પકડ હોવી જોઈએ, તો જ તમે સારા વિદ્યાર્થી બની શકશો.

પીએમ મોદીના જીવનમાં શિક્ષકની ભૂમિકા

પ્રધાનમંત્રી મોદીએ પોતાના જીવનમાં શિક્ષકોની ભૂમિકા વિશે એક વિદ્યાર્થીના પ્રશ્નનો ઉત્તર આપતા કહ્યું કે શિક્ષકોએ તેમના જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે યાદ કર્યું કે કેવી રીતે તેમના શિક્ષકો તેમને દરરોજ પુસ્તકાલય જવા, ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં તંત્રીલેખ વાંચવા, તેને લખવા અને બીજા દિવસે તેના પર ચર્ચા કરવા માટે પ્રોત્સાહિત કરતા હતા. આનાથી તેમનામાં શિસ્ત અને જિજ્ઞાસાનો ભાવ પેદા થયો. તેમણે પોતાના પ્રાથમિક શાળાના દિવસોના પરમાર સરની યાદો શેર કરી જે શારીરિક ફિટનેસ પર ખૂબ ભાર મૂકતા હતા. તેઓ તેમને યોગ અને મલ્લખંભ શીખવતા હતા. ભલે તેઓ વ્યાવસાયિક ખેલાડી ન બની શક્યા પરંતુ આનાથી તેમને સ્વાસ્થ્યનું મહત્વ સમજાયું. તેમણે કહ્યું કે દરેક મહાન વ્યક્તિના જીવનમાં બે મુખ્ય પ્રભાવ હંમેશા યાદ રાખવામાં આવે છે - એક તેમની માતાનો અને બીજો તેમના શિક્ષકનો.

દરેક સ્ટુડન્ટને સાંભળવા, સમજવા અને કંઈક ને કંઈક શીખવું

પરીક્ષાની વાતની સાથે સાથે લોક સંગીત, આસામની ચા, તે પણ પરીક્ષા પે ચર્ચાનો યાદગાર હિસ્સો બની ગઈ. આ એપિસોડમાં બધી ચર્ચાઓમાં સ્થળ અલગ-અલગ હતું. વિદ્યાર્થીઓ અલગ-અલગ હતા અને અનુભવ પણ અલગ હતો. પરંતુ દરેક ચર્ચાનો ઉદ્દેશ્ય એક જ હતો. દરેક વિદ્યાર્થીને સાંભળવા, સમજવા અને સાથે મળીને કંઈક ને કંઈક શીખવું.

પ્રધાનમંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

અભ્યાસ અને રમતગમત વચ્ચે સંતુલન જાળવવું

જીવન અને સમાજ બંનેમાં શિક્ષણની જરૂર છે. તેને ઓછું આંકવું જોઈએ નહીં. એવી ભૂલ ક્યારેય ન કરતા કે 'હું રમતગમતમાં બહુ સારો છું, એટલે મારે ભણવાની જરૂર નથી'. પરંતુ માત્ર શિક્ષણ જ બધું કરી લેશે, એવું પણ નથી. તમારામાં જે પણ હુનર છે, તેને વિકસાવવું જોઈએ. ખેલાડી બનવા માટે રમો એ એક વિષય છે, પરંતુ જીવનમાં રમત હોવી જોઈએ, તે પણ ખૂબ જરૂરી છે.

પર્યાવરણ સંરક્ષણ આપણો સ્વભાવ હોવો જોઈએ

પ્રાકૃતિક સંપત્તિને બચાવવી એ આપણા સ્વભાવમાં હોવું જોઈએ અને ધીરે ધીરે આપણે લોકોને જોડવા જોઈએ. જો આપણે માનવીય રીતે વ્યવહાર કરીશું તો પરિવર્તન આવવાનું શરૂ થઈ જાય છે.

લીડરની ભૂમિકામાં તૈયાર થવું જોઈએ

જે કામ છે તે મનમાં નક્કી કરી લો. કોઈ કરે કે ન કરે, 'હું કરીશ'. જ્યારે આ ભાવ આવી જશે અને હું મારી જાતથી શરૂઆત કરીશ, ત્યારે તમે જુઓ કે આપોઆપ નેતૃત્વ આવવા લાગશે. આપણે હંમેશા આપણી જાતને લીડરની ભૂમિકા માટે તૈયાર કરવી જોઈએ. પરંતુ લીડરનો અર્થ એ નથી કે ચૂંટણી લડવી, રાજકીય પક્ષ બનાવવો, પાર્ટીઓમાં જવું કે લચ્છેદાર ભાષણો આપવા. લીડર એટલે, લીડરશિપમાં એક ગુણ હોવો ખૂબ જરૂરી છે કે તમે તમારી વાત 10 લોકોને સમજાવી શકો.

ગુજરાતના આદિવાસી વિસ્તારોનો વિકાસ

ગુજરાતમાં પાલ-ચિતરિયાના આદિવાસી સમાજે આઝાદીનો બહુ મોટો સંઘર્ષ કર્યો હતો. એક સમયે જ્યારે ત્યાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો, ત્યારે મેં તે વિસ્તારમાં ઘણા દિવસો સુધી રહીને કામ કર્યું હતું. તે સમયે મને લાગતું હતું કે અહીં શિક્ષણ પર ધ્યાન આપવું જોઈએ. ત્યારબાદ જ્યારે મને તક મળી અને હું મુખ્યમંત્રી બન્યો, ત્યારે મેં તેના પર ધ્યાન આપવાનું શરૂ કર્યું. તમને જાણીને નવાઈ લાગશે કે એક સમય એવો હતો જ્યારે ઉમરગામથી અંબાજી સુધી એક પણ સાયન્સ સ્કૂલ નહોતી. હવે તો ત્યાં બે યુનિવર્સિટીઓ છે, સાયન્સ સ્કૂલો છે, આઈ.ટી.આઈ. છે અને ઘણો મોટો બદલાવ આવ્યો છે. તેનો ખૂબ મોટો લાભ મળી રહ્યો છે.

માતા-પિતાએ સરખામણી કરવાનું ટાળવું જોઈએ

માતા-પિતાએ સરખામણી કરવાથી બચવું જોઈએ. હું દરેક માતા-પિતાને કહું છું કે મહેરબાની કરીને પરિવારમાં કોઈની સામે એટલા પણ

વખાણ ન કરો કે બાળકની આદત બગડી જાય. એક બાળકના એટલા વખાણ ન કરો કે બીજા બાળકને એવું લાગે કે 'જુઓ, દર વખતે આ લોકો દુનિયા સામે આની જ વાતો કરતા રહે છે, મારી તો વાત જ કરતા નથી'.

તમે દરેક વસ્તુ કરી શકો છો

જો તમને પોતાની જાત પર વિશ્વાસ હોય, તો તમે દરેક મુશ્કેલીને પાર કરી શકો છો. જેને પોતાની જાત પર વિશ્વાસ હોય તે શું કરે છે? તે આખી પરિસ્થિતિનો મનમાં અભ્યાસ કરે છે. આપણે જે સ્થિતિ છે તેનું અવલોકન કરીએ, એકવાર પરિસ્થિતિનો અંદાજ લગાવી લેવો જોઈએ કે આવું થયું હતું. પછી જુઓ, તમને લાગશે કે 'હા, બરાબર છે, હું આ કરી લઈશ'. આ 'આત્મવિશ્વાસ' શબ્દને તેના સાચા અર્થમાં જીવનમાં સમજવાનો છે. આ આત્મની વાત છે, પોતાની જાતની વાત છે. બીજું કોઈ ઠીક નથી કરતું, આપણે પોતે જ કરવાનું હોય છે. ■

રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ, પીએમ મોદીનો જવાબ

હવે આગળ વધીને નેતૃત્વ કરશે ભારત

"આજે મારો દેશ પૂરુ સામર્થ્ય બતાવી રહ્યો છે. આ ત્યારે જ થાય છે જ્યારે તમારી પાસે આર્થિક સામર્થ્ય હોય, તમારા નાગરિકોમાં દેશ પ્રત્યે ઊર્જા હોય અને ખાસ કરીને મેન્યુફેક્ચરિંગ માટે એક મજબૂત ઈકોસિસ્ટમ હોય, ત્યારે જ વિશ્વ તમારી સાથે ડીલ કરવા માટે આગળ આવે છે."

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ દરમિયાન 5 ફેબ્રુઆરીએ જવાબ આપતા રાજ્યસભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અર્થવ્યવસ્થા, વેપાર સમજૂતીઓ સહિત અનેક મુદ્દાઓ પર પોતાની વાત રાખી. આશરે દોઢ કલાકના સંબોધનમાં પીએમ મોદીએ રાષ્ટ્રપતિના અભિભાષણ બદલ આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે હવે ભારત પાછળ નહીં રહે, આગળ વધીને નેતૃત્વ કરશે. પ્રસ્તુત છે સંબોધનના સંપાદિત અંશો...

પાછલાં એક વર્ષમાં થયેલી ઝડપી પ્રગતિ

ગયું વર્ષ વિકસિત ભારતના પ્રવાસમાં ઝડપી પ્રગતિનું રહ્યું છે, જેમાં દરેક ક્ષેત્ર અને સમાજના તમામ વર્ગોમાં બદલાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. દેશ ખૂબ જ ઝડપથી સાચી દિશામાં આગળ વધી રહ્યો છે. રાષ્ટ્રપતિએ આ વિષયોને સંવેદનશીલતા અને સ્પષ્ટતા સાથે રજૂ કર્યા. રાષ્ટ્રપતિએ મધ્યમ વર્ગ, નિમ્ન મધ્યમ વર્ગ, ગરીબ, ગામડાં, ખેડૂત, મહિલા, વિજ્ઞાન, ટેકનોલોજી, કૃષિ, તમામ વિષયોને લઈને ખૂબ જ વિગતવાર ભારતની પ્રગતિનો એક સૂર સંસદમાં રજૂ કર્યો છે. દેશના યુવાનો ભારતના સામર્થ્યને કેવી રીતે આગળ વધારી રહ્યા છે, તેની પણ વિગતવાર ચર્ચા કરી છે.

ઝડપથી આગળ વધવાનું છે, લક્ષ્ય હાંસલ કરવાનું છે

21મી સદીનું પહેલુ ક્વાર્ટર પૂરું થઈ ગયું છે. જે રીતે ગઈ સદીનું બીજુ ક્વાર્ટર ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં નિર્ણાયક હતું, તેવી જ રીતે આ બીજુ ક્વાર્ટર પણ વિકસિત ભારત બનાવવા માટે તેટલુ જ શક્તિશાળી અને ઝડપી ગતિવાળું હશે. દરેક નાગરિક અનુભવે છે કે દેશ એક મહત્વના પડાવ પર પહોંચી ગયો છે, જ્યાં રોકાવા કે પાછા વળવાનો કોઈ સવાલ જ નથી, બસ ઝડપથી આગળ વધવાનું છે. લક્ષ્ય હાંસલ કરવાનું છે અને તેને મેળવ્યા પછી જ શાંતિનો શ્વાસ લેવાનો છે અને આ જ દિશામાં દેશ આગળ વધી રહ્યો છે.

યુવા વસ્તી ધરાવતો દેશ

વર્તમાનમાં આપણે જોઈએ તો, ભારતને એક સાથે અનેક અનુકૂળ પરિસ્થિતિઓના આશિર્વાદ મળ્યા છે. સૌથી મોટી વાત એ છે કે, વિશ્વના સમૃદ્ધમાં સમૃદ્ધ દેશો પણ વૃદ્ધ થઈ રહ્યા છે, ત્યાંની વસ્તી ઉંમરના એ તબક્કે પહોંચી છે, જેમને આપણે વૃદ્ધ તરીકે ઓળખતા હતા. આપણો દેશ એવો છે જે વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે, સાથે સાથે દિવસેને દિવસે આપણો દેશ યુવાન થઈ રહ્યો છે. આ પોતાનામાં એક ઘણી સારી પરિસ્થિતિ છે. વિશ્વનું ભારત પ્રત્યે આકર્ષણ વધ્યું છે. તેમાં પણ વિશ્વ ભારતના ટેલેન્ટનું મહાત્મ્ય સમજી રહ્યું છે. આપણી પાસે આજે દુનિયાનો ઘણો જ મહત્વપૂર્ણ ટેલેન્ટ પૂલ છે, યુવા ટેલેન્ટ પૂલ છે, જેની પાસે સપના પણ છે, સંકલ્પ પણ છે અને સામર્થ્ય પણ છે.

આત્મવિશ્વાસથી ભરેલું ભારત

આજે કોઈ પણ સેક્ટર જોઈ લો ભલે સાયન્સ હોય, સ્પેસ હોય, સ્પોર્ટ્સ હોય, દરેક ક્ષેત્રમાં આજે ભારત આત્મવિશ્વાસથી ભરેલું ભારત છે. વિશ્વ મિત્ર તરીકે, આજે ભારત અનેક દેશોનો વિશ્વાસુ ભાગીદાર બન્યો છે અને આપણે ખભેથી ખભો મિલાવીને, વિશ્વ કલ્યાણની દિશામાં પણ આપણી યોગ્ય ભૂમિકા નિભાવી રહ્યા છીએ.

રિફોર્મ, પર્ફોર્મ, ટ્રાન્સફોર્મનો મંત્ર

આપણે રિફોર્મ, પર્ફોર્મ, ટ્રાન્સફોર્મના મંત્રને લઈને આગળ વધ્યા અને આજે સ્થિતિ એવી છે કે દેશ રિફોર્મ એક્સપ્રેસ પર સવાર થઈ ચૂક્યો છે. આપણે સ્ટ્રક્ચરલ, પ્રોસેસ સાથે જોડાયેલા અને પોલિસીમાં રિફોર્મ કર્યા છે. આપણું મેન્યુફેક્ચરિંગ સેક્ટર, ઉદ્યોગસાહસિકો સશક્ત બને, ભારત ની

ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ વધી રહ્યું છે ભારત

આજે વિશ્વમાં જે પડકારો પેદા થઈ રહ્યા છે, ભારત એ પડકારોનું સમાધાન આપનારી આશાનું કિરણ બન્યું છે. જ્યારે આપણને દેશની જનતાએ સેવા કરવાની તક આપી, ત્યારે 'Fragile Five' તરીકે આ દેશ ઓળખાતો હતો. દેશ આઝાદ થયો ત્યારે આપણે દુનિયામાં 6 નંબરની ઈકોનોમી હતા પરંતુ એવી હાલત થઈ કે 11 પર પહોંચાડી દીધા. આજે આપણે ત્રણ પર પહોંચવાની દિશામાં તેજ ગતિથી આગળ વધી રહ્યા છીએ.

નાના ખેડૂતોના ખાતામાં 4 લાખ કરોડ રૂપિયા આપ્યા

અમારા હૃદયમાં નાના ખેડૂતો પ્રત્યે એક દુઃખ હતું. અમે જમીની હકીકતથી પરિચિત હતા. તેના જ કારણે અમે પીએમ કિસાન સન્માન નિધિ યોજના લાવ્યા. આટલા ટૂંકા સમયમાં અમે નાના ખેડૂતોના ખાતામાં 4 લાખ કરોડ રૂપિયા આપ્યા છે. જેણે અમારા નાના ખેડૂતોને એક નવી તાકાત આપી છે. નવા સપના જોવાનું સામર્થ્ય આપ્યું છે. મને પૂરો વિશ્વાસ છે કે અમારો ખેડૂત તે દિશામાં ચોક્કસપણે ભારતની આશા-અપેક્ષા મુજબ પરિણામ આપશે.

દરેક વસ્તુનું વેલ્યુ એડિશન થાય, તે દિશામાં અમે પ્રયાસો કર્યા છે. હું વિશ્વાસ સાથે કહી શકું છું કે, આજે ભારત વિશ્વ સાથે સ્પર્ધા કરવા માટે પૂરી રીતે તૈયાર છે.

MSMEs નેટવર્ક પર વધી રહ્યો છે દુનિયાનો ભરોસો

MSMEનું વિશાળ નેટવર્ક જેટલું સામર્થ્યવાન હોય છે, તે લાંબા સમય સુધી ઈકોનોમીને એક તાકાત આપે છે. અમે તે દિશામાં ભાર મૂક્યો છે અને અનેક રિફોર્મ્સ કર્યા છે. આજે અમારા MSMEs નેટવર્ક પર દુનિયાનો ભરોસો વધી રહ્યો છે. અમે કદાચ વિમાન બનાવતા નહીં હોઈએ, પરંતુ એવા ઘણા વિમાનો છે, જેના અનેક સ્પેરપાર્ટ્સ મારા દેશના નાનામાં નાના MSMEs બનાવે છે.

બેંકોનું સ્વાસ્થ્ય સુધર્યું

બેંકોનું સ્વાસ્થ્ય સુધર્યું છે અને હજુ પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. અમે મુદ્રા યોજનાના માધ્યમથી 30 લાખ કરોડ રૂપિયાથી વધુની લોન દેશના યુવાનોના હાથમાં આપી. વુમન સેલ્ફ હેલ્પ ગ્રુપનો વિસ્તાર તો કર્યો જ, સાથે 10 કરોડ બહેનોને સીધી આર્થિક મદદની વ્યવસ્થા કરી. આજે, NPA એક ટકાથી નીચે છે, જે બેંકોના સ્વાસ્થ્ય માટે એક મહત્વપૂર્ણ પ્રોત્સાહન છે. એટલું જ નહીં, બેંકોનો પ્રોફિટ આજે રેકોર્ડ સ્તર પર છે. આ બાબત દેશની અર્થવ્યવસ્થાને મજબૂતી આપે છે. બેંકિંગ વ્યવસ્થા મજબૂત થાય છે, તો બાકીની અર્થવ્યવસ્થાને પણ મજબૂતી મળે છે, તે કામ કર્યું છે. PSUs ના સંબંધમાં પણ રિફોર્મ્સ કર્યા. આજે અમારા PSUs ને દેશમાંથી પણ અને દેશની બહારથી પણ ખૂબ મોટા ઓર્ડર મળવા લાગ્યા છે.

> ***મારા દેશના યુવાનો પર આપણને ગૌરવ હોવું જોઈએ, તેમના માટે આખું વિશ્વ બજાર હવે ખુલી ગયું છે. હવે તેમના માટે અવસર જ અવસર છે. હું તેમને કહું છું, આવો મિત્રો હું તમારી સાથે ખભેથી ખભો મિલાવીને ઉભો છું, હિંમત કરો આગળ વધો, દેશ તમારી સાથે ઉભો છે.***
>
> ***-નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

140 કરોડ સમાધાન અમારી પાસે

અમારી વિચારધારા છે કે 140 કરોડ દેશવાસીઓ એટલા સામર્થ્યવાન છે કે તેઓ પડકારોનું સમાધાન આપી શકે છે. અમારો ભરોસો દેશવાસીઓ પર છે, તેમના સામર્થ્ય પર અમારો ભરોસો છે અને આ જ લોકશાહીની પણ સાચી તાકાત હોય છે. અમારા માટે દરેક દેશવાસી ભારતના ઉજ્જવળ ભવિષ્યના સર્જક છે, નિર્માતા છે, રક્ષક છે.

2047 સુધી બનવાનું છે વિકસિત ભારત

અમે વિકસિત ભારતનું સપનું લઈને ચાલ્યા છીએ અને આજે તે સપનું દેશના લોકોની ઊર્જાને કારણે સંકલ્પમાં બદલાઈ ગયું છે. આજે ક્યાંય પણ જાઓ દરેક વ્યક્તિ એવું કહે છે કે 2047 સુધી

'ભારત' વૈશ્વિક મંચો પર ગ્લોબલ સાઉથનો બુલંદ અવાજ

આખું વિશ્વ ગ્લોબલ સાઉથની ચર્ચા કરે છે પરંતુ તે ચર્ચાના સૂત્રધાર તરીકે આજે ભારત વૈશ્વિક મંચો પર ગ્લોબલ સાઉથનો બુલંદ અવાજ બની ગયું છે. અનેક દેશો સાથે ભારત 'ફ્યુચર રેડી ટ્રેડ ડીલ્સ' કરી રહ્યું છે. છેલ્લા કેટલાક સમયમાં જ દુનિયાના મહત્વના 9 મોટા દેશો સાથે આપણી ટ્રેડ ડીલ થઈ છે અને તેમાં "Mother of all Deals" એકસાથે 27 દેશોના, યુરોપિયન યુનિયન સાથે થઈ છે.

વિકસિત ભારત બનવાનું છે. વિપક્ષના સમયમાં, 'ભારતે તક ગુમાવી દીધી' આ કહેવત સામાન્ય હતી, જે છૂટી ગયેલી તકોનું પ્રતીક હતું. આજે, ભારત કોઈ તક ગુમાવી રહ્યું નથી, પરંતુ હવે તે આગળ વધીને નેતૃત્વ કરશે.

મારો દેશ અજર-અમર રહેવાનો

દેશનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવાનું છે. વર્તમાનને પણ ઉજ્જવળ બનાવવા માટે અવિરત કાર્ય કરવું પડે છે. અમે વિકસિત ભારતના સપનાની ફ્લાઈટમાં 5 વર્ષની યોજના અને દર વર્ષનું બજેટ બનાવીએ છીએ. અમે દિશા નક્કી કરીને ચાલીએ છીએ. કારણ કે દેશ અજર-અમર રહેવાનો છે. અમે દેશની યુવા પેઢીના હાથમાં સમૃદ્ધ હિન્દુસ્તાન આપવાનું સપનું લઈને ચાલ્યા છીએ. ઘરમાં જે બાળક છે ને, તેમને જોઈને વિચારું છું કે હું તેના હાથમાં એવું હિન્દુસ્તાન આપીને જાઉં, જેથી અમને અમારા કામનો સંતોષ થાય.

નવી સિદ્ધિઓ સાથે આજે દેશ આગળ વધી રહ્યો છે

આજે જે પ્રકારે અમે ઈનિશિયેટિવ લીધા છે, ભલે સ્પેસ હોય, સાયન્સ હોય, ટેકનોલોજી હોય, સમુદ્રની ઊંડાઈ હોય, જળ-થળ-નભ, દરેક ક્ષેત્રમાં નવા સંકલ્પ, નવી ઊર્જા, નવા કદમ અને નવી સિદ્ધિઓ સાથે દેશ આજે આગળ વધી રહ્યો છે. આપણે ગ્રીન હાઈડ્રોજન પર કામ કરી રહ્યા છીએ. આપણે આવનારા યુગને સમજી રહ્યા છીએ. આપણે ક્વોન્ટમ કમ્પ્યુટિંગની વાત કરી રહ્યા છીએ. આપણે એઆઈ મિશન લઈને ચાલી રહ્યા છીએ. આજે દુનિયામાં ક્રિટિકલ મિનરલ રેર અર્થ રાજકીય હથિયાર બની ગયું છે, આપણે તેના પર ફોકસ કરી રહ્યા છીએ.

આવનારો સમય ભારત માટે અવસરોથી ભરેલો

આવનારો સમય ભારત અને તેના યુવાનો માટે અવસરોથી ભરેલો છે. હું જોઈ શકું છું અને તે દિશામાં નીતિઓ બનાવીને આપણે આગળ વધી રહ્યા છીએ. મારા દેશવાસીઓને હું આજે એ જ આગ્રહ કરીશ કે તમે ક્વોલિટીની બાબતમાં મારો સાથ આપો. ક્વોલિટીમાં કોમ્પ્રોમાઈઝ ન કરો. તમે જુઓ દુનિયા ફક્ત અને ફક્ત મેડ ઈન ઈન્ડિયા, મેડ ઈન ભારત, આના માટે ગીતો ગાવા લાગશે. ■

રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર પ્રધાનમંત્રીનો જવાબ જોવા માટે QR કોડ સ્કેન કરો.

સુધાર એક્સપ્રેસ પર સવાર ભારત

...એટલે પૂરી વ્યવસ્થા બદલવા પર થયું કામ

ભારત માટે આ દશક અભૂતપૂર્વ વિકાસ, બહેતર કામકાજ અને લોકતંત્રને મજબૂત કરવા વાળો રહ્યો છે. આ બધું અચાનક નથી થયું. ભારતે 2015 માં જ નીતિ આયોગના દસ્તાવેજમાં સ્પષ્ટ કર્યું હતું કે દેશ કોઈ પણ વિદેશી વિકાસ મોડલને નહીં અપનાવે પરંતુ પોતાની જરૂરિયાત અને અનુભવ અનુસાર પોતાનો રસ્તો નક્કી કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 13 ફેબ્રુઆરીએ ઈટી નાઉ ગ્લોબલ બિઝનેસ સમિટ 2026 માં કહ્યું કે મજબૂરીમાં કરેલા સુધારા ક્યારેય પણ સાચું પરિણામ નથી આપતા, એટલે સરકારે પૂરી વ્યવસ્થા બદલવા પર કામ કર્યું...

નવું ભારત જે વિકાસના દષ્ટિકોણ પર આગળ વધી રહ્યું છે તે નીતિએ દેશને પોતાની જરૂરિયાતો અને હિતો મુજબ નિર્ણય લેવાનો આત્મવિશ્વાસ આપ્યો છે. આ જ કારણ છે કે ઉથલ-પાથલ ભરેલા આ દશકમાં પણ ભારતની અર્થવ્યવસ્થા નબળી નથી થઈ, પરંતુ સતત મજબૂત થતી રહી. ઈટી નાઉ ગ્લોબલ સમિટ 2026 માં 'અવરોધોનો દાયકો, પરિવર્તનની શતાબ્દી' વિષય પર પોતાના વિચાર વ્યક્ત કરતા પ્રધાનમંત્રી મોદીએ જૂના સમયમાં બનાવવામાં આવતી કેબિનેટ નોટનું ઉદાહરણ આપ્યું. તેમણે કહ્યું કે કેબિનેટ નોટ તૈયાર કરવામાં પહેલા અઠવાડિયા કે મહિનાઓ લાગી જતા હતા, જેનાથી

સંબોધનના કેટલાક મુખ્ય બિંદુઓ

- 21મી સદીના આ દશકમાં ભારત રિફોર્મ એક્સપ્રેસ પર સવાર છે. રિફોર્મ એક્સપ્રેસને મજબૂરીમાં નહીં... પરંતુ મક્કમ નિર્ધાર સાથે, રિફોર્મના કમિટમેન્ટ સાથે ગતિ આપી રહ્યા છીએ.
- બજેટને માત્ર ખર્ચ-કેન્દ્રિત જ નહીં પરંતુ પરિણામ-કેન્દ્રિત પણ બનાવવામાં આવ્યું છે. 2014 પહેલા ઓફ બજેટ બોરોઈંગ પર ઘણી ચર્ચા થતી હતી, પરંતુ હવે ઓફ બજેટ રિફોર્મ્સ પર ચર્ચા થાય છે.
- બજેટથી અલગ, નેક્સ્ટ જનરેશન જીએસટી રિફોર્મ્સ થયા, પ્લાનિંગ કમિશનની જગ્યાએ નીતિ આયોગ બનાવ્યું, આર્ટિકલ 370ની દીવાલ પાડી દીધી, ટ્રિપલ તલાક વિરુદ્ધ કાયદો બનાવ્યો, નારી શક્તિ વંદન અધિનિયમ બનાવ્યો. બજેટમાં જાહેર થયા હોય કે બજેટની બહાર, રિફોર્મ એક્સપ્રેસ સતત ગતિ પકડી રહી છે.
- વીતેલા દશકમાં અમે ટેકનોલોજી અને ઈનોવેશનને ગ્રોથના મુખ્ય ડ્રાઈવર માન્યા છે. આ જ વિચાર સાથે, દેશમાં સ્ટાર્ટઅપ કલ્ચર, હેકાથોન કલ્ચરને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

જ્યારે રાષ્ટ્ર સર્વોપરી હોય છે, ત્યારે દરેક નિર્ણય અને નીતિ દેશના હિતમાં હોય છે. સરકારનો દૃષ્ટિકોણ સ્પષ્ટ છે, ભારતને વિકસિત બનાવવાની દિશામાં નિરંતર કામ કરવું. ભલે આજની પેઢી 2047 સુધી રહે કે ન રહે, રાષ્ટ્ર અને તેની આવનારી પેઢીઓ તો રહેશે જ. તેથી વર્તમાન પેઢીનું એ કર્તવ્ય છે કે તે ભવિષ્યને સુરક્ષિત અને ઉજ્જવળ બનાવવા માટે સ્વયંને સમર્પિત કરે.

-નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

વિકાસની ગતિ ધીમી રહેતી હતી. તેમની સરકારે નિર્ણય લેવાની પ્રક્રિયાને સમયબદ્ધ અને ટેકનોલોજી આધારિત બનાવી છે, જેથી ફાઈલો અનિશ્ચિત સમય સુધી લંબિત ન રહે અને તેના પરિણામો આજે સ્પષ્ટ રૂપે દેખાઈ રહ્યા છે.

વૈશ્વિક સ્તર પર 21મી સદીના પાછલા દાયકામાં ઘણા અવરોધો જોવા મળ્યા, જેમાં વૈશ્વિક મહામારી, વિવિધ ક્ષેત્રોમાં તણાવ અને યુદ્ધ તથા સપ્લાય ચેઈનમાં અવરોધો સામેલ છે. આ પડકારો છતાં, આ દશક ભારત માટે નોંધપાત્ર વિકાસ, ઉત્કૃષ્ટ પ્રદર્શન અને લોકશાહીના સુદ્રઢીકરણથી ભરેલો રહ્યો છે. આના પર પીએમ મોદીએ ગર્વ વ્યક્ત કરતા કહ્યું કે મુશ્કેલ સમયમાં જ કોઈ દેશની વાસ્તવિક શક્તિ સામે આવે છે. જ્યારે પાછલો દાયકો શરૂ થયો હતો, ત્યારે ભારત 11મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી પરંતુ આજે ભારત ઝડપથી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ અગ્રેસર છે. વર્તમાનમાં ભારત વૈશ્વિક વિકાસમાં 16% થી વધુનું યોગદાન આપે છે. આના પર પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ યોગદાન વર્ષોવર્ષ વધતું રહેશે.

પીએમ મોદીએ કહ્યું કે ભારતના મુક્ત વ્યાપાર કરારો પર વૈશ્વિક સ્તર પર વ્યાપક ચર્ચા થઈ રહી છે, પરંતુ 2014 પહેલા આવા કરારો કેમ શક્ય નહોતા? દેશ એ જ છે, યુવા શક્તિ એ જ છે, સરકારી સિસ્ટમ એ જ છે, તો શું બદલાયું? બદલાવ સરકારના વિઝનમાં આવ્યો છે, નીતિ અને દાનતમાં આવ્યો છે, ભારતના સામર્થ્યમાં આવ્યો છે. અંતિમ એક દશકમાં ભારતે વિવિધ ક્ષેત્રોમાં 38 દેશો સાથે વ્યાપાર કરાર કર્યા છે. આજનું ભારત આત્મવિશ્વાસથી ભરેલું છે, વૈશ્વિક સ્તર પર સ્પર્ધા કરવા માટે તૈયાર છે. પાછલા 11 વર્ષમાં ભારતમાં એક મજબૂત ઉત્પાદન પ્રણાલી વિકસિત કરવામાં આવી છે, જે ભારતની વેપાર નીતિમાં એક મહત્વપૂર્ણ પરિવર્તનનો આધાર બની છે અને વિકસિત ભારત તરફની યાત્રાનો એક અનિવાર્ય સ્તંભ બની ગઈ છે. આજે દેશ સમર્થ છે, સશક્ત છે અને તેથી દુનિયા પર ભારત પર ભરોસો કરે છે. ■

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

પીએમ મોદીની આસામ મુલાકાત

સુરક્ષા અને વિકાસનો નવો અધ્યાય

પૂર્વોત્તર કેન્દ્ર સરકાર માટે અષ્ટલક્ષ્મી છે. આ જ કારણ છે કે કેન્દ્રીય બજેટમાં પૂર્વોત્તરને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવા માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ વર્ષે આસામને ટેક્સના હિસ્સા પેટે લગભગ પચાસ હજાર કરોડ રૂપિયા મળવાના છે. આ જ કડીમાં સુરક્ષા અને વિકાસને નવી ગતિ આપવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 14 ફેબ્રુઆરીએ આસામ પહોંચ્યા અને રાજ્યને ઘણી મહત્વની વિકાસ પરિયોજનાઓની ભેટ આપી...

દેશ પોતાની સેનાઓને મજબૂત કરી રહ્યો છે. ભારત પોતાની સીમાઓ પર શાનદાર હાઈવે અને ટનલ, ઊંચા-ઊંચા બ્રિજ, આધુનિક એરફિલ્ડ બનાવી રહ્યું છે અને દેશની સુરક્ષા વધારી રહ્યું છે. આસામ પ્રવાસ દરમિયાન ઈમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી (ELF) પર ઉતરેલા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આજે દેશને માત્ર વધુ એક ઈમરજન્સી લેન્ડિંગ સ્ટ્રીપ નથી મળી. આ એ વાતનું પણ પ્રમાણ છે કે નવું ભારત, પોતાની સુરક્ષા માટે દરેક રીતે તૈયાર થઈ રહ્યું છે. ભારત હવે ન માત્ર પોતાની સીમાઓને સશક્ત કરી રહ્યું છે, પરંતુ દેશના દુશ્મનોને તેમના ઘરમાં ઘૂસીને જવાબ

કુમાર ભાસ્કર વર્મા સેતુનું ઉદ્ઘાટન

- પ્રધાનમંત્રી મોદીએ બ્રહ્મપુત્રા નદી પર અંદાજે 3,030 કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત કુમાર ભાસ્કર વર્મા સેતુનું ઉદ્ઘાટન કર્યું.
- ગુવાહાટીને ઉત્તર ગુવાહાટી સાથે જોડતો આ 6-લેનનો એક્સ્ટ્રાડોઝ્ડ પ્રેસ્ટ્રેસ્ડ કોંક્રિટ (PSC) પુલ, પૂર્વોત્તર ભારતનો પ્રથમ એક્સ્ટ્રાડોઝ્ડ પુલ છે.
- આનાથી ગુવાહાટી અને ઉત્તર ગુવાહાટી વચ્ચે મુસાફરીનો સમય ઘટીને માત્ર 7 મિનિટ રહી જશે.
- આ વિસ્તારની ઉચ્ચ ભૂકંપ સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, પુલમાં ફ્રિક્શન પેન્ડુલમ બેરિંગ્સનો ઉપયોગ કરીને બેઝ આઈસોલેશન ટેકનિક અપનાવવામાં આવી છે.
- પુલની મજબૂતી અને લાંબા ગાળાની સંરચનાત્મક વ્યવસ્થા જાળવી રાખવા માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા સ્ટે કેબલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત, રિયલ-ટાઈમ કન્ડિશન મોનિટરિંગ, નુકસાનની વહેલી જાણકારી મેળવવા અને વધુ સારી સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આમાં બ્રિજ હેલ્થ મોનિટરિંગ સિસ્ટમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

આ અત્યંત ગૌરવનો વિષય છે કે પૂર્વોત્તરને ઈમરજન્સી લેન્ડિંગ સુવિધા મળી છે. વ્યૂહાત્મક દ્રષ્ટિએ અને કુદરતી આપત્તિઓના સમયે, આ સુવિધા ખૂબ જ મહત્વ ધરાવે છે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

પૂર્વોત્તર ભારતમાં આ પ્રકારની પ્રથમ ઈમરજન્સી લેન્ડિંગ સુવિધા

ઈમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી (ELF) પૂર્વોત્તર ભારતમાં આ પ્રકારની પ્રથમ સુવિધા છે. તેને ભારતીય વાયુસેનાના સંકલનથી ખાસ કરીને કટોકટી દરમિયાન સૈન્ય અને નાગરિક વિમાનોના ઉતરાણ અને ઉડાન ભરવા માટે ડિઝાઈન અને નિર્મિત કરવામાં આવી છે. આ ઈમરજન્સી રિસ્પોન્સ માટે એક મહત્વપૂર્ણ એસેટ તરીકે કાર્ય કરશે. તેનાથી પૂર્વોત્તરમાં કુદરતી આપત્તિઓ અથવા વ્યૂહાત્મક જરૂરિયાતો દરમિયાન બચાવ અને રાહત કામગીરીની ઝડપી તૈનાતી શક્ય બનશે. બેવડા ઉપયોગવાળા ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે પરિકલ્પિત આ ELF, 40 ટન સુધીના લડાયક વિમાનો અને 74 ટનના મહત્તમ ટેક-ઓફ વજનવાળા પરિવહન વિમાનોના સંચાલન માટે સક્ષમ છે.

પૂર્વોત્તર ક્ષેત્ર માટે રાષ્ટ્રીય ડેટા સેન્ટરનું ઉદ્ઘાટન

- આસામના કામરૂપ જિલ્લાના અમીગાંવમાં પૂર્વોત્તર ક્ષેત્ર માટે રાષ્ટ્રીય ડેટા સેન્ટરનું ઉદ્ઘાટન.
- આ અત્યાધુનિક ડેટા સેન્ટર, જેની કુલ મંજૂર ક્ષમતા 8.5 MW અને પ્રતિ રેક સરેરાશ ક્ષમતા 10 kW છે. તે વિવિધ સરકારી વિભાગોની મહત્વપૂર્ણ મિશન-ક્રિટિકલ એપ્લિકેશનને હોસ્ટ કરશે.
- આ અન્ય રાષ્ટ્રીય ડેટા સેન્ટરો માટે ડિઝાસ્ટર રિકવરી સેન્ટર તરીકે પણ કાર્ય કરશે.
- આનાથી પૂર્વોત્તરની સરકારોને આવશ્યક નાગરિક-કેન્દ્રીત સેવાઓની ડિજિટલ ડિલિવરી સુનિશ્ચિત કરવામાં મદદ મળશે.
- આ રાષ્ટ્રીય ડેટા સેન્ટરને ક્ષેત્રના ICT માળખાને મજબૂત કરવા અને એક સુદ્રઢ, સુરક્ષિત અને સતત ઉપલબ્ધ રહે તેવું ડિજિટલ પાયાનું માળખું સુનિશ્ચિત કરવા માટે પરિકલ્પિત કરવામાં આવ્યું છે.
- પીએમ મોદીએ IIM ગુવાહાટીનું પણ ઉદ્ઘાટન કર્યું જે પૂર્વોત્તર ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ અને મેનેજમેન્ટ શિક્ષણને નવી ઊંચાઈઓ પ્રદાન કરશે.

પીએમ મોદીએ ઈલેક્ટ્રિક બસોને લીલી ઝંડી બતાવી રવાના કરી

- પીએમ ઈ-બસ સેવા યોજના હેઠળ ગુવાહાટી (100), નાગપુર (50), ભાવનગર (50) અને ચંદીગઢ (25) માં કુલ 225 ઈલેક્ટ્રિક બસોને લીલી ઝંડી બતાવી રવાના કરી.
- આ ચાર શહેરોમાં પીએમ ઈ-બસ સેવાના સંચાલનના પ્રારંભ સાથે જ, 50 લાખથી વધુ નાગરિકોને સ્વચ્છ, સસ્તી અને વિશ્વસનીય જાહેર પરિવહન સેવાઓનો લાભ મળશે.
- આ પહેલ શહેરી પરિવહન વ્યવસ્થામાં સુધારો અને જીવનની ગુણવત્તાને વધુ સારી બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

પણ આપે છે. આ વર્ષના બજેટમાં નોર્થ ઈસ્ટની કનેક્ટિવિટીને વધુ મજબૂતી આપવાનું કામ કરવામાં આવ્યું છે. કનેક્ટિવિટી વધે છે, તો રોજગારની તકો પણ વધે છે. તેથી આસામમાં હાઈવે અને અન્ય માર્ગ પરિયોજનાઓ માટે હજારો કરોડ રૂપિયા આપવાનું નક્કી થયું છે. બજેટમાં જે જાહેરાત થઈ છે, તેનાથી આસામમાં પ્રવાસનનો પણ વિસ્તાર થશે.

પીએમ મોદીએ સંબોધનમાં કહ્યું કે વર્ષ 2014 પછી, નોર્થ ઈસ્ટના 125 થી વધુ મહાન વ્યક્તિઓને પદ્મ પુરસ્કાર મળ્યા છે. આ દર્શાવે છે કે આસામ અને પૂર્વોત્તરની ધરતીનું સામર્થ્ય કેટલું મોટું છે. નોર્થ ઈસ્ટનું આ જ સામર્થ્ય હવે વિકસિત ભારતનો બહુ મોટો આધાર છે. ■

"ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ-એક્સ્પો 2026"

નવા વિચારો, નવાચાર અને ઈરાદાઓનો સશક્ત સંગમ

ભારત ઝડપથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વ તરફ આગળ વધી રહ્યું છે. આ દિશામાં આયોજિત 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ અને એક્સ્પો 2026' દેશની તકનીકી ક્ષમતા, નવાચાર અને ડિજિટલ પરિવર્તન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેનું 16 થી 20 ફેબ્રુઆરી દરમિયાન ભારત મંડપમમાં આયોજન કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણે મળીને એવા સમાધાન તૈયાર કરીશું, જે માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે ઉપયોગી થશે...

વૈશ્વિક દક્ષિણમાં આયોજિત થનારી આ પ્રથમ વૈશ્વિક એઆઈ કોન્ફરન્સ છે, જેમાં અભૂતપૂર્વ ભાગીદારી જોવા મળી હતી. ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ અને એક્સ્પો-2026 એ દર્શાવે છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કઈ રીતે આરોગ્ય, કૃષિ, શિક્ષણ, ઉત્પાદન, રમતગમત-રમકડાં અને સુશાસન જેવા ક્ષેત્રોમાં વાસ્તવિક પરિવર્તન લાવી રહ્યું છે. વિકસિત ભારતના સંકલ્પ સાથે આ એક્સ્પો તે વિચારને સામે લાવે છે, જેમાં ટેકનોલોજીનો ઉપયોગ સર્વસમાવેશી વિકાસ, પારદર્શિતા અને નાગરિકોને સશક્ત બનાવવા માટે કરવામાં આવી રહ્યો છે. આ માત્ર એક પ્રદર્શન નથી, પરંતુ એઆઈના વ્યવહારિક ઉપયોગનું મંચ છે, જ્યાં નીતિઓ જમીન પર ઉતરે છે, નવાચાર મોટા પાયે લાગુ થાય છે અને ટેકનોલોજીનો લાભ સામાન્ય નાગરિક સુધી પહોંચે છે. સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ એક્સ્પો

> ભારત તેની 140 કરોડ જનતાના પ્રતાપે એઆઈ પરિવર્તનમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને એક જીવંત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને અત્યાધુનિક સંશોધન સુધી, એઆઈમાં આપણી પ્રગતિ મહત્વાકાંક્ષા અને જવાબદારી બંનેને દર્શાવે છે.
>
> - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

AI IMPACT SUMMIT
भारत 2026 INDIA

એઆઈ એક્સ્પો અને સમિટની મુખ્ય ઝલક...

20 થી વધુ રાષ્ટ્રાધ્યક્ષો

60 મંત્રીઓ અને 500 વૈશ્વિક એઆઈ લીડર્સ એકત્રિત થયા.

- એઆઈ ઈમ્પેક્ટ સમિટ ત્રણ મૂળભૂત સ્તંભો અથવા 'સૂત્રો' પર આધારિત છે - લોકો, ગ્રહ અને પ્રગતિ.
- 70,000 ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલા 10 એરેનામાં આયોજિત આ સમિટ વૈશ્વિક ટેકનોલોજી કંપનીઓ, સ્ટાર્ટઅપ્સ, શિક્ષણવિદો અને સંશોધન સંસ્થાઓ, કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકારો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારોને એકસાથે લાવી.
- આ એક્સ્પોમાં એઆઈ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રદર્શિત કરનારા 13 દેશોના પેવેલિયન બન્યા હતા. જેમાં ઓસ્ટ્રેલિયા, જાપાન, રશિયા, યુનાઈટેડ કિંગડમ, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, નેધરલેન્ડ, સ્વિટ્ઝર્લેન્ડ, સર્બિયા, એસ્ટોનિયા, તાજિકિસ્તાન અને આફ્રિકાના પેવેલિયન સામેલ છે.
- એક્સ્પોમાં 300 થી વધુ પસંદગીના પ્રદર્શન મંડપ અને લાઈવ પ્રદર્શન યોજાયા.
- એક્સ્પોમાં 600 થી વધુ ઉચ્ચ ક્ષમતા ધરાવતા સ્ટાર્ટઅપ્સ સામેલ થયા, જેમાંથી ઘણા વૈશ્વિક સ્તરે સુસંગત અને વ્યાપક જનસંચાર સમાધાન કરી રહ્યા છે. આ સ્ટાર્ટઅપ્સ એવા યોગ્ય ઉકેલોનું પ્રદર્શન કરશે જે અગાઉથી જ વાસ્તવિક દુનિયામાં ઉપયોગમાં છે.
- સમિટ એઆઈ ઈમ્પેક્ટ 2026 માં આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ સહિત 2.5 લાખથી વધુ મુલાકાતીઓ સામેલ થવાનો અંદાજ લગાવવામાં આવ્યો.
- આયોજનનો ઉદ્દેશ્ય વૈશ્વિક એઆઈ ઈકોસિસ્ટમની અંદર નવી ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો અને વ્યાવસાયિક તકો ઉભી કરવાનો રહ્યો.
- સમિટ દરમિયાન કુલ 500 થી વધુ સત્રોનું આયોજન કરવામાં આવ્યું જેમાં 3,250 થી વધુ વક્તાઓ અને પેનલ સભ્યો સામેલ થયા.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ભારતીય પ્રતિભા અને નવાચારની તાકાતને દર્શાવે છે. તેમણે જણાવ્યું કે એઆઈના ક્ષેત્રમાં ભારતની પ્રગતિ દેશ માટે નવા અને પરિવર્તનકારી ઉકેલો તૈયાર કરશે. સાથે જ, વૈશ્વિક વિકાસમાં પણ મહત્વનું યોગદાન આપશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ આયોજને વિશ્વની સામે ફરીથી સાબિત કર્યું છે કે ભારતીય પ્રતિભા એઆઈના ભવિષ્યને દિશા આપવા માટે સક્ષમ છે. સાથે જ, એ પણ સ્પષ્ટ થયું છે કે ભારત એઆઈનો ઉપયોગ જવાબદારીપૂર્વક અને સર્વસમાવેશી રીતે, માનવ કલ્યાણ માટે મોટા પાયે કરવા માટે પ્રતિબદ્ધ છે. ■

...જેથી વિકાસની પ્રેરક શક્તિ બની નેતૃત્વ કરે અડધી વસ્તી

આજે ભારત સરકાર મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણને પ્રાથમિકતા આપી રહી છે. સરકારની દરેક યોજનામાં મહિલાઓના સન્માનની સાથે-સાથે તેમના આર્થિક, રાજકીય અને સામાજિક સશક્તિકરણને સામેલ કરવામાં આવી રહ્યું છે. કારણ કે સરકાર માને છે કે દેશના ઝડપી અને સતત વિકાસમાં અડધી વસ્તીની સમાન ભાગીદારી અત્યંત જરૂરી છે. જે દેશમાં વધુ મહિલાઓ કાર્યબળનો હિસ્સો બને છે, તેની અર્થવ્યવસ્થા એટલી જ મજબૂત હોય છે...

મહિલાઓની સમાન ભાગીદારી અને તેમના અધિકારો સુનિશ્ચિત કરવા માટે વિશ્વ 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 2026 ની થીમ- 'તમામ મહિલાઓ અને છોકરીઓ માટે - અધિકાર, ન્યાય અને કાર્યવાહી' છે. જાતિગત ભેદભાવ વગર તમામને અધિકાર અને ન્યાય મળે. કોઈ પણ પાછળ ન રહી જાય. આ જ દ્રષ્ટિકોણથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વર્તમાન કેન્દ્ર સરકાર મહિલાઓ અને છોકરીઓના અધિકારોનો માત્ર વિસ્તાર જ નથી કરી રહી પરંતુ તેમની સાથે ન્યાય થાય તે માટે દરેક સ્તરે કાર્યવાહી પણ કરી રહી છે. તેમની આર્થિક અને સામાજિક ભાગીદારી વધારવા માટે નવી યોજનાઓ અને અનેક પહેલની શરૂઆત વિતેલા એક દાયકામાં કરવામાં આવી છે. વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના જે લક્ષ્ય સાથે દેશ આગળ વધી રહ્યો છે તેમાં મહિલાઓની ભાગીદારી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ માટે બજેટમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

દેશની આઈટીઆઈમાં 30 ટકા બેઠકો છોકરીઓ માટે અનામત રાખવામાં આવી, સૈનિક શાળાઓના દરવાજા છોકરીઓ માટે ખોલવામાં આવ્યા અને એનડીએમાં છોકરીઓને પ્રવેશ આપવામાં આવ્યો. સાથે જ વિકસિત ભારત-રોજગાર તેમજ આજીવિકા ગેરંટી મિશન (ગ્રામીણ) (વીબી-જી રામ જી) અધિનિયમ, 2025 માં ઓછામાં ઓછો ત્રીજો ભાગ રોજગાર મહિલાઓને આપવાની જોગવાઈથી રોજગારીની તકો વધી રહી છે. રાજકીય ભાગીદારી વધારવા માટે નારી શક્તિ વંદન અધિનિયમ, 2023 ની અધિસૂચના અને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મહિલાઓના નામે ઘરની ફાળવણી, આ તમામ જોગવાઈઓ મહિલાઓના અધિકારોને મજબૂતી આપી રહી છે. સરકારના પ્રયત્નોનું જ પરિણામ છે કે આજે મહિલાઓ ભારતના સામાજિક-આર્થિક પરિદ્રશ્યને આકાર આપવા, શિક્ષણ, આરોગ્ય, ડિજિટલ સમાવેશીકરણ અને નેતૃત્વમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

સરકારના આ પ્રયાસોથી વધ્યા મહિલાઓના અધિકારો

- રાજનીતિમાં વધશે ભાગીદારીઃ નારી શક્તિ વંદન અધિનિયમ, 2023 (બંધારણમાં 106મો સુધારો) અધિસૂચિત. આ અંતર્ગત લોકસભા તેમજ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી સહિત તમામ રાજ્યોમાં વિધાનસભાની 33 ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે.
- રોજગારમાં નહીં થાય ઉપેક્ષાઃ વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા ગેરંટી મિશન (ગ્રામીણ) (વીબી-જી રામ જી) અધિનિયમ, 2025માં એ અનિવાર્ય કરવામાં આવ્યું છે કે યોજનામાં સર્જાયેલ રોજગારોમાંથી ઓછામાં ઓછી એક તૃતીયાંશ રોજગારી મહિલાઓને આપવામાં આવે.
- બની રહી છે ગૃહ સ્વામિનીઃ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ મહિલાઓના માલિકી હકવાળા ઘર આપવા પર કેન્દ્રિત છે. એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે કેટલાક અપવાદોને બાદ કરતાં ઘરની ફાળવણી મહિલાના નામે અથવા પતિ અને પત્ની બંનેના સંયુક્ત નામે કરવામાં આવશે.
- ઉચ્ચ પદ પર બેસવાનો માર્ગઃ કંપની (ડાયરેક્ટર્સની નિમણૂક અને લાયકાત) નિયમો, 2014માં એવી જોગવાઈ છે કે પ્રત્યેક લિસ્ટેડ કંપની જેની મૂડી 100 કરોડથી વધુ છે અથવા કુલ ટર્નઓવર 300 કરોડ રૂપિયા કે તેથી વધુ છે, તો ઓછામાં ઓછા એક મહિલા ડાયરેક્ટરની નિમણૂક કરવી અનિવાર્ય છે.
- સ્થાનિક સરકારમાં ભાગીદારી વધીઃ પ્રત્યેક પંચાયતમાં પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા ભરવામાં આવતી બેઠકો અને અધ્યક્ષોના પદો પર મહિલાઓ માટે ઓછામાં ઓછું ત્રીજા ભાગનું (33%) આરક્ષણ અનિવાર્ય છે. આનાથી આગળ વધીને 21 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોએ 50 ટકા બેઠકો મહિલાઓ માટે અનામત કરી દીધી છે. હાલમાં પંચાયતમાં ચૂંટાયેલા 24,41,741 પ્રતિનિધિઓમાંથી 12,14,885 (49.75%) મહિલા ચૂંટાયેલી પ્રતિનિધિઓ છે.

મહિલાઓના સશક્તિકરણ અને ન્યાય માટે એક્શન

- ન્યાય સંહિતાઃ ભારતીય ન્યાય સંહિતા, 2023માં મહિલાઓ અને બાળકો વિરુદ્ધના અપરાધોને એકીકરણ કરવામાં આવ્યું છે. મહિલાઓ અને બાળકો પ્રત્યે થતા ગુનાઓની સજા કડક કરવામાં આવી છે.
- કાર્યસ્થળ પર સહાયક વાતાવરણઃ મહિલા કામદારો માટે અનુકૂળ કાર્ય વાતાવરણ બનાવવાના ઉદ્દેશ્યથી વેતન સંહિતા, ઔદ્યોગિક શ્રમ સંહિતા, વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યદશા સંહિતા અને સામાજિક સુરક્ષા સંહિતામાં અનેક સહાયક જોગવાઈઓ કરવામાં આવી છે.
- સ્વાસ્થ્ય પર આપી શકે વધુ ધ્યાનઃ વર્ષ 2017માં સવેતન માતૃત્વ રજા 26 અઠવાડિયાની કરવામાં આવી, જે અગાઉ 12 અઠવાડિયાની હતી.
- કામકાજમાં રહેવાની મુશ્કેલી દૂરઃ 560 સખી નિવાસ એટલે કે કામકાજી મહિલા છાત્રાલયો દેશભરમાં કાર્યરત છે.
- સંકટમાં પુનર્વસનઃ 413 શક્તિ સદન દેશભરમાં કાર્યરત છે. આ સંકટગ્રસ્ત મહિલાઓ માટે એકીકૃત રાહત અને પુનર્વસન કેન્દ્ર છે. 13 હજાર મહિલાઓ આનો લાભ મેળવી રહી છે.
- બાળ સંભાળઃ 14,599 આંગણવાડી સહ ક્રેચ કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા છે, જેમાંથી 2,820 કેન્દ્રો દેશભરમાં કાર્યરત છે.
- ગ્રામીણ આજીવિકાઃ 10.29 કરોડ મહિલાઓ દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત મહિલા સ્વ-સહાય જૂથો સાથે જોડાયેલી છે, જે દેશના ગ્રામીણ સામાજિક-આર્થિક પરિદ્રશ્યને બદલી રહી છે.
- મહેનત અને દેખભાળનો બોજ થાય ઓછોઃ સ્વચ્છ ભારત મિશનમાં 12 કરોડથી વધુ શૌચાલયોનું નિર્માણ, ઉજ્જવલા યોજનામાં 10.49 કરોડથી વધુ મહિલાઓને ગેસ કનેક્શન અને જલ જીવન મિશન દ્વારા 15.79 કરોડથી વધુ ગ્રામીણ પરિવારોને નળ કનેક્શન સાથે જોડવાના કાર્યએ મહિલાઓના જીવનને બદલવામાં મદદ કરી છે.
- જેથી દીકરી વધે અને ભણેઃ 22 જાન્યુઆરી, 2015ના રોજ 'બેટી બચાવો બેટી પઢાઓ' (BBBP) યોજના શરૂ કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ્ય લિંગ આધારિત પસંદગી જન્મ અટકાવવો, દીકરીનું અસ્તિત્વ અને સુરક્ષા સુનિશ્ચિત કરવી તેમજ દીકરીના શિક્ષણ અને ભાગીદારીને સુનિશ્ચિત કરવાનો છે. લિંગ ગુણોત્તર 2014-15માં 918 થી વધીને 2024-25માં 929 થયો છે. શાળાઓમાં દીકરીઓનું કુલ નામાંકન 2014-15માં 75.51% થી વધીને 2024-25માં 80.2% થયું છે.
- ભવિષ્ય બને સુરક્ષિતઃ 22 જાન્યુઆરી, 2015ના રોજ સુકન્યા સમૃદ્ધિ ખાતાની શરૂઆત કરવામાં આવી હતી, જેમાં 21 વર્ષની વયે ખાતું મેચ્યોર થશે. જાન્યુઆરી, 2026 સુધીમાં 4.53 કરોડ ખાતા ખોલવામાં આવ્યા છે, જેમાં 3.33 લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ જમા છે.
- પોષણ પણ, ભણતર પણઃ 10 મે, 2023ના રોજ શરૂ થયેલા આ કાર્યક્રમ માટે 10 લાખથી વધુ આંગણવાડી સેવિકાઓને તાલીમ આપવામાં આવી જેથી બાળપણમાં શિક્ષણ અને પોષણ યોગ્ય રહે. દેશભરમાં 2.9 લાખ આંગણવાડી કેન્દ્રો સરકારી શાળાઓમાં સ્થાપિત કરવામાં આવ્યા છે.
- બાળ લગ્નથી મુક્ત બને ભારતઃ 27 નવેમ્બર, 2024ના રોજ ભારત સરકારે 'બાળ લગ્ન મુક્ત ભારત' અભિયાનનો શુભારંભ કર્યો. જાગૃતિ કાર્યક્રમ 6 કરોડથી વધુ નાગરિકો સુધી પહોંચ્યો અને બાળ લગ્ન મુક્ત ભારત પોર્ટલ પર 28 લાખથી વધુ શપથ લેવામાં આવ્યા.

મહિલા સશક્તિકરણ માટે કરવામાં આવેલ પહેલ

- વર્ષ 2022-23 થી 'મિશન શક્તિ' યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. આનો ઉદ્દેશ્ય મહિલાઓની સુરક્ષા, સંરક્ષણ અને સશક્તિકરણ માટે કરવામાં આવી રહેલા પ્રયાસોને મજબૂત કરવાનો છે.
- 'સંબલ' પેટા યોજના મહિલાઓની સુરક્ષા અને સંરક્ષણ માટે છે. આમાં વન સ્ટોપ સેન્ટર, મહિલા હેલ્પલાઈન, બેટી બચાવો બેટી પઢાવો અને નારી અદાલતનો સમાવેશ થાય છે.
- 'સામર્થ્ય' પેટા યોજના મહિલાઓના સશક્તિકરણ માટે છે. આમાં પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, શક્તિ સદન, સખી નિવાસ, પાલણા અને સંકલ્પ-મહિલા સશક્તિકરણ કેન્દ્ર સામેલ છે.

...જેથી દીકરીઓ અને મહિલાઓ કૌશલ્યથી સજ્જ થાય

- કૌશલ્ય ભારત મિશન હેઠળ દેશભરમાં કૌશલ્ય કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે, જેમાં તાલીમ માટે મહિલાઓ પણ ઉત્સાહભેર જોડાઈ રહી છે.
- પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના, જન શિક્ષણ સંસ્થાન, રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ પ્રમોશન યોજના અને આઈટીઆઈ દ્વારા શિલ્પકાર તાલીમ યોજના હેઠળ છેલ્લા દાયકામાં 1.27 કરોડથી વધુ મહિલાઓએ તાલીમ લીધી છે.
- પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનામાં તાલીમ પામેલા કુલ તાલીમાર્થીઓમાં મહિલાઓની ભાગીદારી 45 ટકાથી વધુ, જ્યારે જન શિક્ષણ સંસ્થાનની તાલીમમાં મહિલાઓની ભાગીદારી 83 ટકા રહી છે.

3,327 સક્રિય મહિલા પાઈલટોની સંખ્યા 31 ડિસેમ્બર, 2025 સુધીમાં.

વર્ષ 2021 (243) ની સરખામણીમાં વર્ષ 2025 (461) માં આશરે 90% વધુ લાયસન્સ આપવામાં આવ્યા છે.

અહીં પ્રતિબિંબિત થાય છે મહિલાઓની આર્થિક સર્વસમાવેશકતા

56% પ્રધાનમંત્રી જન ધન યોજના ખાતા.

54% વીમા, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના.

51% વીમા, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના.

82% લોન, સ્ટેન્ડ અપ ઈન્ડિયા.

67% લોન, પ્રધાનમંત્રી મુદ્રા યોજના.

- જાહેર ક્ષેત્રની બેંકોના આંકડા અનુસાર, છેલ્લા 5 વર્ષ દરમિયાન છૂટક ક્ષેત્રમાં મહિલા લેણદારોની ભાગીદારી 2.14 ગણી અને એમએસએમઈ ક્ષેત્રમાં 2.62 ગણી વધી છે.

2.94 કરોડ મહિલા સંચાલિત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) દેશભરમાં નોંધાયેલા છે.

6 વર્ષમાં જેન્ડર બજેટ 3 ગણાથી વધુ થયું

વર્તમાન કેન્દ્ર સરકાર મહિલા નેતૃત્વમાં વિકાસને ગતિ આપી રહી છે, જેના માટે જેન્ડર રિસ્પોન્સિવ ગવર્નન્સ અને બજેટને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ જ કડીમાં, 2026-27ના બજેટમાં મહિલાઓ અને છોકરીઓના કલ્યાણ માટે બજેટમાં 5 લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.



નોંધ: આંકડા લાખ કરોડ રૂપિયામાં

2026-27ના બજેટમાં મહિલાઓ માટે ખાસ

- 1.5 લાખ બહુ-કૌશલ્ય સંભાળ રાખનારાઓને તાલીમ આપવાનો પ્રસ્તાવ 2026-27ના બજેટમાં કરવામાં આવ્યો છે, જેનાથી વૃદ્ધો, બાળકો અને સંબંધિત સંભાળ સેવાઓની ડિલિવરી વધુ સારી થશે.
- સ્વયં સહાય ઉદ્યમી માટ્ર્સની સ્થાપના કરવામાં આવશે. આ સમુદાયની માલિકીના સંસાધનો, મહિલાઓના નેતૃત્વ હેઠળના સ્વયં સહાય જૂથોના ઉત્પાદનો માટે વ્યવસ્થિત અને કાયમી બજાર પહોંચ પૂરી પાડશે.
- ઉચ્ચ શિક્ષણમાં સમાનતા અને સુરક્ષા માટે પ્રત્યેક જિલ્લામાં STEM સંસ્થાઓમાં છોકરીઓ માટે હોસ્ટેલની જોગવાઈ કરવામાં આવી છે. ઉભરતા અને ટેકનોલોજી-આધારિત ક્ષેત્રોમાં યુવા મહિલાઓની ભાગીદારી વધશે.

પીએમ મોદીએ મહિલાઓને સોંપી દીધા હતા પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 8 માર્ચ, 2025 ના રોજ મહિલા દિવસના અવસરે સમગ્ર ભારતમાં મહિલાઓના યોગદાનને સન્માન આપવા માટે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તે મહિલાઓને સોંપી દીધા હતા, જેઓ વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી રહી છે. આ પછી પીએમ મોદીએ કહ્યું હતું કે, "આ મહિલાઓ ભારતના વિવિધ ભાગોમાંથી છે અને તેમણે વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે પરંતુ આ બધામાં ભારતની નારી શક્તિનું કૌશલ્ય સમાયેલું છે. તેમનો દ્રઢ સંકલ્પ અને સફળતા આપણને મહિલાઓની અસીમ ક્ષમતાની યાદ અપાવે છે. આજે અને દરરોજ, અમે વિકસિત ભારતને આકાર આપવામાં તેમના યોગદાનનું સન્માન કરીએ છીએ."

મલેશિયામાં ભારતના કામદારોના સંરક્ષણ માટે સોશિયલ સિક્યુરિટી એગ્રીમેન્ટ, પ્રવાસન માટે ગ્રેટીસ ઈ-વિઝા અને ડિજિટલ પેમેન્ટ ઈન્ટરફેસ UPI મલેશિયામાં અમલી બનવું, આ તમામ પગલાં બંને દેશોના નાગરિકોના જીવનને સરળ બનાવશે. કારણ કે કોઈપણ ભાગીદારી ત્યારે જ તાકાત સાથે સફળ થાય છે, જ્યારે તેનો લાભ સીધો લોકો સુધી પહોંચે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

ભારત-મલેશિયા

મૈત્રીથી વ્યૂહાત્મક ભાગીદારી સુધી

ભારત અને મલેશિયા વચ્ચે રાજદ્વારી સંબંધોની શરૂઆત 1957માં થઈ હતી. ત્યારથી બંને દેશોના સંબંધો પરસ્પર સન્માન અને સહયોગ પર આધારિત રહ્યા છે, જેને ઓગસ્ટ 2024માં વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ જ સંબંધોને વધુ સશક્ત બનાવવાના ઉદ્દેશ્ય સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 7 અને 8 ફેબ્રુઆરીએ મલેશિયાની મુલાકાતે રહ્યા હતા. આ દરમિયાન બંને દેશો વચ્ચે અનેક મહત્વપૂર્ણ કરારો થયા...

ભારત અને મલેશિયાના ઐતિહાસિક સંબંધોમાં તાજેતરના વર્ષોમાં સતત પ્રગતિ થઈ છે જેમાં મલેશિયામાં રહી રહેલા અંદાજે 30 લાખ પ્રવાસી ભારતીયોની મહત્વની ભૂમિકા છે. મલેશિયાના પ્રધાનમંત્રી દાતો સેરી અનવર ઈબ્રાહિમના આમંત્રણ પર મલેશિયાની સત્તાવાર મુલાકાતે પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ષ 2015 પછીની આ ત્રીજી મુલાકાત હતી. પ્રધાનમંત્રી મોદીની આ બે દિવસીય મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા માટે રાજકીય જોડાણ, સંરક્ષણ, સુરક્ષા સહયોગ, દરિયાઈ સહયોગ, વ્યાપાર અને રોકાણ, ડિજિટલ અર્થતંત્ર, વિજ્ઞાન અને ટેકનોલોજી, ઊર્જા, કૃષિ, આરોગ્ય, શિક્ષણ, સંસ્કૃતિ, પ્રવાસન, યુવા વિનિમય કાર્યક્રમ, આર્થિક અને નવાચાર ઉપરાંત કેટલાક નવા ક્ષેત્રોમાં સહયોગનો વિસ્તાર કરવા પર વિગતવાર વાતચીત થઈ હતી. એટલું જ નહીં પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક ઘટનાક્રમો પર પણ ચર્ચા થઈ હતી. આ મુલાકાત ભારત-મલેશિયા સંબંધોને મજબૂત કરવા માટે ભારતની દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે જે દેશની એક્ટ ઈસ્ટ પોલિસી, હિંદ-પ્રશાંત વિઝન અને વિઝન મહાસાગરનો એક મુખ્ય સ્તંભ છે. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ ભારત-મલેશિયાના સદીઓ જૂના સંબંધો અને પ્રગાઢ જન-સંપર્કને યાદ કર્યો જે આ ભાગીદારીની આધારશિલા છે. સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ઉભરતા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર પણ ચર્ચા થઈ હતી. પીએમ મોદીએ સંસદીય અને યુનિવર્સિટી એક્સચેન્જ દ્વારા યુવાનો વચ્ચે જોડાણને મજબૂત કરવા આહવાન કર્યું હતું. મલેશિયામાં ભારતના પ્રથમ વાણિજ્ય દૂતાવાસ ખુલવાથી વાણિજ્યિક અને જન-સંપર્ક સંબંધોને વધુ મજબૂતી મળશે. 10મા ભારત-મલેશિયા સીઈઓ ફોરમના આઉટકમ ડોક્યુમેન્ટને પણ બંને

ભારતીય મૂળના લોકો બંને દેશોને જોડતો સેતુ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુઆલાલંપુરમાં એક સામુદાયિક કાર્યક્રમને સંબોધિત કર્યો. તેમના સ્વાગતમાં અહીં 800થી વધુ નર્તકોએ લય અને તાલ સાથે નોંધનીય સાંસ્કૃતિક પ્રસ્તુતિ આપી. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આ તેમની વર્ષ 2026ની પ્રથમ વિદેશ યાત્રા છે. તહેવારોની આ સિઝનમાં ભારતીય સમુદાયની વચ્ચે આવીને તેઓ ખૂબ જ ખુશ છે. ભારત અને મલેશિયાના લોકોના હૃદયને જોડતી ઘણી બાબતો છે. બંને દેશોની સમાનતાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે મલેશિયાની 'રોટી કનાઈ' અને ભારતનો 'માલાબાર પરોઠા' એક સમાન છે. નારિયેળ, મસાલા અને અહીંની 'તેહ તારિક'નો સ્વાદ કુઆલાલંપુર અને કોચી, બંને જગ્યાએ એક જેવો જ અનુભવાય છે. બંને દેશોના લોકો એકબીજાને ખૂબ સારી રીતે સમજે છે. તેનું એક કારણ એ પણ છે કે ભારતીય ભાષાઓ અને મલય ભાષામાં ઘણા શબ્દો એકસરખા છે. ભારતીય ફિલ્મો અને સંગીત મલેશિયામાં ખૂબ લોકપ્રિય છે.

મલેશિયામાં રહેતા ભારતીય મૂળના લોકોએ સદીઓથી પોતાની પરંપરાઓને જાળવી રાખી છે. 'મન કી બાત' કાર્યક્રમનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે મેં સંપૂર્ણ ભારતને જણાવ્યું હતું કે મલેશિયાની 500થી વધુ શાળાઓમાં બાળકોને ભારતીય ભાષાઓ શીખવવામાં આવી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે તમિલ દુનિયા માટે ભારતની ભેટ છે. તમિલ સાહિત્ય શાશ્વત છે, તમિલ સંસ્કૃતિ વૈશ્વિક છે. તમિલ લોકોએ પોતાની પ્રતિભા દ્વારા માનવતાની સેવા કરી છે.

મલેશિયામાં 100થી વધુ ભારતીય આઈટી કંપનીઓ કામ કરી રહી છે જેનાથી હજારો નોકરીઓ પેદા થઈ છે. મલેશિયા-ભારત ડિજિટલ કાઉન્સિલ ડિજિટલ સહયોગ માટે નવા રસ્તાઓ ખોલી રહી છે. પીએમ મોદીએ જાહેરાત કરી કે ભારતની યુપીઆઈ સિસ્ટમ ટૂંક સમયમાં મલેશિયામાં શરૂ થશે. પીએમ મોદીએ કહ્યું કે ભારત પોતાના પ્રવાસી ભાઈ-બહેનોનું હંમેશા ખુલ્લી બાહોંથી સ્વાગત કરશે. તેમણે એક ઐતિહાસિક નિર્ણય પર ભાર મૂકતા કહ્યું કે હવે છઠ્ઠી પેઢી સુધીના ભારતીય મૂળના મલેશિયન નાગરિકો ઓસીઆઈ (ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા) કાર્ડ માટે પાત્ર ગણાશે. ટૂંક સમયમાં મલેશિયામાં ભારતનું એક નવું દૂતાવાસ ખોલવામાં આવશે, જેનાથી બંને દેશોના સંબંધો વધુ ગાઢ બનશે.

ભારત-મલેશિયાના મહત્વના કરારો...

- ઓડિયો-વિઝ્યુઅલ સહ-નિર્માણ.
- ભ્રષ્ટાચાર સામે લડવું અને રોકવો.
- સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા. આપત્તિ વ્યવસ્થાપન.
- સેમિકન્ડક્ટર ક્ષેત્ર. આંતરરાષ્ટ્રીય બિગ કેટ્સ એલાયન્સ.
- વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ.
- ભારતના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને મલેશિયાની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ.
- આરોગ્ય અને તબીબી ક્ષેત્રે સહયોગ.

પીએમ મોદીની વેપાર પ્રમુખો સાથે બેઠક

મલેશિયામાં પ્રધાનમંત્રી મોદીએ ચાર અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે વાતચીત કરી. આ દરમિયાન તેમણે મલેશિયન વ્યવસાયીઓને વિશેષ રૂપે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવીનીકરણીય ઊર્જા, ડિજિટલ ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને હેલ્થકેર વગેરે ક્ષેત્રોમાં ભારતમાં ઉપલબ્ધ તકોનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા. ઉદ્યોગ જગતના વડાઓએ ભારત સરકાર દ્વારા વિકસિત ભારતના નિર્માણની દિશામાં કરવામાં આવેલા સુધારાની પ્રશંસા કરી અને ભારતની વિકાસ ગાથામાં દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો.

પક્ષોએ સ્વીકાર્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે બંને દેશોના સંબંધોની સાચી તાકાત પીપલ ટુ પીપલ સંબંધો છે. ભારતીય મૂળના અંદાજે ત્રીસ લાખ મલેશિયન નાગરિકો બંને દેશો વચ્ચે જીવિત પુલ છે. આતંકવાદ સામે બંને દેશોની લડાઈમાં મિત્ર દેશોનો સાથ ખૂબ મહત્વ ધરાવે છે. વૈશ્વિક અસ્થિરતાના આ યુગમાં ભારત અને મલેશિયા, જે સમુદ્રી પડોશી છે, તેમણે પરસ્પર સંબંધોની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવો જરૂરી છે. પીએમ મોદીએ કહ્યું કે આ યાત્રાનો મૂળ સંદેશ એકદમ સ્પષ્ટ છે કે ભારત મલેશિયા સાથે મળીને સંબંધોને નવા સ્તર પર લઈ જવા ઈચ્છે છે. ■

આર્થિક શક્તિનો સંગમ

ભારત-અમેરિકા વેપાર

સમજૂતીથી ખુલ્યા નવી તકોના દ્વાર

ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક વેપાર પરિદ્રશ્યમાં સક્રિય અને આત્મવિશ્વાસપૂર્ણ હાજરી નોંધાવી છે. આ જ ક્રમમાં ભારત-અમેરિકા વેપાર સમજૂતી એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ બનીને ઉભરી છે. વિશ્વની બે સૌથી મોટી લોકશાહી અને આર્થિક શક્તિઓ વચ્ચે થયેલી આ સમજૂતી વેપાર, રોકાણ, ટેકનોલોજી અને સપ્લાય ચેઇનને નવી દિશા આપવાની સાથે સાથે વિકસિત અને આત્મનિર્ભર ભારતના લક્ષ્યને પણ સશક્ત બનાવશે...

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ફેબ્રુઆરી 2025માં અમેરિકાની મુલાકાત બાદથી બંને દેશો વચ્ચે એક સંતુલિત અને પરસ્પર દ્વિપક્ષીય વેપાર સમજૂતીને આખરી ઓપ આપવા માટે નિયમિતપણે ચર્ચા થઈ રહી હતી. છેલ્લા એક વર્ષમાં બંને દેશો વચ્ચે વિવિધ સ્તરો પર ગહન મંત્રણા થઈ હતી, જે બાદ પોતપોતાની અર્થવ્યવસ્થાઓના મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ક્ષેત્રોનું રક્ષણ કરતા ઐતિહાસિક વેપાર સમજૂતી તરફ આગળ વધ્યા. તેનું જ પરિણામ છે કે બીજી ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે અનેક દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રીય મહત્વના વિષયો પર ચર્ચા થઈ હતી. ત્યારબાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારતથી અમેરિકા નિકાસ કરવામાં આવતી ચીજવસ્તુઓ પર ટેરિફ દર ઘટાડીને 18% કરવાની જાહેરાત કરી હતી. ભારતીય વસ્તુઓ પર જે ટેરિફ નક્કી કરવામાં આવ્યો છે તે અમેરિકા દ્વારા અન્ય ઘણા સ્પર્ધક દેશો પર લાદવામાં આવેલા ટેરિફ કરતા ઘણો ઓછો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાની

સંયુક્ત રાજ્ય અમેરિકા - ભારતનું સંયુક્ત નિવેદન

સંયુક્ત રાજ્ય અમેરિકા અને ભારત વચ્ચેની આ વચગાળાની વેપાર સમજૂતી પરસ્પર હિતો અને નક્કર પરિણામો પર આધારિત છે. સાથે જ આ સંતુલિત વેપાર પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. અમેરિકા-ભારત વચ્ચેની વચગાળાની વેપાર સમજૂતીની મુખ્ય શરતો...

- ભારત અમેરિકાના તમામ ઔદ્યોગિક માલસામાન અને અમેરિકન ખાદ્ય તેમજ કૃષિ ઉત્પાદનોની વિશાળ શ્રેણી પર ટેરિફ નાબૂદ કરશે અથવા ઘટાડશે. આમાં ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેન્સ (DDG), પશુ આહાર માટે લાલ જુવાર, મેવો, તાજા અને પ્રોસેસ્ડ ફળો, સોયાબીન તેલ, દારૂ અને સ્પિરિટ તથા અન્ય ઉત્પાદનોનો સમાવેશ થાય છે.
- યુએસએ 2 એપ્રિલ, 2025 ના એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં સુધારો કરશે, જે અંતર્ગત ભારતમાં ઉત્પાદિત વસ્તુઓ પર 18 ટકાનો પરસ્પર ટેરિફ દર લાગુ કરશે, જેમાં ટેક્સટાઈલ અને વસ્ત્રો, ચામડું અને ફૂટવેર, પ્લાસ્ટિક અને રબર, કાર્બનિક રસાયણો, ઘર સજાવટની વસ્તુઓ, હસ્તકલા ઉત્પાદનો અને કેટલીક મશીનરી સામેલ છે.
- અમેરિકા, ભારતના કેટલાક વિમાનો અને વિમાનના સ્પેરપાર્ટ્સ પર લાદવામાં આવેલા ટેરિફ હટાવી દેશે.
- અમેરિકા અને ભારત એવા ઉત્પાદન નિયમો બનાવશે જે સુનિશ્ચિત કરશે કે સમજૂતીનો લાભ મુખ્યત્વે બંને દેશોને જ મળે.
- અમેરિકા અને ભારત દ્વિપક્ષીય વેપારને અસર કરતા બિન-ટેરિફ અવરોધોનું નિરાકરણ લાવશે.
- લાગુ પડતા ટેકનિકલ નિયમોના પાલનને સુવિધાજનક બનાવવાના ઉદ્દેશ્યથી, સંયુક્ત રાજ્ય અમેરિકા અને ભારત પરસ્પર સંમતિ ધરાવતા ક્ષેત્રો માટે પોતાના ધોરણો અને અનુરૂપતા મૂલ્યાંકન પ્રક્રિયાઓ પર ચર્ચા કરશે.
- નિર્ધારિત ટેરિફમાં કોઈપણ પ્રકારના ફેરફારની સ્થિતિમાં અમેરિકા અને ભારત એ વાત પર સહમત છે કે બીજો દેશ પોતાની પ્રતિબદ્ધતાઓમાં ફેરફાર કરી શકે છે.
- અમેરિકા આ વાતની પુષ્ટિ કરે છે કે તે BTA ની મંત્રણા દરમિયાન ભારતીય વસ્તુઓ પર ટેરિફ ઘટાડવાની ભારતની વિનંતીને ધ્યાનમાં રાખશે.
- અમેરિકા - ભારત આર્થિક સુરક્ષાના માળખાને મજબૂત કરવા માટે સહમત થયા છે જેથી સપ્લાય ચેઈનની સ્થિતિસ્થાપકતા અને નવીનતાને પ્રોત્સાહન આપી શકાય. આ માટે ત્રીજા પક્ષની બિન-બજાર નીતિઓનો સામનો કરવા માટે પૂરક કાર્યવાહી કરવામાં આવશે.
- ભારત આગામી 5 વર્ષમાં અમેરિકા પાસેથી 500 બિલિયન ડોલરના ઊર્જા ઉત્પાદનો, વિમાન અને વિમાનના સ્પેરપાર્ટ્સ, કિંમતી ધાતુઓ, ટેકનિકલ ઉત્પાદનો અને કોકિંગ કોલસો ખરીદશે.

વેપાર સમજૂતીની રૂપરેખા પર થયેલી સહમતીને આવકારી હતી. આ સમજૂતી બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવામાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વ્યક્તિગત પ્રતિબદ્ધતા દર્શાવે છે. સાથે જ તે ભારત - અમેરિકા ભાગીદારીની વધતી જતી ઘનિષ્ઠતા, વિશ્વાસ અને ગતિશીલતાનું પરિણામ છે. પીએમ મોદીએ કહ્યું કે આ સમજૂતી ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, લઘુ અને મધ્યમ ઉદ્યોગો, સ્ટાર્ટઅપ સંશોધકો અને માછીમારો માટે નવી તકો ખોલીને 'મેક ઈન ઈન્ડિયા'ની પરિકલ્પનાને મજબૂત કરશે. સાથે જ મહિલાઓ અને યુવાનો માટે મોટા પાયે

ભારત - યુએસએ વેપાર સમજૂતીના મુખ્ય મુદ્દાઓ

30 **ટ્રિલિયન ડોલરના અમેરિકન બજારમાં ભારતને અગ્રતા ધરાવતા ભાગીદારો તરીકે પ્રવેશ મળ્યો.**

- ટેક્સટાઈલ અને વસ્ત્રો પરની ડ્યુટી 50% થી ઘટીને 18% થઈ, રેશમને 113 બિલિયન ડોલરના અમેરિકન બજારમાં 0% આયાત શુલ્ક પર પ્રવેશ મળ્યો.
- મશીનરી પર ટેરિફ ઘટાડીને 18% કરવામાં આવ્યો, જેનાથી 477 બિલિયન ડોલરના અમેરિકન બજારમાં તકો ખુલી.
- 1.36 બિલિયન યુએસ ડોલરની ભારતીય કૃષિ નિકાસ પર અમેરિકામાં કોઈ વધારાની ડ્યુટી ચૂકવવી પડશે નહીં.
- મસાલા, ચા, કોફી, ફળો, ડ્રાય ફ્રૂટ્સ અને પ્રોસેસ્ડ ફૂડ જેવા મુખ્ય ઉત્પાદનોને શૂન્ય ડ્યુટી શ્રેણીમાં રાખવામાં આવ્યા છે.
- ડેરી, માંસ, પોલ્ટ્રી અને અનાજ જેવા અત્યંત સંવેદનશીલ ક્ષેત્રો સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે.

“ પ્રિય મિત્ર રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરીને ખૂબ જ આનંદ થયો. એ જાણીને અત્યંત આનંદ થયો કે હવે ભારતમાં બનેલી વસ્તુઓ પર ટેરિફ ઘટીને 18 ટકા થઈ જશે. જ્યારે બે મોટી અર્થવ્યવસ્થાઓ અને વિશ્વની સૌથી મોટી લોકશાહી એકસાથે મળીને કામ કરે છે, ત્યારે તેનાથી આપણા લોકોને ફાયદો થાય છે. પરસ્પર ફાયદાકારક સહયોગની અપાર તકો ખુલે છે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

સ્પર્ધક દેશો પર અમેરિકી ટેરિફ

ભારત-યુએસએ વચગાળાની વેપાર સમજૂતીમાં અન્ય સ્પર્ધક દેશોની સરખામણીમાં ઓછો ટેરિફ લાદવામાં આવ્યો છે. ઘણા સ્પર્ધક નિકાસકાર દેશો હજુ પણ અમેરિકન બજારમાં વધુ ડ્યુટીનો સામનો કરી રહ્યા છે, જેમાં ચીન (35%), વિયેતનામ (20%), બાંગ્લાદેશ (20%), મલેશિયા (19%), ઈન્ડોનેશિયા (19%), ફિલિપાઈન્સ (19%), કંબોડિયા (19%) અને થાઈલેન્ડ (19%) સામેલ છે.

આ ભારતીય વસ્તુઓ પર અમેરિકામાં ટેરિફ ઘટ્યો

ચામડું અને ફૂટવેર, રત્નો અને આભૂષણો, ઘર સજાવટની વસ્તુઓ, રમકડાં, મશીનરી અને સ્પેરપાર્ટ્સ (વિમાનના સ્પેરપાર્ટ્સ સિવાય).

કૃષિ નિકાસ માટે ઝીરો ડ્યુટી એક્સેસ

અમેરિકા 1.36 બિલિયન યુએસ ડોલરની ભારતીય નિકાસ પર કોઈ વધારાની ડ્યુટી લાદશે નહીં. જે ઉત્પાદનોને ફાયદો થશે તેમાં મસાલા, ચા અને કોફી અને તેના અર્ક, કોપરા અને નાળિયેર તેલ, વનસ્પતિ મીણ, સોપારી, બ્રાઝિલ નટ્સ, કાજુ અને શાહબલુત જેવા મેવા, એવોકાડો, કેળા, જામફળ, કેરી, કીવી, પપૈયા, અનાનસ, શિટાકે અને મશરૂમ સહિતના ફળો અને શાકભાજી, જવ અને કેનેરી બીજ જેવા અનાજ, બેકરી ઉત્પાદનો, કોકો અને કોકોમાંથી બનેલી વસ્તુઓ, તલ અને ખસખસ, ફળોનો પલ્પ, જ્યુસ અને જામ જેવા પ્રોસેસ્ડ ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

પાછલાં કેટલાક વર્ષોમાં ભારતની આ દેશો સાથે વેપાર સમજૂતી થઈ

યુરોપિયન યુનિયનની સાથે સાથે ભારત સરકારે 2014 થી મોરેશિયસ, સંયુક્ત આરબ અમીરાત, બ્રિટન, ઓમાન અને ઓસ્ટ્રેલિયા સાથે વેપાર સોદા પર હસ્તાક્ષર કર્યા છે અને ન્યુઝીલેન્ડ સાથે વેપાર સમજૂતીની જાહેરાત કરી છે. 2025 માં ભારતે ઓમાન અને યુકે સાથે વેપાર સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

રોજગારીનું સર્જન કરશે. રોકાણ અને ટેકનોલોજી ભાગીદારી ગાઢ બનશે, સુગમ અને વિશ્વસનીય સપ્લાય ચેઈનને મજબૂતી મળશે અને વૈશ્વિક વિકાસમાં પણ યોગદાન આપશે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સંસદમાં જણાવ્યું હતું કે ભારત-અમેરિકા વચ્ચે થયેલી વેપાર સમજૂતીથી ભારતીય નિકાસકારોને, ખાસ કરીને શ્રમ પ્રધાન અને ઉત્પાદન ક્ષેત્રોને નોંધપાત્ર ફાયદો થશે. સમજૂતીમાં ખાદ્ય અને કૃષિ ક્ષેત્રમાં ભારતની મુખ્ય સંવેદનશીલતાનું ધ્યાન રાખવામાં આવ્યું છે. સાથે જ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો, સાહસિકો, કુશળ કામદારો અને ઉદ્યોગ માટે નવી તકો ખુલશે. ભારતના મેક ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ, ડિઝાઈન ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ અને ઈનોવેટ ઈન્ડિયા ફોર ધ વર્લ્ડના વિઝનને સાકાર કરવામાં મદદ મળશે. ભારતની ઊર્જા જરૂરિયાતોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ સરકારની સર્વોચ્ચ અગ્રતા છે. તેથી વૈકલ્પિક બજાર અને બદલાતા આંતરરાષ્ટ્રીય પરિદ્રશ્યોને અનુરૂપ ઊર્જા સ્ત્રોતોમાં વિવિધતા લાવવી જરૂરી છે. વાણિજ્ય મંત્રીએ સંસદમાં સ્પષ્ટ કર્યું હતું કે બંને પક્ષો વેપાર સમજૂતી સંબંધિત જરૂરી ટેકનિકલ પ્રક્રિયાઓ પૂર્ણ કરવા અને કાગળની કામગીરીને આખરી ઓપ આપવા માટે મળીને કામ કરશે. ■

Narendra Modi @narendramodi

यह हमारे लिए अत्यंत गर्व की बात है कि India AI Impact Summit के लिए दुनियाभर से लोग भारत आ रहे हैं। इससे हमारे देश के युवाओं के सामर्थ्य का भी पता चलता है। यह अवसर इस बात का भी प्रमाण है कि हमारा देश विज्ञान और टेक्नोलॉजी के क्षेत्र में तेजी से प्रगति कर रहा है और वैश्विक विकास में अहम योगदान दे रहा है।

दानं तपसि शौचं च विज्ञानं विनये नये।

विस्मयो न हि कर्तव्यो बहुरत्ना वसुन्धरा।।

Rajnath Singh @rajnathsingh

राष्ट्र की सुरक्षा का अर्थ, केवल उसकी भौगोलिक सीमाओं की रक्षा नहीं है। एक राष्ट्र की सांस्कृतिक अस्मिता की रक्षा, एक राष्ट्र की सभ्यतागत चेतना की सुरक्षा भी उतनी ही महत्वपूर्ण है। ऐसे में हमारे संत सदियों से भारत की सांस्कृतिक धारा के संरक्षक हैं।

Amit Shah @AmitShah

जो PM गरीब कल्याण अन्न योजना देश के गरीबों के कल्याण का माध्यम बनी है, वह टेक्नोलॉजी से संपन्न होकर और भी अधिक पारदर्शी बनने जा रही है। गांधीनगर (गुजरात) में सेंट्रल बैंक डिजिटल करेंसी (CBDC) आधारित सार्वजनिक वितरण व्यवस्था का शुभारंभ किया। इससे देश भर में PDS आधुनिक व सरल बनेगा और मोदी जी के 'मिनिमम गवर्नमेंट, मैक्सिमम गवर्नेंस' के संकल्प को जमीन पर उतारेगा।

साथ ही पोषण, अन्नपूर्ति मशीन व उपभोक्ता हित से जुड़ी अन्य 5 योजनाओं का लोकार्पण किया व 'गरिमा पोषण' कार्यक्रम की राशि वितरित की।

Nitin Gadkari @nitin_gadkari

खादी, हथकरघा और हस्तशिल्पों को बढ़ावा देने के लिए 'महात्मा गांधी ग्राम स्वराज योजना' की पहल का ऐतिहासिक निर्णय #ViksitBharatBudget में लिया गया है। इस योजना के जरिए खादी, हैंडलूम और हैंडीक्राफ्ट को ग्लोबल मार्केटिंग से जोड़ा जाएगा, बुनकरों को बेहतर ट्रेनिंग मिलेगी जिससे ग्रामीण अर्थव्यवस्था को मजबूती मिलेगी।

#UnionBudget2026

Sarbananda Sonowal @sarbana...

Gratitude to Hon'ble PM Shri @narendramodi ji for inspiring thousands of grassroots BJP karyakartas at the Booth Vijay Sankalp Sabha in Guwahati.

PM Modi ji gave the mantra of reaching every doorstep to take the message of development to all. Under his leadership, we are set for a rousing third term in Assam.

#PMModiinAssam

Gajendra Singh Shekhawat @gs...

किसान पहले, देश सर्वोपरि! 🌾🇮🇳

मोदी सरकार की स्पष्ट नीति — किसान हित से कोई समझौता नहीं।

भारत-अमेरिका ट्रेड डील में साफ संदेश: राग़ी, गेहूं, चावल, ज्वार, बाजरा, मक्का, कोदो, सांवा, कंगनी, ओट्स, अमरनाथ और नारियल जैसे भारतीय अनाज बाहर से नहीं आएंगे।

आत्मनिर्भर कृषि, स्वदेशी अन्न और अन्नदाता का सम्मान — यही है नए भारत की असली पहचान। 💪🌾

आज भारत में राजनीतिक स्थिरता, अर्थव्यवस्था भी बेहतर, इसीलिए ट्रेड डील्स में हम मजबूत स्थिति से बात कर रहे: मोदी

भास्कर न्यूज़ | नई दिल्ली

मोदी बोले- यह बजट 2026 नहीं, अगले 25 साल के लिए रफ्तार देता है...

संसद तीर्थ पहले दिन कई अहम फैसले

अब 6 करोड़ लखपति दीदी बनेंगी, घायलों को मिलेगा 1.5 लाख का कैशलेस इलाज

10,000

दुनिया की ग्रोथ का नया इंजन बनेगा भारत: मोदी

नई वैश्विक व्यवस्था को नेतृत्व और आकार दे रहा भारत: PM

इससे भारतीय रेलवे का माल्टीमोडल नेटवर्क लगभग 389 किलोमीटर बढ़ेगा

कैबिनेट ने दिल्ली, हरियाणा, महाराष्ट्र और कर्नाटक के 12 जिलों में अतिरिक्त पटरियां बिछाने की तीन परियोजनाओं को मंजूरी दी

परियोजना की कुल अनुमानित लागत लगभग 18,500 करोड़ रुपये है और ये कार्य 2030-31 तक पूरी होंगे

PM का विमान पूर्वोत्तर के पहले इमरजेंसी लैंडिंग स्थल पर उतरा

प्रधानमंत्री मोदी ने मोरान के ईएलएफ का किया उद्घाटन

5,500 करोड़ की परियोजनाओं का उद्घाटन

फंड ऑफ फंड्स-2.0

स्टार्टअप को पूंजी सहायता के लिए 10,000 करोड़ का कोष

स्टार्टअप, शहरी विकास व रेलवे से जुड़ीं 1.60 लाख करोड़ की परियोजनाओं पर केंद्रीय कैबिनेट की मुहर

डीप टेक, प्रौद्योगिकी आधारित विनिर्माण और शुरुआती चरण के स्टार्टअप को मिलेगी मदद, नए रोजगार पैदा होंगे

एक लाख करोड़ के कोष से शहरों का कायाकल्प

दिल्ली-अंबाला के बीच तीसरी व चौथी रेल लाइन बनेगी

आज से 5 दिन तक दुनिया की 'इवाई कैपिटल' बनेगी दिल्ली

सबसे बड़ी एआई समिट: 100+ सीईओ, 20+ राष्ट्राध्यक्ष और 135+ देशों के डेलीगेट्स जुटेंगे

વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ 15 માર્ચ

સુરક્ષિત ઉત્પાદન આશ્વસ્ત ગ્રાહક

વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ 2026 ની થીમ - સુરક્ષિત ઉત્પાદન, આશ્વસ્ત ગ્રાહક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઘણા સમય પહેલાથી મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સાથે જોડાયેલા લોકોને ભારતીય ઉત્પાદનોને ભરોસાપાત્ર બનાવવાની વાત કહી રહ્યા છે. સાથે જ, કેન્દ્ર સરકાર ગ્રાહક સુરક્ષાને પ્રાથમિકતા આપવા અને ભ્રામક જાહેરાતો પર સખતાઈ સહિત ગ્રાહકોના અધિકારોની સુરક્ષા માટે ચલાવી રહી છે ઘણા ડિજિટલ પ્લેટફોર્મ ...

- ગ્રાહક અધિકાર સંરક્ષણ માળખાને આધુનિક બનાવવા માટે જૂના કાયદાને રદ કરી ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, 2019 લાગુ.
- 1 જાન્યુઆરી, 2025 થી https://e-jagriti.gov.in/ પોર્ટલ લોન્ચ. આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ફેસલેસ ઓનબોર્ડિંગ જેવી સુવિધાથી ગ્રાહક ફરિયાદ નિવારણને વધુ યોગ્ય બનાવે છે.
- મુકદમેબાજી પૂર્વે ફરિયાદ નિવારણ માટે ટોલ ફ્રી નંબર 1915 પર ફરિયાદ કરો. ફરિયાદ નિવારણની સમય મર્યાદા 45 દિવસ. છેલ્લા ત્રણ વર્ષથી સરેરાશ માસિક 1 લાખથી વધુ ફરિયાદો અહીં આવે છે.

"વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ પર ગ્રાહકોને અભિનંદન, જેમની ખરીદ શક્તિ પર આપણી અર્થવ્યવસ્થાની ઉન્નતિ નિર્ભર છે. ભારત સરકાર ન માત્ર ગ્રાહક સંરક્ષણ, પરંતુ ગ્રાહકોની સમૃદ્ધિ પર પણ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહી છે." - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

ન્યૂ ઈન્ડિયા
સમાચાર
પાક્ષિક

આર.એન.આઈ. DELHIN/2020/78812, 1-15 માર્ચ, 2026

આરએનઆઈ DELHIN/2020/78812 (પ્રકાશન તારીખ- 19 ફેબ્રુઆરી 2026, કુલ પૃષ્ઠ-60)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 થી પ્રકાશિત